


જાલ-સૌંદર્ય
ફોટો·ઈ.એસ. મહાલિંગમ્

સંસ્થાપક·રવિશંકર રાવળ·તંત્રી બચુભાઈ રાવત

વર્ષ ૪૦મું અં. ૨

આવતી કાલનાં નાગરિકો માટેનું ગુજરાતી કુટુંબોનું એકમાત્ર માસિક

ફેબ્રુઆરી ૧૯૬૩

કુમાર

૪૭૦



નવવસંત

કલાકાર · યજ્ઞેશ્વર શુક્લ

કુમાર

ફેબ્રુઆરી ૧૯૬૩ · અંક ૪૭૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

ટીપું

· હરિણી ·

અરવ રજની; અંધારામાં ભળ્યો ભર ઊંઘમાં;
સહજ અડકી પીછું કાને જગાડી ગયું મને :
ઝમતી ચકલી એકે એકે ભર્યા જલપાત્રમાં
ટપકી ટપકી ટીપું બોલે કશા લયતાલમાં!

બહુ બહુ ઊગ્યા તારા તેમાં જરી લઘુ ઝૂમખું
રમતું રમતું ગાવા લાગ્યું? નવાં હજી ખીલતાં
કુસુમ મધુરાં રંગે મ્હોર્યાં મચ્યાં કલશોરમાં!

નહિ નહિ નહીં; આઘે ચાલી ઘણું મુજથી ગયું
પ્રથમ શિશુનાં પાછાં જાણે ફરી પગલાં સુણું.

પ્રિયકાન્ત મણિયાર

સ્વપ્ન

· વસંત–મૃદંગ ·

ઝણકી રહે ચરણઝાંઝર સ્વપ્નકેરી
સૂની હવેલી મહિં. સાંજનું આભ ધૂસર,
આછું સુવર્ણ ક્ષિતિજે. રણકી પડે ત્યહીં
એકાંત, ને ફરફરે હળવેકથી હવા.
એ કોણ?

ત્યાં ઝડપથી પગલાં વહી જતાં.
ઝીણાં હજાર સ્મિતથી મલકંત ઓરડો.
તો યે લહાય નવ કોઇ. બધે ભમી ભમી
રે, મ્હાવરી વિકળ દૃષ્ટિ ફરંત પાછી.
ત્યાં– કો’ક સ્તંભતણી પાછળથી જરાક
લ્હેરાય પાલવ. અરે, પ્રિય! તું જ, તું જ.

પાસે જતાં, નયન કમ્પિત ફેરવી લઇ
વેગે વહે. કરથકી સરકંત રેશમ.
ને ઝાંઝરી બજત દાદરને વળાંકે.
ઊંચે ચડી. નયન મીંચી ખડી ઝરૂખે.
(તારું અતીવ પ્રિય સ્થાન) અને હળુથી
આવી રહું નિકટ. સ્તબ્ધ બનેલ શ્વાસ.

ત્યાં પાસના તરુતમાલ થકી જરાક
ડોકાય ચંદ્ર. તવ હોઠ પરે પડેલ
આછુંક રશ્મિ. મુજ ઓષ્ઠની અંજલિમાં
લેવા હું જાઉં, ત્યહિં થાય વિલીન તું તો.

–ને ચંદ્ર બ્હાર નીકળે–

નહિં. તું બધે ય
થૈ ચાંદની ચહુદિશાથકી ઘેરતી મને.
ને સ્વપ્નને ભવન ઝાંઝર ગુંજતાં રહે.

દિલીપ ઝવેરી

તીર શું જાણે?

· મુક્તક ·

જે નિજને કોતરી સાકાર કરતું આપના રૂપને
એ હૈયાની વ્યથાને આપની તસ્વીર શું જાણે?
વીંધે છે લક્ષ્ય, પણ એને ગતિ દે, તંગખુદ થૈ, એ
પણછ ને ચાપ પર શુંશું વીતે એ તીર શું જાણે?

‘ચાતક’

પ્રણય

· શિખરિણી ·

પ્રિયે! મારો તારા પ્રતિ પ્રણય ના એવી રીતનો–
તને જોતાં મારી રગરગ ઊઠે અગ્નિ પ્રજળી,
ખમાતી ના એક્કે ક્ષણ પણ પછી જ્યાં વિરહની,
તવાશ્લેષે થાશે મરણ — પરમાનંદની ઘડી!

પ્રિયે! મારો તારા પ્રતિ પ્રણય ના એવી રીતનો–
નિહાળી આકાશે નમણી ઝૂકી કો વાદળી મૂક,
(નહીં, ઝીલે કંઠે અમી તદપિ ના ધૈર્ય) વ્યથિત
પુકારોથી–આર્દ્ર સ્વરથી–કરતો ક્ષુબ્ધ જગત!

પ્રિયે! મારો તારા પ્રતિ પ્રણય અંભોધિ સરખો,
અષાઢે હું તારાં ઊછળી ઘૂમરી આવત જળ
તણા આવેગોને ગભીર ઉર ઝીલંત પ્રબળ,
વિલોપું ના માઝા તદપિ તટની સ્વસ્થ અચળ;
ધીમી આછી લ્હેરે પણ રૂપ ધરી ઊર્મિ મૃદુલ,
તને હું ચૂમી લૈં–જયમ અનિલ કો નાજુક ફૂલ!

જશવંત લ. દેસાઇ

બંધ બારણાં

· મિશ્ર ·

ને બારણાં બંધ કરી બરાબર
ઓઢી લઇ કાંબળ ને બનૂસ હું
પડ્યો હતો આંખ બીડી.

વહ્યો ઘણો
કૈં કેટલો કાળ હશે, અચાનક
હવા થકી ઊતરતી ઝીણીઝીણી
અનુભૂતિ ભીતરમાં, પ્રવેશતા
તડો થકી કૈં ટુકડા અધૂરા
વિચ્છિન્ન, કોઇ ગીતના ધીમેકથી.

આઘાં કરું ઓઢણ, તીવ્ર જાગતી
ઇપ્સા કશી કેવલ એક ગીતની.
ફરી ફરી આકુલ થૈ ઉઘાડવા
મથું.
ખૂલે નહીં બંધ કરેલ બારણાં.

લાભશંકર ઠાકર

મોંઘી ઘડી છે

· ગઝલ ·

જીવન આમ જોકે ઘડી બે ઘડી છે,
વિરહમાં ઘડી પણ યુગો જેવડી છે.

નથી એવું કે આ ક્ષિતિજ સાંકડી છે,
નજરની જ સીમા નજરને નડી છે!

તુફાનોમાં કિશ્તી જો આભે અડી છે,
જગત સમજ્યું કે એ ખરાબે ચડી છે!

નથી મૌન મુજ, માત્ર મજબૂરી મનની,
સહનશક્તિથી સિદ્ધિ આ સાંપડી છે.

તમન્ના તો છે આભ આંબી જવા, પણ
પગે વાસ્તવિકતાની બેડી પડી છે!

ગઈ કાલનું મૂલ્ય ઓછું ન આંકો–
કદી ભાવિને ત્યાંથી કેડી જડી છે.

અમે ભસ્મ ભૂલોની આંજી છે ત્યારે
હવે દૂરદર્શી નજર સાંપડી છે!

નથી જોઇતું એને પાથેય કાંઇ
કે શ્રદ્ધા જ ખુદ આજ પંથે પડી છે!

ન રોશો–નથી આવતી વારવારે
કે ‘ચાતક’ મરણની તો મોંઘી ઘડી છે!

‘ચાતક’

પગેરું

· પરંપરિત હરિગીત ·

એક આછેરું પગેરું.
લ્હેરનાં પાણી થકી ભીની થએલી વેકુરે.
ને એ પછી પગલાં તણો
વરતાય ના અણસાર : (જાણે)
એક જૂના દિવસની નમતી સવારે
ગામના સરવરતટે,
હનુમાનની દેરીતણા ઢળતા ચણેલા
ઓટલાની કોર પર
રાખી ચમકતું બેડલું
થાકેલ તારી ડોકને
તેં જે ત્વરાથી ફેરવી—
નીરખ્યું હતું
તે આંખનું આછું દરશ.

શ્રીકાન્ત શાહ

ત્યારે

· વસંત ·

ત્યારે હતી પ્રિય તું મૂક, છવાયલા આ
રેતી ઢગો સરખી! હાથમહીં ગ્રહીને
સાબુકિનાર વળ કૈંક ચઢાવતી, ત્યાં
લજ્જા નરી નીતરતી તવ પાંપણેથી!
ને વ્હેણ સાબરતણાં ઊછળી વહંત,
જે મુગ્ધ હું નીરખતો તવ પાસ ઊભો;
હૈયા મહીં હળવું ગાન રહીરહીને
એના અવાજ સહ મેળવતો જતો’તો!
ત્યાં અભ્રની તરતી છાંય સરંત વેગે
શી ગોળગોળ ફરતી નીલવારિ સંગે
ભીનાશ આ લહરની શ્વસતી, અજાણ્યા
દેશે જતી ઉભયની ઉરઊર્મિ ઓશી!
થોડીક વાર...
બોલ્યાં ન શબ્દ, ધરીને પછી હાથહાથે
ચાલ્યાં પ્રિયે... ગગન લૈ નિજ શ્વાસ સાથે!

યોસેફ મૅકવાન

સ્વામી વિવેકાનંદ

વેદાંતનાં રહસ્યોને જીવનમાં વ્યવહારુરીતે લાગુ પાડનાર અને તેને પ્રચંડ નૈતિક બળથી યુરોપ-અમેરિકા સુધી બુલંદ અવાજે પહોંચાડનાર રાષ્ટ્રીય ઉત્થાનના મહાન પુરસ્કર્તા

લેખક · નાનુભાઈ દવે

આખરે એ દિવસ પણ આવી પહોંચ્યો જ્યારે એમને લઇને સ્ટીમરે ઈ. ૧૮૯૩ની ૩૧મી મેએ મુંબાઈના બારા પરથી લંગર ઉપાડયું. શિકાગો પહોચતાં પહેલાં એમણે સિલોન, પેનાંગ, સિંગાપોર, હોંગકાંગ, કેંતાન, નાગાસાકી, ઓસાકા, યોકોહામા, ક્યોતો, તોકિયો વગેરેની મુલાકાત લીધી. પોતાની સાહજિક સમબુદ્ધિથી એ સર્વ સ્થળે સૌના બની રહેતા. ચીનમાં પોતાને મારવા ઊઠેલા ચીની બુદ્ધોને તેમણે પોતાના પ્રશંસકો બનાવી દીધેલા.

જુલાઈ અધવચ્ચે જ્યારે તે અમેરિકાની ધરતી પર ઊતર્યા ત્યારે તેમનું સ્વાગત કરવા માટે માત્ર એટલા સમાચાર જ હતા કે જે કાર્ય માટે તેમણે આટલો લાંબો પ્રવાસ ખેડયો હતો તે પરિષદ હજુ તો સપ્ટેમ્બરમાં મળવાની હતી! વધારામાં ઠીકઠીક કડવા અનુભવો પણ થયા. ખિસ્સામાં માત્ર જૂજ જ ડોલરો રહ્યા હતા ને એટલામાં પરિષદ મળે ત્યાં લગીનો લાંબો ગાળો કાઢવાનો હતો. વળી ધર્મપરિષદ મળવાની હતી એ વાત સિવાય એમની પાસે કશી માહિતી ન હતી.



અમેરિકામાં

એમના શિષ્યો ને પ્રશંસકોએ પરિષદ મળવાની તારીખ, પ્રવેશ મેળવવા માટેની વિધિ કે અન્ય કોઈ વિગતો વિષે લક્ષ જ નહિ આપેલું. તેમનો પરિચય આપતું કોઈ ઓળખપત્ર સુદ્ધાં તેમની પાસે ન હતું.

પણ શ્રદ્ધા ગુમાવવી એમના લોહીમાં ન હતું. કશો ય ખચકાટ અનુભવ્યા સિવાય તેઓ સીધા જ બૉસ્ટન જતી ટ્રેનમાં બેસી ગયા. અને નસીબજોગે ટ્રેનમાં એમને ભારતીય તત્ત્વજ્ઞાનમાં રસ ધરાવનાર એક મહિલાનો પરિચય થયો. એને લીધે તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક જે. એચ. રાઇટને મળી શક્યા, જે સ્નિગ્ધ પ્રશંસકે ધર્મપરિષદ આડેનાં દ્વાર તેમના માટે ખુલ્લાં કરી આપ્યાં.

પણ હજુ એમની કસોટી બાકી હતી. શિકાગો ઊતરતાં જ જણાયું કે પરિષદની સમિતિનું સરનામું પોતે ગુમ કરી નાખ્યું છે! સ્વસ્થતા ગુમાવ્યા વિના એમણે આખી રાત રેલવે સ્ટેશનના યાર્ડમાં પડેલી એક ખાલી પેટીમાં ગાળી કાઢી! બીજા દિવસનું પ્રભાત જાણે 'તાજગીભર્યા ઝરણના મીઠા પાણી' જેવું નીવડયું. ફરતાફરતા તેઓ બૉસ્ટનના કોટયાધિપતિઓના લત્તામાં જ આવી ચડયા હતા. ભૂખ પણ સખત લાગી હતી. જરા પણ ખચકાયા વિના તેમણે એક સાચા સંન્યાસીની પેઠે ઘેરઘેર જઈ ભિક્ષા માગવી શરૂ કરી. ભિક્ષા માગતા ને ધર્મપરિષદનું સરનામું પૂછતા એ ઘરેઘર ફર્યા. ધૂળથી રગદોળાએલો ને પ્રવાસમાં કરચલી પડેલો એમનો લેબાસ જોઈ કેટલાંક ઘરનાં દ્વાર એમની સામે દેવાઈ ગયાં. ક્યાંક તુચ્છકારે ય સહેવો પડયો. શેરીઓમાં મળેલી અશિષ્ટતાએ અને રંગભેદી વલણે એમને થોડા હતાશ પણ કર્યા. પરંતુ તેમણે શ્રદ્ધા ન છોડી. થાકેલા, કંટાળેલા એમને રસ્તા પર પડી રહેવું પડયું. હૃદયમાં ઘોર નિરાશા વ્યાપી હતી. ત્યાં જ કોઈ અવાજ એમને કાને અથડાયાનો ભાસ થયો: 'સાહેબ, આપ ધર્મપરિષદના પ્રતિનિધિ છો?' સામેના જ ઘરના દરવાજામાં ઊભીઊભી એક ભદ્ર મહિલા એમને પૂછતી હતી એ હતાં શ્રીમતી જી. ડબ્લ્યુ હેઈલ (પાછળથી જેમનાં બધાં કુટુંબીજનો સ્વામીજીનાં પરમ શિષ્યો બની ગએલાં). સ્વામીજીને એમણે નાસ્તો કરાવ્યો ને પરિષદની સમિતિની કચેરીએ લઇ ગયા. આમ, જેમ મુસીબતો આવી તેમ રાહત પણ આવી. એકની નજર, બીજાનો પત્ર, ત્રીજાની સહાય, ચોથાની ભક્તિ એમ પ્રાપ્તિ કરતાં કરતાં એ પરિષદના પ્રતિનિધિ બન્યા. અને ઈ. ૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મીનો એ દિવસ પણ ઊગ્યો, જ્યારે ગઈ કાલનો અજ્ઞાત પરિવ્રાજક વિશ્વવિખ્યાત મહાપુરુષ બની ગયો!

શાન્ત પ્રાર્થનારત ચિત્તે પરિષદ-ખંડમાં બેઠાબેઠાં એમણે પોતાના પુરાવક્તાઓને સાંભળ્યા કર્યા. એમને બોલવા માટે અનેક વાર સૂચવાયું, પણ ઊંડા ચિંતનમાં બેઠેલા સ્વામીજી એ ઠેલતા જ ગયા. આખરે સંધ્યાકાળ થયો ત્યારે સરસ્વતીનું આવાહન કરી એ મંચ પર ગયા અને પહેલો શબ્દોચ્ચાર કર્યો: 'અમેરિકાવાસી બહેનો અને ભાઇઓ!' અને શ્રોતાઓથી ભર્યોભર્યો એ ખંડ હર્ષથી ગાજી ઊઠયો. સૌ ઊભા થઈ ગયા અને તાળીઓના પ્રચંડ અવાજ કરી, માત્ર ત્રીસ જ વર્ષના આ અજ્ઞાત પરિવ્રાજકને આત્મીય ગણી વધાવી લીધા. આમ લાગટ બે મિનિટ લગી શ્રોતાજનોએ તેમના વક્તવ્યને રોકયું; ને પછી તો જાણે દિવ્ય વાણીનો પ્રવાહ વહેવા લાગ્યો. રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓએ પણ એમનામાં એક 'મહાન વ્યક્તિનાં દર્શન' કબૂલ્યાં.

એ પછી તો એમણે બીજા પંદર દિવસમાં સાતઆઠ વ્યાખ્યાનો આપ્યાં. પહેલી વાર ક્ષોભથી એ મોડા બોલવા ઊઠેલા, પણ હવે તો પરિષદના કાર્યકરો જ એમને છેલ્લે બોલવાનું વીનવતા, જેથી શ્રોતા-વર્ગ ઠેઠ સુધી ખસે નહિ. વાણીમાં કોણે બળ પૂર્યું, કોણે જાદુ કર્યો, ક્યાંથી જ્ઞાનનાં ઝરણ ફૂટી નીકળ્યાં; આટલો પ્રભાવ કેમ પડચો?!

હવે એમની પાસે કવિઓ, લેખકો, પ્રોફેસરો, માનસશ સ્ત્રીઓ અભિનેત્રીઓ, ગાયિકાઓ, એમ નાનાવિધ જિજ્ઞાસુઓ ભેગાં થવા લાગ્યાં, એટલે વ્યાખ્યાનોનો પ્રવાસ રદ કરી એમણે વર્ગો લેવા માંડચા. ભગિની જોસેફાઇન મૅકલાઉડ તો ત્રીસ માઇલ દૂરથી વર્ગમાં આવતી. ભગિની ક્રિસ્ટીન વળી સર્વસ્વનું સમર્પણ કરવા આવી. હાર્વર્ડ યુનિ-વર્સિટીના પ્રો. વિલિયમ જેમ્સ એમને ત્યાં લઇ ગયા; અને ત્યાં જે વ્યાખ્યાનો થયાં એમાંથી 'રાજયોગ'નો વિખ્યાત ગ્રંથ બન્યો. એ વિદ્યાપીઠે તો એમને ત્યાં જ પ્રાધ્યાપક બની રહેવા વિનતિ કરી (એ જ રીતે કોલંબિયા વિદ્યાપીઠે પણ નિમંત્રેલા), પણ એ એમણે જતું કર્યું. એમનો જીવ તો પ્રવાસીનો—પરિવ્રાજકનો હતો. નિશ્ચિત ક્ષેત્ર કે કાર્યનું બંધન એમને લેવું નહોતું. એ ક્ષેત્ર તો પડચું હતું ભારતવર્ષમાં જ્યાં જવા એમનો જીવ તલપતો હતો.

યશ મળ્યો હતો, પ્રશંસકો વધ્યે જતા હતા, પૈસા પણ મળતા હતા. કોઈ પણ યુવાનનું માથુ ફેરવી નાખવા આટલું બસ હતું. પરંતુ આ જુવાનને તો અજંપો થયો. એને દેશનાં કરોડો દેશબાંધવોના દુઃખ સાંભર્યાં. રાત્રે ઓરડીનાં બારણાં વાસી એ હૈયાની વેદના ઠાલ-વતા: 'મા જગદંબા! મારે આ યશને શું કરવો છે?' એમ કહી એ ભોંય પર આળોટતા. મનની તીવ્ર લાગણી શરીરમાં અપાર વેદના ઉપ-જાવતી. ધ્યેયને જ વરેલા માણસોને બીજું બધું તુચ્છ બની રહે છે.

દેશમાં એમણે 'બ્રહ્મવાદિન્' નામનું સામયિક શરૂ કરાવ્યું ને આ વ્યાખ્યાનોમાંથી જે ધન મળ્યું તે ત્યાં પહોંચાડચું. વર્ગો લેવા એ જુદે જુદે સ્થળે રહ્યા. સાં લૉરાં (સેન્ટ લૉરેન્સ) નદીમાં આવેલું 'થાઉઝન્ડ આઈલૅન્ડ પાર્ક' નામનું સ્થળ તો જાણે બીજું 'દક્ષિણેશ્વર' થઈ ગયું. ત્યાંથી જગતને દેવવાણી (Inspired Talks) મળી. અનેક ભક્તો પણ થયા. એમાંથી એમણે ત્રણ જણને સંન્યાસની ને અન્ય પાંચને બ્રહ્મચર્યની દીક્ષા આપી. આમ પરદેશી શિક્ષિત સમાજમાંથી એમણે અભયાનંદ (હેરલીઍા લૅન્ડ્ઝ બર્ગ), કૃપાનંદ, યોગાનંદ, ભગિની હરિ-દાસી (મિસ એસ.ઈ. વાલ્ડો) વગેરે મેળવ્યાં. ઇ. ૧૮૯૫માં ન્યૂ યૉર્કમાં વેદાંતનું પહેલું કેન્દ્ર સ્થપાયું. મિ. લેગેટ એના પ્રમુખ બન્યા.

જ્યારે એમની વાણી અનેકને જીવનપલટા કરાવી રહી હતી ત્યારે આ ભક્તમંડળને એની પ્રમાણભૂત નોંધો તૈયાર કરાવવાનો વિચાર સૂઝચો. વર્તમાનપત્રોમાં પ્રશંસા ઘણી થતી, પણ કેટલી યે વાર અર્થના અનર્થ થઈ જતા, અને ભળતી વાતો ઉમેરાઈ નાટકી વર્ણનો છપાતાં. એથી લઘુલિપિના સિદ્ધહસ્ત જે. જે. ગુડવિનને ભારે પગારે રોકી લીધા. ગુડવિન મહેનતુ હોવાથી વ્યાખ્યાન પૂરું થાય કે તરત જ એની નકલો ટાઈપ કરી કાઢતા. એથી આજનું ભાષણ બીજે જ દિવસે છાપાઓમાં વાંચી જવાનો અને સંઘરવાનો લાભ ઘણા જણને મળવા લાગ્યો. ગુડવિન પોતે પણ વ્યાખ્યાનની નોંધ લેતી વેળા ચકિત થઈ જતા; ને પંદર દિવસમાં તો એમના મન ઉપર એટલી અસર થઈ કે વેતન લેવાનું માંડી વાળ્યું! 'આવો પુરુષ જ્યારે આખું જીવન આપી રહ્યો છે તો હું શું આટલું ન કરી શકું?' એમ કહી ગુડવિને વિવેકાનંદ સાથે પોતાનું જીવન જોડી દીધું. એમના જ પ્રયત્નથી સ્વામીજીનાં લગભગ બધાં વ્યાખ્યાનો સચવાઇને આપણી પાસે આવ્યાં છે, ને હમણાં જ બોલાયાં હોય એવાં તાજાં રહ્યાં છે. (પાછળથી ૧૮૯૮ના જૂનમાં એમનું ભારતમાં અવસાન થયું ત્યારે સ્વામીજીએ કહ્યું: 'મારો જમણો હાથ ખેટકાયો. આજથી મારું જાહેરમાં બોલવાનું પૂરું થયું!')



એથી યે ચડિયાતું પાત્ર સ્વામીજીને બ્રિટનમાં મળ્યું. ૧૮૯૫માં એ સામા નિમંત્રણે અમેરિકાથી પારી(સ) ગયા ને ત્યાંથી લંડન ગયા. ત્યાં થોડા જ વખતમાં આ 'હિંદુ યોગી'ની ખ્યાતિ ફેલાઈ ગઈ. મુલા-કાતો, વર્ગો, વ્યાખ્યાનો ને પ્રશ્નોત્તરીઓ થવા લાગ્યાં. એવામાં એક શાળાનાં પ્રિન્સિપલ મિસ માર્ગરેટ નોબલ એમને મળ્યાં. એમને સ્વામીજીના કામકાજમાં રસ પડચો; એટલે સભાઓ ગોઠવવી, વર્ત-માનપત્રોમાં લખાણ મોકલવાં, મુલાકાતો યોજવી વગેરે કામ એમણે હાથમાં લીધું. જેમ કામ કરતાં ગયાં એમ એમના દિલ ઉપર વેદાંતનો રંગ ચડતો ગયો. ને છેવટે બધું છોડી સ્વામીજી સંગાથે રહેવા ભારત પણ આવી પહોંચ્યાં. અહીં એમને દીક્ષા આપી ને 'નિવેદિતા'નું નામ આપ્યું. જતે દિવસે એમને સંન્યાસની દીક્ષા મળી. એ ભગિની નિવે-દિતાએ સ્વામીજીના કાર્યનું હાર્દ બરોબર સમજી લીધું ને સ્વામીજીએ પણ એમની પાસેથી પુષ્કળ કામ લીધું. કલકત્તામાં પ્લેગ ચાલ્યો ત્યારે કલકત્તાની શેરીઓમાં ઝાડુ લઈ એમણે ભંગીકામ સુદ્ધાં કર્યું. ત્યાં કન્યાશાળા ચલાવી પરદામાં રહેતી બંગાળી કન્યાઓને કેળવણી આપી. એમણે જ કલકત્તાની કળાશાળાના આચાર્ય હૅવેલ સાહેબને હિંદી ભાવનાઓથી પુલકિત કર્યા ને એમની જ અસર તળે અવનીન્દ્રનાથ વગેરે કલાકારોએ ભારતીય કળાની પરંપરા સજીવન કરી. એમણે જ અરવિંદ ઘોષની મુલાકાત લઈ રાષ્ટ્રીય આંદોલનમાં ખેંચ્યાં ને 'વંદે-માતરમ્'ના ક્રાંતિકારી પત્રનો કાર્યભાર ઉપડાવ્યો. સ્વામીજીની કેટલી યે પ્રવૃત્તિઓમાં એમણે પ્રાણ પૂર્યો ને એમની ભાવનાઓને મૂર્ત કરી.

એક વાર સ્વામીજી એમને કહે: 'કાલિઘાટના ધર્મચુસ્ત મંદિરમાં તારી સભા રાખી છે. સૌને કહી દીધું છે કે કોઈ તારાથી ઊંચે આસને બેસે નહિ. ખુલ્લે પગે ને ખુલ્લે માથે ધૂળમાં બેસી ભક્તિથી તને સાંભ-

જશે. તું જા, ને કાલિનો મહિમા એમને સંભળાવજે; કેમકે તારામાં હું "મા"ને નિહાળું છું!' આમ કહી સ્વામીજી એમને નમ્યા!

પરદેશની યાત્રાએથી ઈ. ૧૮૯૭ના જાન્યુ.-ફેબ્રુઆરીમાં સ્વામી વિવેકાનંદ પાછા ફર્યા તે પહેલાં એમની વિજયકથા દેશમાં પહોંચી ગઈ હતી. એક પરાધીન પ્રજા તરીકે જેણે વર્ષો સુધી નાનમ અનુભવેલી તેને સ્વામીજીની કીર્તિમાં પોતાની કીર્તિ જણાઈ. આખા દેશને ગૌરવ મળ્યું. એમના આગમનને લોકોએ ઉત્સવ ગણ્યો. ઠેરઠેર ધજાપતાકાઓ બંધાઇ ને કમાનો ઊભી થઈ. એમના સ્વાગત માટે લોકો છેક લંકા સુધી સામા ગયા. ટ્રેનના પાટા ઉપર સૂઈ જઇને લોકોએ એમની ટ્રેનો થોભાવી ને એમનાં દર્શન કર્યાં. એમનાં સરઘસોમાં વિદ્વાનો, શ્રીમંતો અને ગરીબો સહુ ભળ્યા. એમની ગાડી ખેંચવામાં રાજાઓએ માન સમજ્યું. રામનદના રાજાએ હજારો લોકોને અન્નવસ્ત્ર વહેંચ્યાં અને એક વિજયસ્તંભ ઊભો કરાવ્યો, જેના ઉપર લખાવ્યું: 'સત્યમેવ જયતે'-ને બરાબર પચાસમે વર્ષે ભારતને સ્વાતંત્ર્ય મળ્યા પછી એ તેનું રાજ્યસૂત્ર બની રહ્યું. એ પરદેશ ગયા ત્યારે જૂજ માણસો એમને જાણતા હતા; એ પાછા ફર્યા ત્યારે આખા દેશના એ પૂજ્ય બની રહ્યા. હવે એમની સમક્ષ કામના ઢગલા થયા હતા, એમને અધિકાર મળ્યો હતો, સંન્યાસ લીધેલા સ્વામીજી હવે લોકહૈયાના સ્વામી બન્યા હતા.


અને એમણે આદેશ આપ્યો. મુક્તિ એ દરેક હિન્દુની મહેચ્છા. આ જન્મે મનુષ્યનો દેહ છે તો એને સાર્થક કરી લેવો એ જીવનનો મહાહેતુ. એમાં ચૂક થઈ તો વળી અનેક જન્મો લેવા પડે એવી માન્યતા સહુ હિંદુઓ રાખે. પણ સ્વામીજીએ કહ્યું: 'જે પોતાની જ મુક્તિ માગે એ સ્વાર્થી. એ કામ માટે ભલે બીજો જન્મ લેવો પડે. હમણાં તો ભૂખ્યાંને અન્ન, રોગીઓની સેવા, અભણોને શિક્ષણ, ગરીબો તરફ સહાનુભૂતિ, એવાં કામ લઈ બેસી જાઓ. બહુજન સુખાય-પરમાર્થી જીવન જીવો. કુદરતી સંકટો આવી પડે ત્યાં લોકોને રાહત પહોંચાડો. દીન, દુઃખી, પછાત, પીડિત, કંગાલ, રોગી, પાપી, એ બધાંમાં ઈશ્વર જ રહેલો છે. એમની સારસંભાળ તે ઈશ્વરની જ પૂજા છે.' અને આ સંદેશો ફેલાવતી વેળા એમણે પોતાની જાતને પહેલી આગળ ધરી. એમણે કહ્યું: 'મારે હજાર જન્મ લેવા પડે કે નરકયાતના વેઠવી પડે તો તે મને કબૂલ છે. મને મારી મુક્તિની જરા ય ફિકર નથી. મારે તો મારા દેશબાંધવોની મદદમાં રહેવું છે, એમનાં આંસુ લૂછવાં છે, એમનું સ્વમાન પાછું લાવવું છે, એમનો આત્મવિશ્વાસ જગાડવો છે, એમને મર્દ બનાવવા છે.'

લંકામાં એમનું પહેલું સ્વાગત થયું ત્યારે એમણે આનંદ કર્યો કે એક સંન્યાસીનું અને એના દ્વારા વેદાંતનું સમ્માન થયું છે. રામેશ્વરના મંદિરમાં દર્શન કરીને કહ્યું કે દીનદુઃખી ને સ્ત્રીઓમાં રહેલા શિવને ઓળખો. મદ્રાસ પહોંચીને એમણે પોતાનો કાર્યક્રમ જાહેર કર્યો: ધર્મને કેન્દ્રમાં રાખીને સામાજિક કે રાજકીય સુધારા કરવા જોઈએ, ભારતની બહાર જઈને આર્ય ધર્મવિદ્યાનો પ્રચાર કરી શકે એવા ઉપદેશકો જોઈએ, ને એમને કેળવવા સંસ્થાઓ જોઈએ. એમણે નિષ્ઠાવાન નવલોહિયા યુવાનો મેળવવા માટે હાકલ કરી. મર્દ બનાવે એવો ધર્મ, એવા સિદ્ધાંત, ને એવી કેળવણી પામવા જણાવ્યું ગુપ્તવિદ્યાઓથી નિર્બળતા આવશે એવી ચેતવણી આપી. એમણે આપણા પતનનું કારણ શોધી કાઢ્યું: 'ભારતને પોતાનામાં શ્રદ્ધા નથી. એણે આત્મવિશ્વાસ કેળવવો જોઈશે.'


મદ્રાસમાં એક કેન્દ્ર નાખવાની વિનતિ આવી. લોકમાન્ય ટિળકે એમને પૂના આવવા નિમંત્રણ મોકલ્યું. કલકત્તા તો જવાનું જ હતું. ત્યાં ગુરુભાઈઓ એમની રાહ જોઈ રહ્યા હતા. હવે પછીનું કાર્ય નક્કી કરવાનું હતું. મદ્રાસથી એમણે ફરી સ્ટીમર પકડી ને કલકત્તા ઊપડયા. સાત વર્ષે એ બંગાળની ભૂમિમાં પાછા ફરતા હતા. ને ત્યાં સુધીમાં તો ગંગાજીમાં ઘણું જળ વહી ગયું હતું.

હવે કીર્તિ એમને વરી હતી, શ્રી એમનાં ચરણ ચૂમતી હતી, લોકશ્રદ્ધાનો એમના પર અભિષેક થતો હતો. એમના નવા વિચાર ઝીલવા લોકો ખડે પગે હતા. ઝડપથી એમણે કામ કરવા માંડયું. આલમબજારના મઠમાં પોતાના ગુરુભાઇઓ સાથે મુકામ કરી એમણે પોતાના આ 'નવા'—સાંપ્રત ધર્મના પ્રચારની યોજનાઓ કરવા માંડી. એમાં એમને સંઘર્ષ પણ આવ્યો. કેટલા યે સંન્યાસીઓ ને ભક્તોને એમની વાત ઝટ ગળે ન ઊતરી. વ્યક્તિનો પરમ ધર્મ તો આ દેહે મુક્તિ માટે પુરુષાર્થ કરવાનો, એને બદલે સમાજહિતનાં કાર્યો લઈ બેસવામાં ઘણાને ધ્યેયભંગ જણાયો.

મઠમાં રહેતા ચાર બ્રહ્મચારીઓ એમની પાસે સંન્યાસ ધર્મની



શિકાગો (અમેરિકા)ની સર્વધર્મ પરિષદમાં


The mother's heart, the hero's will
The sweetness of the southern breeze
The sacred charm and strength that dwell
On Aryan altars, flaming, free,
All these be yours, and many more,
No ancient soul could dream before -
Be thou to India's future son
The mistress, servant, friend in one.

With the blessings of
Vivekananda -

સ્વામીજીના હસ્તાક્ષરમાં સિસ્ટર નિવેદિતાને આશિષ-મંત્ર



(સિસ્ટર નિવેદિતા (મિસ માર્ગરેટ નોબલ)

દીક્ષા લેવા આવ્યા તે વખતે એમણે સંન્યાસીના નવા ધર્મ પર પુષ્કળ પ્રકાશ નાંખ્યો: 'અન્ય લોકોનું ભલું કરવા પોતાના જીવનની આહુતિ આપવી, દુઃખનું નિવારણ કરવું, વિધવાનાં આંસુ લૂછવાં, પદદલિતોને પગભર કરવા, સર્વ લોકોની ભૌતિક ને આધ્યાત્મિક ઉન્નતિ માટે કશા ભેદભાવ વગર ઉપદેશ કરવો અને તમામ મનુષ્યોના હૃદયમાં રહેલા બ્રહ્મરૂપી સિંહને જગાડવો.' નવા સંન્યાસીઓનો આ પથ હતો.

દીક્ષાનો વિધિ ભવ્ય રીતે ઊજવાયો. વિરજાનંદ, નિર્ભયાનંદ, પ્રકાશાનંદ ને નિત્યાનંદ એ નવા સંન્યાસીઓ ઉમેરાયા. અને એક પરંપરા શરૂ થઈ. ધર્મમાં સેવા ભળી. વનમાંથી ધર્મ વસતિમાં આવ્યો. સાધુઓનો જનસંપર્ક વધ્યો. સંન્યાસીઓને પ્રવૃત્તિ મળી. અથવા બીજી બાજુએથી જોઇએ તો સેવા કરનારાઓ માટે ધર્મની જરૂર ઊભી થઈ. એમની આગળ સંન્યાસીઓનો આદર્શ ખડો થયો. શિક્ષણ, સમાજસુધારણા, સંકટોમાં રાહતકાર્ય, કળા, રાજકારણ, એમ બધી જાહેર પ્રવૃત્તિમાં ધર્મની વૃત્તિએ પ્રવેશ કર્યો.

અને પછી એમના જીવનનો એ ધન્ય દિવસ આવ્યો: ૧૮૯૭ના મેની પહેલી તારીખ. એ 'નવા' ધર્મને ચરિતાર્થ કરવા સ્વામીજીએ એક સંસ્થા શરૂ કરી. ગૃહસ્થો અને સંન્યાસીઓ વચ્ચે સમાગમ રહે, બંનેના સહકારથી પ્રવૃત્તિ ચાલે, ત્યાગની ભાવનાને પ્રતિષ્ઠા મળે અને માનવહિત કરતાંકરતાં આધ્યાત્મિક તેજ વધતું રહે એ માટેનો વ્યવસ્થિત પ્રયત્ન તે દિવસે શરૂ કર્યો. એ સંસ્થામાં જુદાજુદા સંપ્રદાયો અને સર્વ ધર્મો તરફ આદરભાવ રહે, એનાં દ્વાર સૌકોઈ માટે ખુલ્લાં રહે, ભાવનાની ઉદારતા જળવાય, જે કાર્ય થાય તે ઈશ્વરપ્રીત્યર્થે જ ચાલે, આવા ઊંચા આદર્શોવાળી એ સંસ્થા સાથે એમણે પોતાની પ્રેરણામૂર્તિ શ્રી રામકૃષ્ણનું નામ જોડયું. એમના ઉપદેશોનો પ્રભાવ



દેશમાં ને પરદેશમાં ફેલાવવા 'શ્રી રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. એ મિશનનું એમણે એક પ્રતીક રચ્યું (જુઓ ચિત્ર). તેનો અર્થ આવો છે: જળના તરંગો એ કર્મ, કમળ એ ભક્તિ અને સૂર્ય તે જ્ઞાન. ફરતો સર્પ તે યોગ તથા કુંડલિની શક્તિ, ને હંસ એ પરમાત્મા. કર્મ ભક્તિ ને જ્ઞાન એ ત્રણેનો યોગની સાથે સુમેળ સાધી શકાય ત્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય.' પોતાની ભાવના પ્રચાર અર્થે એમણે 'બ્રહ્મવાદિન' 'પ્રબુદ્ધ ભારત' અને 'ઉદ્‌બોધન' નામનાં ત્રણ સામયિક શરૂ કરાવ્યાં.

ગુડવિન અને નિવેદિતાએ એમના કામમાં મદદ કરવા માંડી, શિષ્યો વધવા માંડયા, વર્ગોની માગ થવા લાગી અને વિદ્વાનોમાં વેદાંતપ્રીતિ વધતી ગઈ. હિમાલય તરફની એક યાત્રામાં તેઓ આલ્મોડા તરફ ગયા ત્યારે ત્યાં આશ્રમ સ્થાપવા માટે એક સ્થળ પસંદ કર્યું, પણ ત્યારની અંગ્રેજ હકૂમતે એ સ્થાનની શોભા જોઈ પોતાનાં મિશનો માટે રાખી લીધું. એથી એમને બીજે દૂરના સ્થળે આશ્રમ નાખવો પડયો. એનું નામ બુદ્ધની માતાના નામ પરથી 'માયાવતી આશ્રમ' પાડયું.

અમેરિકાનું બીજુંચક્કર લગાવી સ્વામીજી પાછા યુરોપ ગયા, ને આર્યવિદ્યાના મહાપંડિત મૅક્સમુલરને મળ્યા. બંનેને વેદાંતચર્ચાનો પરમ આનંદ થયો. સ્વામીજીએ એમને ગુરુ શ્રી રામકૃષ્ણદેવની ઘણી વાતો કહી ને એમનાં વચનામૃતો ભારતમાંથી એકઠાં કરી મંગાવી આપ્યાં. એ ઉપરથી મૅક્સમુલરે શ્રી રામકૃષ્ણના જીવન અને ઉપદેશ ઉપર પુસ્તક પ્રસિદ્ધ કર્યું. પરદેશમાં વેદાંતીનું જીવન ગાળતા ઋષિ જેવા પ્રખર જ્ઞાની મૅક્સમુલરને સ્વામીજી માટે ઘણું માન ઊપજ્યું.

એ પછી સ્વામીજીએ પોતાના ગુરુભાઈ શારદાનંદને લંડનમાં વિદેશીઓની સભામાં પ્રવચનો આપવા બોલાવ્યા. જોતજોતાંમાં ત્યાંના લોકોને આ નવા સ્વામી માટે માન થવા લાગ્યું અને સ્વામીનો આત્મવિશ્વાસ પણ વધ્યો, એટલે વિવેકાનંદે એમને અમેરિકા મોકલ્યા ને ન્યૂ યૉર્કનું કેન્દ્ર સંભાળવા જણાવ્યું. એમાંથી એક પરંપરા શરૂ થઈ, અને આજે શ્રી રામકૃષ્ણ મિશનનાં ૧૫૮ કેન્દ્રો દુનિયાભરમાં ફેલાયાં છે. હજી યે વધારે કેન્દ્રો સ્થાપવા વારંવાર આગ્રહભરી વિનંતિઓ થાય છે પરંતુ મિશન પાસે એટલા પ્રમાણમાં વિદ્વાન સંન્યાસીઓ નથી. શારદાનંદનું કામ જોઈ અભેદાનંદને ઇંગ્લંડ મોકલી લંડનનું કેન્દ્ર સોંપ્યું.

અમેરિકા-યુરોપના પ્રવાસ દરમિયાન તથા ભારત આવીને એમણે



સ્વામી વિવેકાનંદ · ઉત્તરાવસ્થામાં

જે સતત ને અવિશ્રાન્ત કાર્ય કરેલું તેના પરિણામે તેમનું સ્વાસ્થ્ય લથડયું. દમનો રોગ પણ લાગુ પડયો ને ડૉક્ટરોની આરામની સલાહ પણ મળી. પણ એ બધું ગણકાર્યા સિવાય એમણે પોતાનું કર્મ ચાલુ રાખ્યું. વ્યાખ્યાનો હવે એ બહુ ઓછાં કરતા, છતાં પોતાની આરંભેલી પ્રવૃત્તિઓ પર સતર્ક નજર રાખતા. પોતાના બગડતા જતા સ્વાસ્થ્યથી તેઓ અજાણ નહોતા રહ્યા ને પોતાના દેહવિલયની તેમને ઝાંખી પણ થએલી. ઈ. ૧૮૯૭ની આઠમી જુલાઇએ એમણે મિસ હેઇલને લખેલા પત્રમાં એનો નિર્દેશ પણ કરેલો: 'મને લાગે છે કે મારું પોતાનું કાર્ય પૂરું થયું છે અને મારા જીવનમાં બહુ તો ત્રણચાર વર્ષ હવે શેષ રહ્યાં છે. (તે પછી બરાબર પાંચ વર્ષે એમનું અવસાન થએલું.) પણ સ્વજનો તથા નિકટનાં સાથીઓની સલાહ સ્વીકારી એ આરામ લેવા ઊપડે તે પહેલાં કલકત્તામાં પ્લેગ ફાટી નીકળ્યો. એ સમયે એમણે તથા ભગિની નિવેદિતાએ જે કાર્ય કર્યું છે એ તો સદા યાદગાર રહેશે.

ઈ.૧૮૯૮ની નવમી ડિસેમ્બરે શ્રી રામકૃષ્ણ મઠને એમણે 'વિશ્વ-મંદિર'માં ફેરવી નાખ્યો. તે જ વર્ષે ગંગાને પશ્ચિમ કાંઠે બેલૂરમાં એમણે બીજો મઠ નાખ્યો. પોતાના જમણા ખભા ઉપર ગુરુદેવનાં અસ્થિનું પાત્ર મૂકી ખુલ્લે પગે અને ખુલ્લે માથે એ બેલૂર સુધી ચાલતા ગયા. એ સ્થળે ધર્મનો ઉત્સવ કર્યો. પોતે મૃદંગ લઇને કીર્તનો ગાયાં, એ ભૂમિ પર સાષ્ટાંગ પ્રણામ કર્યા અને રામકૃષ્ણનો જયજયકાર કર્યો. ઈ. ૧૮૯૯ની ૧૯મી માર્ચે એમણે અદ્વૈતાશ્રમની સ્થાપના કરી.

ફરી પરદેશમાં પાછા જવા વિનતિપત્રો આવ્યા જ કરતા હતા. ત્યાં આશ્રમોનું કામકાજ તપાસવું હતું અને હવે પૈસાની પણ ખૂબ જરૂર હતી. એટલે તે જ વર્ષના જૂનની ૨૦મીએ તેઓ ભગિની નિવેદિતા સાથે ફરી યુરોપ ગયા. ઈ. ૧૯૦૦માં કૅલિફૉર્નિયામાં વેદાંત સોસાએટીની સ્થાપના કરી અને એ વર્ષની જુલાઇની ૨૦મીએ અમેરિકા છોડયું. ઑગસ્ટમાં એમણે પારી(સ)ની વિશ્વધર્મ ઇતિહાસ પરિષદમાં ભાગ લીધો. આ સમય દરમિયાન એમને મધુપ્રમેહનો રોગ લાગુ પડયો.

અને હવે એ પૂરેપૂરા થાકયા પણ હતા. ભગિની નિવેદિતાને એમણે દીક્ષા આપતી વેળા કહેલું હતું કે મારા જીવનનું સર્વસ્વ તને સોંપું છું. મારા જીવનનું પાત્ર હવે ખાલી થઈ ગયું છે. એ પછી એમની જાહેર પ્રવૃત્તિઓ લગભગ બંધ થઈ ગઈ હતી. શાંત અને નિરપેક્ષ ભાવે બધાંનું તેઓ માત્ર નિરીક્ષણ જ કરતા. એક દિવસ પંચાંગ મંગાવી એમણે બહુ ચોકસાઇથી જોઈ લીધું. દિવસ નક્કી કરી લીધો. એ દિવસે જાણે એમની માંદગી કયાંય ચાલી ગઈ. સવારે ધ્યાન-પ્રાર્થના કર્યાં. બપોરે બધાંને આગ્રહ કરીકરીને જમાડયાં. નિવેદિતાનાં તો, કહે છે કે, હાથપગ ધોવડાવ્યાં. (ઇશુ ખ્રિસ્તે પણ એમ જ કર્યું હતું.) પછી વ્યાકરણ ને શાસ્ત્ર પર વર્ગ લીધો. સાંજે સ્વામી પ્રેમાનંદ સાથે માઇલ સુધી ફરતાં ફરતાં ચર્ચા કરી. પછી ગંગાના વિશાળ પટ પર નજર ઠેરવી એ મહાસમાધિમાં બેઠા ને ધીરેધીરે તેમાં જ લીન થઇ ગયા.

બીજે દિવસે કલકત્તા શહેરમાંથી ને ચોમેરથી સંખ્યાતીત માણસો ઊમટી આવ્યાં. એમણે સંન્યાસીઓના આ નૂતન કુલગુરુને વંદના કરી. નિવેદિતાએ ગુરુનું મસ્તક ખોળામાં લીધું ને કેટલી યે વાર સુધી એમને પંખો કર્યો; ગુરુભાઇઓએ એમની ચરણ-છાપ લીધી; આરતી ઉતારી ને માનવીઓમાં દેવ એવા આ યુગપુરુષના દેહને હળવેથી ઊંચકયો; સર્વત્ર જયજયકાર થઈ રહ્યો; એમના માનીતા બિલ્વવૃક્ષ તળે બે ક્ષણ થંભીને, એમણે જ ચીંધેલી જગ્યાએ ચિતા રચી હતી ત્યાં સુવાડયો; એમની આધ્યાત્મિક વારસ સમી નિવેદિતાએ અગ્નિ મૂકયો ને એમનો આત્મા જીર્ણ વસ્ત્રો ત્યજી મહાનલમાં સમાઇ ગયો.

સ્વામીજીએ પ્રેમની, ભક્તિની, સેવાની, મુક્તિની, એવી ઘણી વાતો કહી. પણ એમનો પ્રધાન સૂર શક્તિનો રહ્યો. 'બળ જોઇએ', એ એમનો પોકાર. ગીતાના પાઠ કરતાં યે ફૂટબૉલની રમતનો એમણે વધુ આગ્રહ કર્યો. યુવાનોને તાકાત વધારવા વારંવાર કહ્યું. એમણે પ્રબોધેલી કાલિમાતાની પૂજા એ શક્તિની ઉપાસના હતી. સામર્થ્ય મેળવવા એમણે જે હાકલ દીધી એના પ્રતાપે દેશમાં વ્યાયામમંદિરો ઊઘડયાં. મન જેમને ખેંચી જાય એવા નહિ પણ જે મનને ખેંચી શકે એવા નીડર ને સિંહ સરખા સાહસિક જુવાનો ખડા કરવા એમણે અથાગ પ્રયત્ન કર્યો.

યુવાનો પ્રતિ એમને ભારે આદર ને આશા હતાં પોતાના આદર્શનો પ્રતિઘોષ કરવા યુવાનો આગળ આવે એવી એમને તીવ્ર ઉત્કંઠા હતી. તેઓ કહેતા કે લાંછનરહિત ચારિત્ર્યવાળા ને લોખંડી સ્નાયુઓ તથા પોલાદી નસો સહિત દૃઢ નિશ્ચયબળવાળા જો હજાર જેટલા જ યુવાનો પ્રાપ્ત થાય તો આખા દેશમાં ક્રાંતિકારી ચમત્કાર સર્જવાની મારામાં શ્રદ્ધા ને શક્તિ હજુ ય પડયાં છે.

એઓ પોતાની આસપાસ ધબકતા જીવનમાં તીવ્ર રસ લેતા. બ્રિટિશ સંસ્થાનવાદ હેઠળ રીબાતી માતૃભૂમિ વિષે તેઓ ખૂબ વિચારતા ને દેશ મુક્ત અને સ્વાધીન બને એ એમની ઉત્કટ ઇચ્છા હતી. ઊભરાતી શક્તિઓનો મોટો ભાગ તેમણે આ ઉમદા ધ્યેય પાછળ ખર્ચેલો. આથી જ તેઓ વિદેશમાં અમુક વર્ગમાં 'ઝનૂની ભારતી' ગણાએલા.

સાચા અર્થમાં તેઓ બહુપ્રતિભ વ્યક્તિત્વ ધરાવતા. એમની બુદ્ધિપ્રતિભા શંકરનું દર્શન કરાવતી, હૃદયે બુદ્ધ અને ચૈતન્ય પ્રભુની સ્નિગ્ધતા માણી શકાતી, ગુરુ નાનક જેવી જુસ્સાભરી શક્તિ એમનામાં વહેતી જણાતી તો ઇસુ ખ્રિસ્તની મૃદુતા તથા સંત પૉલની ગુરુનિષ્ઠા પણ હતી. આ બધું જાણે એમના વ્યક્તિત્વમાં એક સૂત્રે ગૂંથાએલું જણાતું.

નવા જમાનાના ત્રણ મહાન અને મહત્ત્વના આંદોલનો: રાષ્ટ્રીય મુક્તિનું આંદોલન, પૃથ્વી પર વસતી તમામ પ્રજાઓ વચ્ચે શાંતિ ને મૈત્રી માટેનું આંદોલન તથા શ્રમજીવી જનતાની સામાજિક મુક્તિનું આંદોલન. આ ત્રણે વચ્ચેનો અતૂટ સંબંધ સ્પષ્ટ રીતે જોનાર પ્રથમ ભારતીયોમાં સ્વામી વિવેકાનંદ પણ હતા; ને એ દૃષ્ટિએ એમણે પોતાની માતૃભક્તિની તેમજ સમસ્ત માનવજાતિની અમર સેવા બજાવી છે.

ભૂતકાળની સંસ્કૃતિ ઉપર સ્થિત અને ભારતીય પરંપરા માટે મગરૂર હોવા છતાં જીવનના પ્રશ્નો પરત્વેની દૃષ્ટિમાં આધુનિક, અને નવભારતના આદિ સ્રષ્ટા તથા વેદાંતના કીર્તિભાસ્કર સમી એ યુગવિભૂતિ ઇ. ૧૯૦૨ના જુલાઇની ચોથી તારીખની સંધ્યાએ વિલાઈ ગઈ.

લેવા ગઈ વન-વે ટિકિટ, પણ મળી ગઈ રીટર્ન ટિકિટ

લેખક · સુધીર દલાલ

રા દસ વાગ્યે વરસાદ ધોધમાર તૂટી પડચો. બારીના પારદર્શક કાચ પર અસંખ્ય નાનાં નાનાં ઝરણાં ફૂટી નીકળ્યાં, અને મ્યુનિસિપાલિટીના દીવાનાં પ્રકાશબિંદુઓ ચમકાવતા તારલાઓના લિસોટા મૂકતા ગયા.

ઓરડાના ગાલીચા પર કામિનીએ આશરે પચાસમો આંટો પૂરો કર્યો અને છેવટે થાકીને ખાટલાની કોરે—આશાની કોરે બેઠી. પેલા બારીના કાચ પરના નીતરતા વરસાદ જેમ એના બરડા પર પણ પરસેવો નીતરતો હતો. કપાળ, નાક, ગાલ, પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં. દીવો કરી અરીસામાં જોયું તો ગાલ પરના પાઉડરમાં પરસેવાના ઊઝરડા પડચા હતા. દીવો વધારે વખત ચાલુ રહેશે તો બહાર જતાઆવતાં પપ્પા કે મમ્મી જોઇ જશે અને પૂછશે કે આટલી રાતે શું કરે છે એમ વિચારી એણે દીવો હોલવી નાખ્યો. આંગળી પર વીંટાળી વીંટાળીને સાલ્લાનો છેડો પણ ચૂંથાઈ ગયો હતો. મદને વચન આપ્યું હતું કે એ સાડાનવ-દસે આવશે અને ઘરની સામે મોટર ઊભી રાખી બે વખત બત્તીનો ઝબકારો કરશે. સામે પોતે બૅટરીના બે ઝબકારા કરવાના હતા. એનો અર્થ એ ઘર છોડી જવા તૈયાર હતી.

પણ સાડા નવ થયા અને દસ પણ થયા. માથું દુ:ખવાના બહાને આજ એ નવ વાગ્યાથી ઓરડામાં પેસી ગઈ હતી. તરત જ પપ્પા-મમ્મી પણ સૂવા માટે ઊઠચાં હતાં.

એક નાની સૂટકેસ એણે સાંજથી ભરી રાખી હતી: બેત્રણ જોડ કપડાં, મેઈકઅપનો ડબ્બો, મદનનો ફોટો, મૅજિસ્ટ્રેટ આગળ રજૂ કરવાનું મૅટ્રિકનું સર્ટિફિકેટ—ઉમરની સાબિતિ માટે,—બસ.

ફરી એક વાર સૂટકેસ ખોલીને એણે જોઈ લીધું—મૅટ્રિકનું સર્ટિફિકેટ ભૂલી તો નથી ગઇ ને! થર્ડ ક્લાસમાં પાસ થયાનું સર્ટિફિકેટ આટલું ખપનું હશે એનો એને એ વખતે ખયાલ નહોતો. પપ્પાએ કહ્યું ના હોત કે એ સર્ટિફિકેટ ઉમરની સાબિતિ માટે કામ લાગશે તો તો એણે એ ફાડી જ નાખ્યું હોત. થર્ડક્લાસ... નિષ્ફળતાની એક નિશાની, બદસૂરત ચહેરાના જેવી, સહેજ લંગડાતા પગ જેવી, પોતાને એક્કે ભાઇ કે બહેન નહિ એ પણ એક વધુ નિરાશા... અને હવે મદન પણ? સાડા નવ... દસ... નિરાશાની પરંપરા...

ક્ષણભર એની આંખે અંધારાં આવી ગયાં. મગજની અંદરના એ તુમુલ યુદ્ધનો અવાજ, આસ્ફાલ્ટ પર ત્રાટકેલા વરસાદનો અવાજ, છતની ધારેથી ખાબોચિયાં પર ટપકતા પાણીનો અવાજ, છેલ્લી બસનો છસસસ અવાજ, વૃક્ષોની ડાળીઓનું આદિવાસી નૃત્ય, ને ઓરડાની શાંતિમાં પુરાણા ઘડિયાળના લોલકનું ટક...ટક...ટક...

લોલક ડાબે હાથેથી જમણે હાથે: ટક...... મદન આવશે? વચન આપ્યું છે: 'મુંબાઈમાં વ્યવસ્થા થઈ ગઈ છે. ફ્લૅટ લેવાઇ ગયો છે, સાક્ષી તૈયાર છે, મૅજિસ્ટ્રેટ આગળ જવાની જ વાર છે! મદન અને કામિની, લગ્નગ્રંથિ, પાણિગ્રહણ, સ્વર્ગ, પપ્પાની ભાષામાં વન-વે ટિકિટ...'ઉમર?' 'એકવીસ', 'લાગતાં નથી!' 'સર્ટિફિકેટ છે સાહેબ, બતાવું?' મોં ઉપર વિજયનું સ્મિત. અંદરના ખિસ્સામાં–નથી; બહારના ખિસ્સામાં–નથી; પરસેવો; 'ખોટું નથી બોલતો સાહેબ, કદાચ ઘેર ભૂલી...' નહિ, નહિ; પૅન્ટના ખિસ્સામાં હાથ નાખતાં જ સર્ટિફિકેટના કાગળની સુંવાળાશ; હિંમત; થથરતા પગમાં સ્થિરતા. 'ધંધો?' 'મિલમાં નોકરી. સુપરવાઇઝર છું. અહીં મુંબાઈની જ મિલમાં. મિલનો ઍપૉઇન્ટમેન્ટ લેટર આ રહ્યો.' ફરી વિજયનો ઝબકારો.

લોલક જમણે હાથેથી ડાબે હાથે: ટક... નહિ આવે તો? મેં તો વર્ષાને કહી પણ દીધું છે, જ્યોતિને પણ કહી નાખ્યું છે: હું જતી રહેવાની છું. કોની સાથે? મદન; ઓળખ્યો નહિ? શાનો ઓળખે? કૉલેજમાં નથી. મિલમાં સારી નોકરીમાં છે. દેખાવડો છે. હવે તો તું મુંબાઈ આવીશ ત્યારે જ મળીશ. ના, ના, મુંબાઇનો નથી. નોકરી તો અહીં જ કરે છે, પણ હવે મુંબાઈ રહેવાનાં છીએ. ત્યાં નોકરી પણ મળી ગઈ છે. મદન કહે છે કે પાછો અમદાવાદમાં પગ પણ નથી મૂકવો... અને હવે ના આવે તો ફજેતી! શું મોઢું બતાવીશ? અને પપ્પા જાણશે તો?

બહાર વરસાદ એકધારો પડચે જતો હતો. 'મૂઆને આજે જ આવવાનું સૂઝચું હતું. હેં? ઝબકારો?' દોડીને એ બારીએ ગઈ. વરસાદના બારીક વણાટમાંથી બિલાડીની બે તગતગતી આંખ જેવા મોટરના દીવાઓના બે ઝબકારા થયા. હાંફળીફાંફળી એ બૅટરી શોધવા મંડી. મળી. થથરતાં થથરતાં બે ઝબકારા સામે કર્યા. સૂટકેટ હાથમાં લઈ, ધીમે રહી બારણું ખોલી સરકી ગઈ.

બહાર નીકળી મોટરમાં પેસતાં સુધીમાં તો એ લગભગ ભિંજાઇ ગઈ. સૂટકેસ મોટરમાં પાછલી બેઠકમાં ફંગોળતાં એ મદનને લગભગ વળગી પડી. પાછળ બેઠેલો મદનનો જિગરી સુરેશ ફંગોળાએલી સૂટકેસથી સહેજમાં બચી જઈ આડું જોઇ ગયો.

સ્ટેશન. વારાફરતી પ્લૅટફૉર્મ પર. આગળ મદન, પાછળ થોડે દૂર પોતે. રીઝર્વ્ડમાં ફર્સ્ટ ક્લાસમાં. મદને ખર્ચી કાઢચા હતા. ત્યાં પહોંચીને બોલી: 'ઓહોહો...મદનભાઈ તમે કયાંથી?' 'અરે કામિની તું? નમસ્તે! ચાલો, કંપની મળી ગઇ.' ડબ્બાનાં બીજાં મુસાફરો માટે આખું નાટક. ગાડી ઊપડતાં ગુસપુસ. થોડી વાર આંખમાં આંખ. બહાર વરસાદનો થડકારો, અંદર દિલના ધડકારા.

એમ ને એમ જ આંખ મળી ગઈ; અને ખૂલી ત્યારે મુંબાઈ સ્ટેશન પર રસેશભાઇ આવ્યા હતા. 'કામિની, આ રસેશભાઈ,–હું વાત કરતો હતો એ. આપણું મુંબાઇનું કામ કરે છે.' કામિનીએ હાથ જોડચા—મોઢું મલકાવ્યા વગર જ. એને રસેશ ગમ્યો નહિ.

ફ્લૅટનું બન્યું નહોતું. હૉટેલમાં નક્કી કર્યું હતું. બહાર નીકળી ટૅક્સી કરી. હૉટેલે મૂકી રસેશ ઘેર ગયો. મૅનેજર પાસેથી ચાવી લીધી. રૂમ ખોલી અંદર મદનની ટ્રંક મૂકી. પોતાની સૂટકેસ મૂકી. પોતાના જેવી જ નાજુક, નાની, ટ્રંકમાં સમાઈ જાય એવી. પ્રભુતામાં પહેલી પગલી. બે કલાકમાં તો જેને મળ્યે માંડ મહીનો થયો હશે એને પોતે જીવન અર્પવાની હતી. અને સ્વર્ગીય મહિનાઓની પરંપરા...

મદને ઘંટડી વગાડી હૉટેલના નોકરને બોલાવ્યો. રીતસરનો બાદશાહી ઠાઠ: 'ગરમ પાણી લાવ, બે ડોલ. અને પછી ચા અને નાસ્તો. જરા જલદી, બહાર જાના હય.' નોકર ચાલ્યો ગયો. ફરી ઓરડામાં શાંતિ ફેલાઈ ગઈ. બન્ને વળગી પડચાં. બે શરીરની વચમાં કોટના ખિસ્સાનું પાકીટ પણ હવે ખમાતું ન હતું—વાગતું હતું. મદને એ કાઢીને બાજુના ટેબલ પર મૂકચું. એટલામાં બારણે ટકોરા પડચા. 'સા'બ, યે પાની. ચા નાસ્તા લાતા હું.'

'કામિની, તું જાય છે કે હું જાઉં?'

'તું પહેલાં જા, પછી હું.'

મદન નહાવા ગયો. કામિની થ કી ગઈ હતી. ચિંતા અને આશાની વચ્ચેનાં ઝોલાંઓમાં એને ચક્કર ચડયાં હતાં. ટેબલ પાસેની ખુરશી પર જ એ બેસી પડી. ટેબલ પર મદનનું પાકીટ હતું. એમાં એ ગયા અઠવાડિયે પાડેલો કામિનીનો ફોટો રાખતો. એને પોતાનો એ ફોટો જોવાનું મન થયું. શું પોતે ખરેખર કોઇને ય ગમે એવી હતી? મદને એનામાં શું જોયું હતું? રૂપ? નહોતું. યૌવન? હતું. પૈસો? એ તો છોડીને આવી હતી. સ્ત્રીપણું?...

પાકીટ હાથમાં લઈ ખોલ્યું. અંદર એનો ફોટો હતો. બહાર કાઢવા ખેંચ્યો ત્યાં અંદરથી ટિકિટનું અરધિયું નીકળ્યું. આખી ટિકિટમાંથી ફાડેલું—રીટર્ન ટિકિટનું અરધિયું. મુંબાઈથી અમદાવાદ!

લાગલો જ એના મગજમાં એક વિચાર ઝબકારો મારી ગયો: કેમ એક જ અરધિયું? હાંફળાંફાંફળાં એણે પાકીટ આખું ખાલી કરી નાખ્યું: પૈસા, નોટો, લાયબ્રેરીનાં કાર્ડ, બિલો...બીજું અરધિયું ક્યાં? એક વન-વે અને એક રીટર્ન ટિકિટ?

બાથરૂમમાં હજુ ડોલ અને લોટો ખખડતાં હતાં મદન લહેરથી, નિરાંતથી કોઈક ગાયન ગણગણતો હતો. આ ફ્લૅટ નહોતો—ફ્લૅટનું બન્યું નહોતું. એટલે જ હૉટેલ? કે...?

એના મગજમાં બીજો ઝબકારો થયો. રીટર્ન ટિકિટનું અરધિયું મુઠ્ઠીમાં દબાવી, સૂટકેસ પકડી, બારણું ખોલી એ દોડી. હૉટેલનો નોકર ચા-નાસ્તો લાવતો હતો તેને એ અથડાતાંઅથડાતાં રહી ગઈ.

વર્ષ દરમિયાનના 'કુમાર'માંના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે આજ ૧૯ વર્ષથી અપાતો આવેલો 'કુમાર-ચન્દ્રક'



ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર('૪૫) યશોધર મહેતા('૪૬) રાજેન્દ્ર શાહ ('૪૭) બાલમુકુન્દ દવે ('૪૮) નિરંજન ભગત ('૪૯)



* વાસુદેવ ભટ્ટ ('૫૦) બકુલ ત્રિપાઠી ('૫૧) શિવકુમાર જોષી ('૫૨) અશોક હર્ષ ('૫૩) ડૉ. શિવપ્રસાદ ('૫૪) ઉમાકાન્ત શાહ ('૫૫)



ચં. બૂચ 'સુકાની' ('૫૬) જયંત પાઠક ('૫૭) હેમંત દેસાઈ ('૫૮) 'ઉશનસ્' ('૫૯) નવનીત પારેખ ('૬૦) સુનીલ કોઠારી ('૬૧)



અને ૧૯૬૨નો 'કુમારચન્દ્રક' શ્રી લાભશંકર ઠાકરને

તેમનાં કાવ્યો માટે આપવાનો નિર્ણય તેના નિર્ણાયકો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ ને યશવંત શુક્લે કર્યો છે, તેને અમે આવકારીને તેમનો આભાર માનીએ છીએ ને શ્રી લાભશંકરને અભિનંદન આપીએ છીએ.


રૂ. ૩૦નાં બીજાં ચાર પારિતોષિકો

શ્રેષ્ઠ વાર્તા 'મીરા' માટે શ્રી ચન્દ્રકાન્ત બક્ષીને, શ્રેષ્ઠ કાવ્ય 'રાત્રિધ્વનિ' માટે શ્રી 'ઉશનસ્'ને, શ્રેષ્ઠ લેખ 'રંગગઠરિયાં' માટે શ્રી ચં. મહેતાને અને શ્રેષ્ઠચિત્ર 'બંગાળનું ગ્રામજીવન' માટે શ્રી બિહારીલાલ બારભૈયાને આપવાનાં ઠરે છે. તે માટે તેના નિર્ણાયકો (વાર્તા માટે) શ્રી અનંતરાય રાવળ, (કાવ્ય માટે) શ્રી ડોલરરાય માંકડ, પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા અને ડા. રમણલાલ શાહ, (લેખ માટે) ડૉ. રમણલાલ શાહ અને (ચિત્ર માટે) શ્રી રવિશંકર રાવળ તથા શ્રી કનુ દેસાઈના અમે આભારી છીએ.

* ઈ. ૧૯૫૦નો ચન્દ્રક શ્રી ચન્દ્રવદન મહેતાને 'બાંધગઠરિયાં' માટે આપવા નિર્ણય થએલો, પરંતુ તેમણે તે જતો કરેલો.

આત્મકથાનક-૧૪


જીવનપટનાં સ્મૃતિચિત્રો



લેખક-આલેખ · રવિશંકર રાવળ

૫૯ પદાર્થચિત્રનો પરિચય

રવિવારના ચિત્રવર્ગમાં પાટિયા પર ચિત્ર આપવાને બદલે ડ્રૉઇંગ-માસ્તરે ખંડની વચ્ચોવચ એક સફેદ ઘનચોરસ ખોખું મૂક્યું અને તે પર એક નાની લોટી મૂકી. પછી અમને તેની ફરતા ચારે કોર બેસવાનું કહીને 'પોતાની જગ્યા પરથી જેને જેમ દેખાય તે પ્રમાણે દોરવાનું' જણાવ્યું. આવી રીતે પ્રત્યક્ષ પદાર્થ ઉપરથી ચીતરવાનો પ્રયોગ અમે કદી કરેલો નહિ અને એની રીત પણ જાણતા નહોતા, એટલે ડ્રૉઇંગ માસ્તરે અમને પેન્સિલ આડી રાખી, બે હાથ વડે એના છેડા પકડી, પેલા ઘનચોરસના અમારી તરફના સૌથી આગળપડતા ખૂણા જેટલે અદ્ધર એને આંખ સામે હાથ લબાવીને ધરી રાખવા કહ્યું; અને પેન્સિલની આડી રેખાને એ ખૂણો અડતો દેખાય એટલે પછી પાછળ દેખાતા બીજા ખૂણા એ રેખાથી કેટલા ઊંચા જાય છે એ ધ્યાનમાં લેવા જણાવ્યું. પછી ફરી પેન્સિલને એક હાથે આડી પકડી એનો એક છેડો પેલા આગળપડતા ખૂણા પર ધરતાં, પાછળનો ખૂણો એ આડી રેખા પર કેટલો દૂર આવે છે એ જોવા, તથા પેન્સિલ પર અંગૂઠો આઘોપાછો કરી એ અંતર નક્કી કરવા કહ્યું. આ માટે પેન્સિલને એક છેડેથી આંગળીઓ વચ્ચે એવી રીતે પકડવાની કે અંગૂઠો મુક્ત રહી ખસી શકે.



આમ, એક-બે જણાની પાસે જઈ પેન્સિલ પકડતાં, માપતાં અને પ્રમાણો લેતાં શીખવ્યું ને પછી બધાને શરૂ કરવાનું કહ્યું. સરળતા માટે પેન્સિલ પર આવતાં માપ કરતાં ત્રણ ગણા માપમાં ચિત્ર દોરવાનું સૂચવ્યું.

પણ પ્રમાણો નક્કી કરવા માટેની એમની આ સૂચના એટલી અટપટી હતી કે કોઇ કામ શરૂ કરી ન શક્યું. હું યે બરાબર સમજ્યો નહોતો; છતાં આંખથી જ આઘા જતા ખૂણા હું જોઈ શકતો હતો, તેમજ ચોરસની બધી બાજુઓ સરખી હોવા છતાં તેનાં દૂર જતા ખૂણાવાળાં, બાજુનાં પડખાં દૃષ્ટિરેખામાં સંકોચાતાં દેખાતાં હતાં. એટલે મેં મારી આકૃતિમાં તે પ્રમાણે બરાબર ઉતાર્યાં. એ દરમ્યાન બીજા વિદ્યાર્થી એકબીજાનાં પાટિયાંમાં ડોકિયાં કરતાં ગુસપુસ કરતાં રહેલા.

કલાક પૂરો થયો પણ કોઈનું ઠેકાણું પડ્યું નહોતું. માસ્તર તો ગુસ્સે થઈ ગયા; બધાની પાસે ફરતા ફરતા મારી પાસે આવ્યા ત્યારે ચિત્ર જોઈ બોલી ઊઠ્યા, 'જુઓ, આ છોકરો બરાબર કરે છે. ચાલ ઊભો થા, બધાને સમજાવ કે તેં શી રીતે કર્યું છે.' હું શું બોલું? માસ્તરે બતાવ્યા પ્રમાણે હાથ લાંબા કરી પેન્સિલ આઘીપાછી ધરીને કંઈક માપ બતાવ્યાં પણ એ ખરાં નહોતાં. માસ્તરે પોતે જગ્યા પર બેસીને એ ચકાસી જોયાં તો એમાં ફેર પડવા લાગ્યો. છેવટે એ પણ થાક્યા. મારું અને એમણે લીધેલું માપ સરખું ઊતરે નહિ, પણ મારું ચીતરેલું ડ્રૉઇંગ મળતું આવતું હતું. બીજાઓને તો એ કેમ બન્યું એ કોયડો જ રહ્યો, પણ સૌ ઉપર એટલી છાપ પડી કે એ જાતના ચિત્રમાં મારી નજર કામ કરી ગઈ હતી.

ઘણાં વર્ષો પછી અનુભવે મને સમજાયું કે પદાર્થચિત્ર શીખવવાની એ રીત ખોટી હતી. નજર કેમ કામ કરે છે તે માટે મનમાં ખાતરી મેળવવા કાચના ચોકઠામાંથી પદાર્થ પર આંખને એક કેન્દ્રમાં ઠેરવી જુએ તો પદાર્થની સપાટીઓ કેટલી નજીક-દૂર જાય છે કે નાની-મોટી દેખાય છે તે સમજાઇ જાય છે. પછી તો આંખ પોતે જ એ બધી સરખામણી આપમેળે કરતી થઈ જાય છે. માપ લેવાં ને ગણતરીઓ કરવી, એ બધાંમાંથી તો ગૂંચવાડો જ ઊભો થાય છે. પણ બિચારા એ ડ્રૉઇંગ માસ્તરો નજર કેળવ્યા વિના મુંબાઇથી કક્કો ઘૂંટી લાવેલા તે જ વિદ્યાર્થીઓનાં મગજમાં ઘુસાડતા રહ્યા છે. ચિત્રકામનાં સારાં અંગ્રેજી પાઠ્ય પુસ્તકોમાં જુએ તો ખરી રીત ગ્રહણ કરી શકે; પણ એટલું પૂરુંપાધરું અંગ્રેજી પણ કેટલા પાસે હતું?

૬૦ ત્રીજી ચોપડીનાં સ્મરણો

ત્રીજી અંગ્રેજીમાં પાઠમાળા ભાગ ત્રીજો અને એક અંગ્રેજી વાચનમાળા દ્વારા અમારે અંગ્રેજી શીખવાનું હતું અને એમાં કવિ કાઉપરની 'વિન્ટર ઇવનિંગ' (શિયાળુ સાંજ) અંગ્રેજી કવિતાનો પરિચય કરવાનો હતો. બાકીના બધા વિષયો—ગણિત, ઈતિહાસ, ભૂગોળ વગેરે માટે ગુજરાતી ચોપડીઓ હતી. ગણિતમાં ત્રિરાશી ને અપૂર્ણાંકનાં મનોયત્નો ચાલતાં. ભૂગોળમાં દુનિયાના મુખ્ય દેશો, શહેરો, નદીઓ, પર્વતો વગેરે જાણ્યાં અને નકશામાં તે બતાવતાં આવડ્યું એટલે પતી ગયું. દુનિયાના કોઇ સ્થાનનું મહત્ત્વ કલ્પનામાં નહોતું. ઇતિહાસમાં બાબર-

વાચકોને વિનતિ

આ કથાનક હવે કુટુમ્બના ઐતિહાસિક રૂપ અને ક્રમમાંથી નીકળી સવિશેષ પરિચિત સમયમાં આગળ વધે છે. તેમાં હું મારા પરિચિત પ્રસંગોની સ્મૃતિ ઠીકઠીક સાચવી તો શક્યો છું, છતાં કોઈકોઈ વાર સ્થળકાળનું અનુસંધાન રાખવામાં દોષ થવાનો સંભવ નિવારી શકાય તેવો નથી. એટલે જે વાચકો ઈ. ૧૯૦૨ થી ૧૯૧૦ સુધીના જાહેર બનાવોની સાક્ષી અને સ્મૃતિ ધરાવતા હોય તેઓ જો મને અગાઉથી કાલક્રમસૂચક નોંધો મોકલશે, અથવા પાછળથી પણ સુધારો સૂચવતી ચોક્કસ માહિતી મોકલશે તો આભારપૂર્વક તેનો આદર કરીશ. ચાલુ હપતામાં જ મારા ચિત્રશિક્ષક શ્રી ભગવાનલાલ માસ્તરનો છેવટનો ફોટોગ્રાફ મેળવવા, તેમજ મેં પણ તેમનું ચિત્ર કરેલું તે ફરીથી જોવા બહુ જ પ્રયત્ન કર્યો છતાં સફળ થયો નહિ; એટલે સ્મૃતિથી તેમની મુદ્રા ઉપજાવી છે. તે ઘણે અંશે તેમની સાદૃશતા આપે છે. હજુ પણ મને ધારેલી છબીઓ મળશે તો તેમના વિષેના બીજા પ્રસંગો સાથે તે પ્રકટ કરવા ઇંતેજાર રહીશ.

ર. મ. રા.

થી મુઘલ રાજ્યના અંત સુધીનો અને મરાઠી રાજ્યનો પેશ્વા સુધીનો ઇતિહાસ (હન્ટર પરથી તરજૂમો) શીખવાનો હતો. પાઠોનું અંગ્રેજી વાંચતાં આવડે, તેના પરથી તરજૂમો કરતાં આવડે, સ્પેલિંગની ભૂલ વગરનું ડિક્ટેશન લખતાં આવડે અને એ જ પ્રમાણે કવિતાનો અર્થ કરતાં આવડે એટલે ચાલ્યું. પણ અંગ્રેજીમાં વાત કરી ન શકીએ.

મારા કાકા અને મોટા ભાઈ જે ચોપડીઓ ભણેલા તે જ અમારે ભણવાની હતી. નવી ચોપડીઓનો ખર્ચ ભાગ્યે જ કરવો પડતો. વળી મોટેરાંઓ ભણી ગએલા તે એમને યાદ હતું એટલે ઘર આગળ કંઈ પૂછીએ તો તેઓ શીખવી કે બતાવી શકતા. મારા કાકાને તો કાઉપરની કવિતાની કડીઓ પણ યાદ હતી અને વખતોવખત બોલતા:

But a bold peasantry when once destroyed, can never be supplied. (પણ બહાદુર ખેડૂતવર્ગનો એક વાર જો નાશ થયો તો ફરી તેનું ઉત્થાન કદી જ નહિ થઇ શકે.) એ રીતે ખેડૂતનું એ કવિતામાં ગૌરવ થયું હતું. પછી તો ઘણાં વર્ષે ગુજરાતી વાચનમાળામાં 'રે ખેડૂત તું ખરે! જગતનો તાત ગણાયો' સાંભળ્યું;છતાં સમાજે ખેડૂતનું એ કાળે ખરું માન કરેલું નહિ. ખેડૂઓ ઉજળાં વર્ણથી કે ભણેલાઓથી આઘા ઊભા રહેતા. અમલદારો અને મુત્સદ્દીઓએ તેમને દીપી નાખ્યા હતા. અમલદારો ઘણીવાર તોછડાઈથી બોલતા: 'ઢેંટાં તો ત્રીકુચાં ભલાં'. જૂના વખતની વેઠ કાયદેસર નાબૂદ થઈહતી છતાં ખૂણેખૂણે અમલદારો અને ફોજદારોની હાક વર્તતી.

પ્રાણજીવન માસ્તર



અમારા માસ્તર પ્રાણજીવન ભટ્ટ બહુ ચતુર શિક્ષકમાં ગણાતા નહિ. માથે કાયમ મૂંડો રાખતા, એટલે વિદ્યાર્થીઓ પાછળથી તેમના નામ સાથે તેમનો મૂંડો પણ જોડી દેતા. કોઈ વિદ્યાર્થીનું ટીખળ તે પકડી ન શકે ત્યારે કોઈ નબળાને પકડી ઝૂડી નાખતા. તભાભાઈના ગાંફ ગામની નજીકના પછેગામના તે રહીશ, એટલે તભાભાઇ ઉપર તેમનો ખૂબ જ કટાક્ષ રહેતો.

એ વખતે 'પીરીઅડ' શબ્દ નહોતો, પણ કલાકો પ્રમાણે અઠવાડિયાનાં સમયપત્રક ગોઠવાતાં હોઈ 'અવર' (કલાક)થી વિષયો ગોઠવાતા ને 'ગણિતનો અવર', 'અંગ્રેજીનો અવર' એમ બોલાતું. ડ્રૉઇંગનો અવર આવે ત્યારે અમારે બીજા એક ક્લાસમાં જઇ બેસવું પડતું. ત્યાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓ માટે પાટિયા પર જુદું ચિત્ર હોય, ને બાકીના ચાલુ આકૃતિઓ દોરે. પસંદગી પામેલાઓ માટે ડ્રૉઇંગના ઠરી ચૂકેલા ૨૫ માંથી ૨૩ માર્ક જ મૂકાતા, બીજાઓને ભાગ્યે જ ૧૯ માર્ક સુધી મળે. આની ઘણાને અદેખાઇ આવતી હશે, પણ અમે ફુલાતા ફરતા. ડ્રૉઇંગના અવરમાં પ્રાણજીવન માસ્તર પોતાના ખાલી ક્લાસમાં ખુરશી પર ઊંઘ ખેંચી કાઢતા. વળી નિશાળમાં બપોરનો રોજનો જે એક કલાકનો વિરામ પડતો તેમાં પણ તેમનો જીવ નિયમિત શાંતિ લેતો. નિશાળનો શરૂઆતનો સમય દસથી બે, જેમાં અંગ્રેજી, કવિતા ને ડિક્ટેશન હોય; તે પછી બે થી ત્રણ વિરામ, અને ત્રણથી પાંચ પાછા વર્ગો ચાલે. પણ એ પાછલે પહોરે તો ઇતિહાસ કે ગણિત જેવા નીરસ વિષય હોય.

ત્રીજી ચોપડીમાં ઘણા વખત સુધી હું બીજા વિદ્યાર્થીઓ સાથે ભળી શક્યો નહિ. તભાભાઇને તો ચારે તરફ ઓળખાણો થઈ ગઈ હતી એટલે તે અભ્યાસમાં નરમ પડવા માંડ્યા. એમનો નંબર આઘો જવા લાગ્યો અને હું ચોથો-પાંચમો રહેવા લાગ્યો એટલે વાંચવામાં મને એમની સાથે ગાંઠ બનતી નહિ. ધીરેધીરે મારા જેવા જ સ્વભાવના એકબે નવા વિદ્યાર્થીઓ સાથે મારો મેળ લાગ્યો.

એ નવા વિદ્યાર્થી મિત્રોમાંનો ભગવાન સોની મને બહુ યાદ રહ્યો છે. ઘણો ભલો, મીઠો ને હસમુખો હતો. એની ન્યાતના રિવાજ પ્રમાણે એટલી નાની ઉમરે તેનું લગ્ન થયું. એ વખતે તે નિશાળમાં ગેરહાજર રહ્યો હતો અને લગ્ન થયા પછી મારા માટે બરફી લાવ્યો ત્યારે મારી સલાહ લીધી કે આપણા માસ્તરને મીઠાઈ શી રીતે પહોંચાડવી. મેં તભાભાઈની સલાહ લીધી કેમકે માસ્તરનો સ્વભાવ તે જાણે. રાત્રે આઠ વાગ્યે બરફીની છાબડી સાથે અમે ત્રણે જણે માસ્તરની મેડીએ ચડી બારણું ઠોક્યું. તેમણે જ તે ઉઘાડ્યું. ભગવાને માસ્તરને પગે પડી છાબડી પગમાં મૂકીને આશીર્વાદ માગ્યા.

'એમ? તું પરણ્યો? પણ હવે ભણવામાં ધ્યાન રાખજે' એમ જરા મમતાથી પણ હસ્યા વિના જ એ બોલ્યા. કંઈ ઠપકો ન સાંભળ્યો તેથી મલકાતા અમે નીકળી આવ્યા. એ જમાનામાં વર્ગના કોઈ શિક્ષકો ટ્યૂશન કરતા જાણ્યા નહોતા; ઉલટું પરીક્ષા વેળા રજાને દિવસે પણ નબળા છોકરાઓને શાળામાં કે ઘેર બોલાવી મઠારતા.

ભગવાન ઘણો જ ભોળો અને નિખાલસ છોકરો હતો. મેં કુતૂહલથી તેને પૂછ્યું, 'લગ્ન કેમ થયું? તારી વહુ કેવી છે? તારી સાથે શી વાત કરી?' વગેરે. બીચારો કહે,'મને પોશાક અને માથે કલગીવાળી બત્તી (રાજા જેવી પાઘડી) પહેરાવીને ઘોડા ઉપર ફૂલેકામાં (વરઘોડામાં) ફેરવ્યો ત્યારે હું લગભગ થાકી ગયો હતો. માંડવામાં ફેરા ફરી અમને વરવહુને મોડી રાત્રે ઘેર લાવી તકિયે બેસાડ્યાં. વહુ નાનકડી છોકરી જ હતી. હું તો ત્યાં જ ઊંઘી ગયો. સવારે ઊઠ્યો ત્યારે એ ઢીંગલી પણ સૂતી જ હતી. સવારમાં તેનાં માબાપ તરફથી તેને કોઈ તેડી



ગયું.' આ રીતે લગ્ન વિષે સીધેસીધું જ્ઞાન તેણે મને આપ્યું. તેની વાતથી અમને ખૂબ વિનોદ અને હાસ્ય મળ્યાં અને અમે પાછા હતા તેવા શાળાના વિદ્યાર્થી બની ગયા. ત્રીજી ચોપડી પૂરી થયા પછી મેં ભગવાનને કદી શાળામાં જોયો નહિ. કેટલાક મહિના પછી જાણ્યું કે તે તો માંદગી ભોગવી ગુજરી ગયો હતો.

૬૧ શેરીના છોકરાઓ

આ બાજુ શેરીના છોકરાઓના હાલ જુદા હતા. રાત પડે ત્યારે શેરીના કોઈ ખાલી ઓટલા પર એકાદ ચોકડી ચોંટીને બેઠી જ હોય. ભાગિયો, શામળો, જમનો બાડો, કોઈ ને કોઇ ત્યાં હોય જ; અને તે ભેગા મળે એટલે તભાભાઇને બોલાવ્યા વિના રહે જ નહિ. એ પણ ગમે તેમ કરી ઘરમાંથી સટકી જાય. કોઇકોઈવાર હું તેની સાથે ખેંચાઇ જાઉં, તેથી એ બધાની મને પિછાન થઈ ગઇ. ડેલાનાં મુખ્ય કે યુવાન સ્ત્રીપુરુષોની વાંકીચૂંકી વાતો વધારીવધારીને કરવી એ આ ચોકડીનો મુખ્ય વિષય. એ સાંભળી મને લાગતું કે ડેલામાં કોઈ પણ નીતિમાન નથી. જેઓ શાંત અને વ્યવસ્થિત છે તેઓ બાયલા કે



ડેલીના ઓટલા પર ટોળકી જામી હોય

બીકણ છે. એકબે જણ તો ડેલાના આગેવાન ગુંડા તરીકે પંકાતા અને બહારની લડાઈઓ કે તકરારો વખતે તેઓને જરાક ખબર પડે કે દોડી જઇને ખરો કે ખોટો ઝગડો ઉપાડી લેતા. બીજી પોળો—કણબીવાડ, મેમણવાડ કે કોળીવાડ સુધીના તોફાનીઓનાં નામ તેમની જીભના પત્રકમાં હતાં. પણ મને તો પારેખના ખાંચાવાળા મથુરદાસ, શાંતિલાલ વગેરે જુદી ભાત પાડતા તરુણો જ રુચિકર લાગતા. તેમાંના એક શાંતિલાલ પારેખ અમારા ફળીમાં હતા. એ બધા ભીખાકાકાની અસર નીચે કેળવાતા જતા હતા. તેઓ લાયબ્રેરીના કામમાં, નવરાત્રના ઉત્સવ માટે મંડપ સજાવવામાં કે ગરબીઓ ગાવામાં આગળ રહેતા. બાકી મારી આસપાસ જે મોઢ વણિક છોકરાઓ હતા તે તો 'નમૂના' હતા



← પહેલા કૉલમમાં નીચે: 'મારા મિત્રો વડીલો સાથે સીધાં કે લગ્નમરણના લાગા વસૂલ કરવા નીકળેલા જોઈને મને રમૂજ ઊપજતી.'

અને તેમની ઠેકડીથી મારે બહુ સંભાળવું પડતું.

આ ટોળા વચ્ચે બીજા ફળીમાં રહેતા એક મોઢ બ્રાહ્મણ કુટુંબનો મને પરિચય થયો. તે કુટુંબના છોકરા પણ આ ટોળામાં અટવાઈ જતા, પણ તેમના ઘરમાં મણિશંકર કાકા શિક્ષક હતા તે રાજકોટમાં મેઈલ ટ્રેઇનિંગ કૉલેજમાં હતા ત્યારનો તેમને અમારા ઘર સાથે પરિચય થએલો. તેમના મોટા ભાઇ સુખદેવભાઈ હવે સાહસ કરી બ્રહ્મદેશ તરફ દેશાવર નીકળી ગએલા અને કુટુંબ માટે પરદેશથી નિર્વાહની રકમ મોકલતા તેથી તે તેમની જ્ઞાતિના હકના ગોરપદાના ભિક્ષુકી જીવનથી બચી ગયા હતા. છતાં ઘણી વાર જ્ઞાતિના અન્ય વડીલો સાથે મોઢ વણિકોનાં ઘરે સીધાં કે લગ્ન-મરણના લાગા વસૂલ કરવા તેમને સાથ આપવો પડતો ત્યારે તેમાં અમારા યુવાન મિત્રોને જોઇ મને રમૂજ ઊપજતી. અમારા ડેલામાં કોઇ પણ મોઢ વણિકને ત્યાં લગ્ન કે મરણ નિમિત્તે આ નાનીશી મોઢ બ્રાહ્મણની ન્યાત જમતી ત્યારે બિત્રણ જુવાનો આગોતરા આવી, ખાટલાની આડશો કરી ફળીમાં રસોઈ કરતા. પણ તેમની ઍંટ એવી કે બીજા કોઈ પણ બ્રાહ્મણ તો શું પણ છોકરું યે તેમની પંગતમાં બેસી શકે નહિ. અમારું ઘર મોઢ ન્યાતનાં ઘરોની વચ્ચે હોવાથી પડોશીઓને અમારા માટે ખેંચ રહેતી અને કંઈક ઢાંકી જવા ઇચ્છા બતાવતાં. ત્યારે મારાં બા હસીને તેનો

→ ડ્રૉઇંગમાસ્તર ભગવાનલાલ



અસ્વીકાર કરતાં ને કહેતાં કે મોઢમાં તો કન્યાવિક્રય ખૂબ છે એટલે અમ બ્રાહ્મણોને તેમનું ભોજન અગ્રાહ્ય છે. આ ઉપરથી બ્રાહ્મણોના ભેદ જાણવાની મારા મનમાં એક નવી ઉત્સુકતા જન્મી અને મારા ખાસ મિત્રો જેવા અન્ય જ્ઞાતિના બ્રાહ્મણો:સાથે હું જમી શકું નહિ ને તેઓ મારી સાથે જમવા આવે નહિ એ કટ્ટરતા કેમ જન્મી હશે તેનું સંશોધન શરૂ થયું.

૬૨ રવિવારનો ચિત્રવર્ગ

ભગવાનલાલ માસ્તરે તો નિયમિતરીતે રવિવાર સવારનો ક્લાસ ચાલુ રાખ્યો. એક રવિવારે બધાનાં કુતૂહલ વચ્ચે મુંબાઈથી આવેલાં પાર્સલો ખોલાયાં અને તેમાંથી ડ્રૉઈંગ બોર્ડો, ટી-સ્ક્વેરો, સેટ-સ્ક્વેરો કંપાસ-બૉક્સો, રબરો, ડ્રૉઇંગ-પિનો, પીછીઓ, બુકો વગેરેનો ઢગલો બહાર કાઢી પૈસા ભર્યાની નોંધ પ્રમાણે અમને સૌને સોંપણી કરી. આવો સામાન ભાવનગરમાં કોઈ દુકાનોમાં મળે તેમ નહોતું એટલે અમે કોઈ નવી સાધનાના અધિકારી બન્યા હઈએ તેમ તેમણે જણાવ્યું: 'હવે તમારે થર્ડ ગ્રેઇડ ડ્રૉઇંગની પરીક્ષા માટે અભ્યાસ કરવાનો છે.' પછી ભૂમિતિ, ફ્રી હૅન્ડ, કલર વર્ક, મેમરી ડ્રૉઇંગ, ફૂલપાન, ડિઝાઇન વગેરે શબ્દોથી ભરપૂર ભાષણ તેમણે આપ્યું અને પછીના રવિવાર

માટે રંગકામ સારુ ચોરસ ખાનાં આંકેલી ચોપડીઓ લેતા આવવા કહ્યું.

બીજા રવિવારે હાઇસ્કૂલના મદ્રાસી નોકર ચનાએ ક્લાસ ઉઘાડ્યો ત્યાં માસ્તર રંગના ત્રણ મોટા શીશા અને નાની ચીનાઈ છીછરી વાટકીઓ લઇને આવ્યા. ટેબલ પર શીશા મુકાવી દરેક જણને વારાફરતી રંગની છ છ વાટકી લઇ જઈ પોતપોતાનાં મેજો પર જગ્યા લેવા કહ્યું. પછી પોતાના હાથે રંગો ભરેલાં ખાનાંવાળો એક મોટો કાગળ પાટિયા પર ચોડ્યો; અને એક પછી એક છોકરાને ટેબલ પાસે બોલાવી, ડ્રૉઇંગ બુકનાં એક ઇંચ ચોરસ આંકેલાં ખાનામાં એક ખાનું છોડીને એક ખાનું ભરવાની રીત કરી બતાવી. એમાં ઉપરની ત્રણ બાજુ સાચવીને ભર્યા બાદ રંગ જ્યારે નીચેની લીટી પાસે આવે, ત્યારે પીછીને બ્લૉટિંગ પર ખાલી કરી ચોથી બાજુ લીટીની ધાર પ્રમાણે મેળવી લેવાનું સમજાવ્યું. એ પ્રમાણે એક પાનું પીળા રંગથી, બીજું લાલ રંગથી અને ત્રીજું વાદળી રંગથી ભરાવ્યું. પછી રાતા-પીળાનું મિશ્રણ કરી નારંગી કરવાનું, પીળા અને વાદળીથી લીલો બનાવવાનું, અને લાલ તથા વાદળીથી જાંબુડી બનાવવાનું શીખવ્યું. આ રીતે પાતળા ઍનીલીન (બજારમાં મળતા હોળીના રંગો)થી અમારા રંગકામના પાઠ શરૂ થયા. આજે સહેજે મળતી રંગપેટી અમે જોઇ નહોતી, તેમ માસ્તરે પણ કદી તેનો ઉપયોગ જાણ્યો નહોતો. પીછી તદ્દન નવું જ સાધન હતું. કોઈને ભાર દીધા વિના કાગળ પર તે ચલાવતાં આવડે નહિ. લબકા કે ધાબાં પડી જાય. તેમાં ધીરજ રાખી સાફ કામ કરેલા તરીકે મારું કામ દીપી નીકળ્યું, કારણ કે મને ઘરના પ્રયોગોથી પીછી હાથમાં બેસી ગઈ હતી.

અગાઉ જણાવ્યું તેમ આ ડ્રૉઈંગ ક્લાસમાં બધાં ધોરણોના વિદ્યાર્થીઓનો શંભુમેળો જામ્યો હતો. જેમજેમ ડ્રૉઈંગ અને રંગનું કામ અટપટું બનતું ગયું તેમતેમ ઉપરના વર્ગોના વિદ્યાર્થીઓ ઓછા થતા ગયા. તેમને તો મૅટ્રિક પાસ કરવાની ચિંતા હતી. ડ્રૉઇંગમાં કંઈ બુદ્ધિયુક્ત કરવાનું હતું નહિ. એમાં તો પીછી અને પેન્સિલનો કઠોર મહાવરો હાથ કરવાનો હતો. એથી ઘણા ગેરહાજર રહેતા. એમાંના ઘણાની મને ઓળખાણો થઈ ગએલી તેથી ગમે ત્યાં મળતા ત્યારે તેમની સાથે આનંદથી વાતો કરવાની મજા પડતી. એ બધાંને ડ્રૉઈંગ એટલે એકદમ હાથીઘોડા અને પરીઓ ચીતરવાનું મળશે એવી આશાઓ હતી. વર્ષો પછી હવે છેક આ જમાનામાં creative drawing અથવા design કે composition કે સ્મૃતિચિત્રના નામે ચિત્રવર્ગમાં એવું કામ કરવાનો પ્રદેશ ઊઘડ્યો છે. (ચાલુ)

અત્યાર સુધીની માહિતી પ્રમાણે શુક્રની સપાટી પર ૫૭૦ અંશ ફેરનહાઈટ જેટલી ગરમી છે. આટલી ગરમીમાં તદ્દન પ્રાથમિક કક્ષાનું જીવન પણ સંભવિત નથી. પણ શુક્રથી અતિદૂર પૃથ્વી પર રહીને દૂરબીનો તથા રડાર સંદેશાઓ દ્વારા થએલી આ શોધમાં ભૂલો પણ હોઈ શકે, એટલે શુક્ર વિષેની ચોક્કસ માહિતીઓ મેળવવા તથા ત્યાં પહોંચવા સુધીના અવકાશમાંનાં ચુંબકક્ષેત્રો, સૂર્ય-પવનો (સોલર વિન્ડ્સને નામે ઓળખાતા મંદ શક્તિના પ્રોટોન) વગેરે વિષેની માહિતી અમેરિકાએ મોકલેલા અવકાશયાન 'મૅરિનર-૨' દ્વારા મેળવવાની ધારણા છે. આ યાન સીધું શુક્ર પર ન જતાં તેની બાજુમાંથી પસાર થઈ સૂર્યને ફરતી પ્રદક્ષિણાના માર્ગમાં ચાલ્યું ગયું છે.

...અને જાણો છો? પૃથ્વી પર તમારું વજન જો ૧૦૦ રતલ હોય તો શુક્ર પર ૮૦ રતલ જ થાય એટલું ઓછું એનું ગુરુત્વાકર્ષણ છે. આ સિવાય નેપ્ચ્યુન પર પૂરું ૧૦૦ રતલ, યૂરેનસ પર પણ ૧૦૦ રતલ, ગુરુ પર ૨૬૦, શનિ પર ૧૨૦, મંગળ પર ૪૦, બુધ ઉપર ૩૦ અને ચંદ્ર પર માત્ર ૧૭ રતલ થાય.

લેખક-આલેખક • **બંસીધર શુક્લ**

દાક્તરી તપાસ

સૌના સામાન્ય અનુભવની વાત છે. તબિયતમાં ખામી જણાય એટલે આપણે દાક્તર પાસે પહોંચી જઇએ છીએ. નવી નોકરીમાં, ખાસ કરીને સરકારી નોકરીમાં જોડાતાં પહેલાં દાક્તરી તપાસ જરૂરી છે. વીમાની પૉલિસી કઢાવવા માટે પણ આપણે દાક્તરી તપાસ કરાવીએ છીએ.

ગમે તે કારણ હોય, પણ દાક્તરી તપાસ બધા કિસ્સામાં લગભગ સમાન જ હોય છે. આપણે ઘણુંખરું ભયની લાગણી સાથે દવાખાનામાં દાખલ થઈએ છીએ અને ઉચાટ તથા આશંકામાં દાક્તર પાસે જવાનો વારો આવવાની રાહ જોઇએ છીએ. વારો આવ્યે દાક્તર આપણને તપાસીને શરીરમાં શી તકલીફ છે તે કહે છે.

દાક્તરી તપાસ એ વૈજ્ઞાનિક પદ્ધતિની તપાસનો એક જાણીતો વ્યવહારુ નમૂનો છે. કોયડાનું નિરીક્ષણ કરવું; તેનો કામચલાઉ ઉકેલ બાંધવો; ફરી નિરીક્ષણ કરવું; પ્રયોગો કરવા; પરિણામો ચકાસી જોવાં; ને છેલ્લે ખરો ઉકેલ મેળવવો. સમસ્યા હલ કરવાની આ વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

દરદી દાક્તરના ઓરડામાં દાખલ થાય એવી જ દાક્તરની આંખો તેના પર ફરી વળે છે. એ ક્ષણથી જ એની તપાસ શરૂ થઈ જાય છે. એની આંખોનું નૂર, પગની શક્તિ અને ચામડીની સ્થિતિ દાક્તર જોઈ લે છે. ચામડીની અમુક પ્રકારની ફિક્કાશ ગરમી તથા ક્ષય જેવું દરદ સૂચવે છે. એડેનૉઇડ્ઝનો દરદી મોં ખુલ્લું રાખીને શ્વાસ લે છે. તેની આંખો શૂન્ય ભાસે છે. ગળાનો સોજો કંઠમાળની શંકા કરાવે છે. દાક્તર દરદીની આંગળીઓનું નિરીક્ષણ કરે છે. હૃદય તથા ફેફસાંનાં અમુક દરદોમાં આંગળીઓ પર કેટલીક વિકૃતિઓ જણાય છે.

દૃષ્ટિ ઉપરાંત સ્પર્શ અને શ્રવણ-ઇંદ્રિયોનો પણ દાક્તર પૂરો ઉપયોગ કરે છે. નાક પણ તપાસનું ઉપયોગી સાધન છે. મધુપ્રમેહ તથા ટાયફૉઈડના દરદીઓ વિશિષ્ટ પ્રકારની દુર્ગંધવાળા હોય છે.

પ્રાથમિક તપાસ

તપાસની શરૂઆત દાક્તર દરદીની તકલીફની વિગતો નોંધવાથી કરે છે. 'આવું ક્યારથી થાય છે? કુટુંબમાં બીજા કોઇને આ દરદ છે? મિતાહારી છો? વજન વધ્યું છે કે ઘટ્યું છે?' આ અને આવા બીજા સવાલો સામાન્યરીતે પુછાય છે.

આ પછી દાક્તર પેલી ત્રણ રહસ્યભરી ક્રિયાઓ કરે છે: અંગસ્પર્શ, ધડનું ટપટપાવવું, ભૂંગળી કે સ્ટેથોસ્કોપ વડે ધબકારા સાંભળવા.

ગળું, પેટ, પેડુ વગેરે સ્થળોએ સ્પર્શ કરીને દાક્તર ત્યાં આવેલા સોજાની માહિતી મેળવે છે. છાતી ઉપર હાથ મૂકીને તે હૃદયનું સ્થાન નક્કી કરે છે. સૂજેલો ભાગ નક્કર છે કે પ્રવાહી છે તે દાક્તર સ્પર્શથી જાણે છે. જમણી બાજુની નીચલી પાંસળી નીચે કાળજું આવેલું છે. ત્યાં હાથ મૂકતાં દાક્તર કાળજાની સ્થિતિ વિષે જાણી લે છે. પેડુમાં અમુક નક્કી જગ્યાએ સ્પર્શ કરવાથી દર્દીને વેદના થાય તો દાક્તર ઍપેન્ડિસાઇટિસની શંકા કરે છે. શરીરના જુદાજુદા ભાગોમાં ઉષ્ણતામાનમાં મોટી વિષમતા હોય તો તે સ્પર્શ વડે જણાય છે. ઉષ્ણતામાનના ફેરફાર અંગની સારીનરસી હાલત સૂચવે છે.

બીજી ક્રિયા પણ સાદી છે. દાક્તર ધડના આગળના કે પાછળના ભાગ ઉપર ડાબા હાથની હથેલી મૂકે છે અને જમણા હાથ વડે તેના પર ઠપકારે છે. આ ક્રિયા દાક્તરને ફેફસાંનું ચિત્ર દેખાડે છે. તંદુરસ્ત ફેફસાં નક્કર અવાજ આપે છે, નબળાં ફેફસાં ઢોલના પડઘા જેવો પોલો અવાજ આપે છે. અવાજ ઉપરથી દાક્તર ફેફસાંમાં પ્રવાહી છે કે

કેમ તે પણ પારખી લે છે. ન્યૂમોનિયાના દર્દીનું આ સામાન્ય લક્ષણ છે.


સ્ટેથોસ્કોપનો છેડો છાતીની અંદરના ભાગમાં પેદા થતા વિવિધ અવાજો ઝડપી શકે છે. પેશીઓનું હલનચલન, ફેફસાંમાં પ્રવાહીની હીલચાલ, હૃદયના ધબકારા વગેરે વિશિષ્ટ અવાજો ઉત્પન્ન કરે છે. તંદુરસ્ત ફેફસાં ધીમેથી 'વ' જેવો અવાજ આપે છે. અથવા શ્વાસમાં 'બ' જેવો અને ઉચ્છ્વાસમાં 'ફ' કે 'હ' જેવો અવાજ કરે છે. જો ફેફસાંમાં પાણી હોય તો આ અવાજ બદલાય છે. રોગિષ્ટ હૃદયના ધબકારા પણ જુદી જાતના હોય છે. દાક્તર તેનું સ્ટેથોસ્કોપ છાતી ઉપર નિશ્ચિત ક્રમમાં ફેરવે છે અને અંદરની સ્થિતિ જાણી લે છે.

દાક્તર કદીક નાડ તપાસે છે. પુખ્ત વયના માણસની નાડી મિનિટે ૫૦થી ૯૦ ધબકારા કરે છે. ધબકારાની વધઘટ રોગનો નિર્દેશ કરે છે. ઘણા લોકો એવા ખયાલમાં હોય છે કે નાડીના ધબકારા વડે ખરેખરો રોગ પારખી શકાય છે. આ ભ્રમ છે. નાડીના ધબકારા રોગની ઓળખ ભાગ્યે જ કહી શકે છે. જરૂર પડયે દાક્તર ઉષ્ણતામાન માપે છે. ઘણા રોગોમાં ઉષ્ણતામાન ૯૮·૬ અંશ કરતાં વધારે હોય છે.


લોહીનું દબાણ

લોહીનું દબાણ માપવા વપરાતા સાદા સાધનનું નામ સ્ફીગ્મોમેનોમીટર છે. વાયુભારમાપકમાં જેમ હવા પારાને નળીમાં ઊંચો ચડાવે છે, તેમ આ યંત્રમાં લોહીવાહિનીઓનું દબાણ પારાને ઊંચો ચડાવે છે. દાક્તર રબરનો પોલો પાટો હાથે વીંટાળે છે; તેમાં હવા ભરે છે; હવાના દબાણથી નાડી બંધ થઇ જાય ત્યારે દાક્તર હવા ભરવાનું બંધ કરી ઊંચે ચડેલા પારા સામેનો આંક જોઈ લે છે. આ આંકડો સિસ્ટોલિક દબાણ, જે ૯૦થી ૧૪૦ મીલિમિટર વચ્ચે હોય છે, તે સૂચવે છે. પછી દાક્તર થોડી હવા કાઢી નાખે છે, અને સ્ટેથોસ્કોપ વડે એક ઊંડા અવાજને પકડી પાડે છે. આ વખતે પારો ૬૦થી ૯૦ વચ્ચે હોય છે. આ આંક ડાયાસ્ટોલિક દબાણ સૂચવે છે. હૃદયના સ્નાયુઓ જ્યારે ઢીલા હોય એટલે કે આરામ કરતા હોય ત્યારે જે દબાણ નોંધાય છે તેને ડાયાસ્ટોલિક દબાણ કહે છે. લોહીનું દબાણ હમેશાં એકધારું નથી હોતું. ઉંમર, માનસિક સ્થિતિ, રોગના પ્રકાર વગેરે સાથે દબાણનો આંક વધેઘટે છે. 'દબાણ વધારે હશે તો ?' એવો દર્દીનો ભય પણ આંક વધારી દઈ શકે છે!


(અનુસંધાન પછીના પૃષ્ઠ પર)




ઇલેકટ્રોકાર્ડિયોગ્રાફ: હૃદયની કામગીરીનો આલેખ મેળવવાનું સાધન




તંદુરસ્ત માણસનો ઈલેકટ્રોકાર્ડિયોગ્રામ. એમાંના ઊંચાં ને નીચાં બિંદુઓ હૃદયની ઢીલી ને તંગ સ્થિતિ દર્શાવે છે.






હીમોસીટોમીટર

લોહીના લાલ કોશ ગણવાનું સાધન. ઉપર એનો બાજુનો દેખાવ ને તેની નીચે અતિ બારીક આંકાવાળી પ્લેટ છે. આ પ્લેટને સાધન પર મૂકતાં એમાંની વચલી પટ્ટી ને તેની વચ્ચે ૦·૧ મિલિમીટરની જગ્યા પડે છે. એ ગાળામાં લોહીનું દ્રાવણ રાખીને પ્લેટ પરના આંકાની સહાયથી તેમાંના લાલ કણોની સંખ્યા ગણવામાં આવે છે. દરેક આંકા વચ્ચે ૦-૦૫ મિલિમીટરનું અંતર હોય છે.



સ્ફીગ્મોમેનોમીટર. લોહીનું દબાણ માપવાનું સાધન



સ્ફીગ્મોમેનોમીટરમાં હૃદયનાં સંકોચનોનો પડઘો પાડતી નાડીના ધબકારા નળીમાં પારાને ઊંચો રાખે છે ને એ રીતે લોહીનું દબાણ આંકડામાં વ્યક્ત કરે છે. જમણીબાજુની આકૃતિમાં ગેસ્ટ્રો એનાલીસિસ એટલે કે જઠર રસોના પૃથક્કરણનો આલેખ છે. એ તપાસમાં મોં વાટે જઠર સુધી રબરની એક નળી પેટમાં ઉતારીને અમુક નિશ્ચિત સમયે જઠરરસ ખેંચી એની તપાસ કરાય છે. એથી જઠરના રોગોનું નિદાન સરળ બને છે. એમાં પિત્ત, લોહી, મ્યૂકસ તથા તેજાબનું પ્રમાણ જાણવા મળે છે. સાથેના નમૂનામાં મુક્ત તેજાબ-મીઠાના તેજાબનો અભાવ અને એ દ્વારા એકલોરહાયડ્રિયા નામના રોગની હાજરી છતી થાય છે.

'ઇલેક્ટ્રો-કાર્ડિયોગ્રાફ' હૃદયનું ચિત્ર આપતું વીજળિક સાધન છે. તે હૃદયની કામગીરી વીજળીમોજાંના રૂપમાં સ્વીકારીને વાંકાચૂંકા આલેખમાં નોંધે છે. એ ફ્રૂપરથી હૃદયના રોગ વિષે ઉપયોગી માહિતી મળે છે.

લોહી

લોહીની તપાસ કરવાની ઘણી રીતો છે. કેટલીક તપાસમાં આંગળીના ટેરવા કે કાનની બૂટમાં ટાંકણી ભોંકીને ટીપું લોહી લેવામાં આવે છે. બીજા કિસ્સાઓમાં શિરામાંથી ચમચીપૂર લોહી લેવું પડે છે. લોહીનું નિરીક્ષણ સૂક્ષ્મદર્શક દ્વારા કરવામાં આવે છે. લોહીમાં રહેલા લાલ ને સફેદ કોશની ગણતરી કરવામાં આવે છે. તંદુરસ્ત માણસના લોહીમાં દર ઘન સેન્ટિમીટરે ૫૦ લાખ લાલ કોશ તથા ૫૦૦૦થી ૧૦,૦૦૦ સફેદ કોશ હોય છે. લાલ કોશની ઓછી સંખ્યા સંભવિત એનામિયા કે પાંડુરોગનો નિર્દેશ કરે છે. સફેદ કોશની સંખ્યા વધારે પડતી હોય તો શરીરમાં ક્યાંક પાક-પરૂ હોવું જોઇએ એમ તે તારવે છે. લ્યુકેમિયા નામના લોહીના કૅન્સરમાં પણ સફેદ કોશની વૃદ્ધિ જણાયછે.

એરીથ્રોસાઇટ સેડિમેન્ટેશન નામની તપાસમાં લોહીને જામી જતું અટકાવે એવા રસાયણ સાથે ભેળવીને કાચની નળીમાં રાખવામાં આવે છે. લાલ કોશ જેટલા જલદી નળીને તળિયે બેસે તેટલે અંશે શરીરમાં અવ્યવસ્થા હોવાનું દાક્તર નક્કી કરે છે.

લોહીની વિસ્તૃત તપાસમાં દાક્તર લોહીનો પ્રકાર નક્કી કરે છે; તેમાં આર એચ ફૅક્ટરની હાજરી કે ગેરહાજરી નોંધે છે; સાકરનું પ્રમાણ માપે છે; તેમાં હોરમોન વગેરે સત્ત્વો પૂરતા પ્રમાણમાં છે કે નહિ તે તપાસે છે. શસ્ત્રક્રિયા પૂર્વે લોહીના જામવાના ગુણને ચકાસી જોવામાં આવે છે. જો લોહીમાં આ ગુણ ન હોય તો શસ્ત્રક્રિયા જોખમી નીવડે છે.

કોઈ વાર લોહીમાં કોઇ પદાર્થ ઇંજેકશન વડે દાખલ કરવામાં આવે છે. દાખલા તરીકે, બ્રોમસલ્ફેલિન તપાસમાં એક હાથે એક રંગનું ઇંજેકશન આપી, અરધા કલાક પછી બીજા હાથેથી લોહી લઈ તેનું પૃથક્કરણ કરવામાં આવે છે. જો પેલો રંગ નામશેષ થઈ ગયો જણાય તો તેને કાળજાની યોગ્ય કામગીરીનું ચિહ્ન લેખવામાં આવે છે.

પેશાબ

મૂત્રપિંડની રાસાયનિક તપાસથી લોહીના પ્રમાણમાં કાઢવામાં આવતા પેશાબનાં દ્રવ્યોની માહિતી મળે છે. ફિનોલસલ્ફોન્ફથેલિન નામના રંગ વડે મૂત્રપિંડ નકામા પદાર્થો કેટલી ઝડપથી લોહીમાંથી દૂર કરી શકે છે, તે જાણવા મળે છે.

પેશાબના પૃથક્કરણમાં અસામાન્ય પદાર્થો જડી આવે ત્યારે દર્દીના દરદ વિષે વધારે સ્પષ્ટ નિદાન કરી શકાય છે. જેમકે, પેશાબમાં સાકરની હાજરી ૯૯ ટકા કિસ્સામાં મધુપ્રમેહ સૂચવે છે. મૂત્રપિંડ અથવા નીચલા ભાગના કોઈ અંગમાં લોહી વહેતું હોય તો તે પેશાબમાં જણાઇ આવે છે. પેશાબમાં આલ્બ્યુમિનની હાજરીનો અર્થ એ થયો કે શરીર પ્રોટીનનો પૂરતો ઉપયોગ કરી શકતું નથી. નેફ્રાઇટિસ નામના મૂત્રપિંડના સોજાની શકયતા દાક્તર નકારતા નથી. કોઈ વાર તે હૃદયનો રોગ પણ સૂચવે છે. પેશાબમા કેટોન રસાયણોની હાજરી શરીરની ચરબી વાપરવાની અશક્તિનું ચિહ્ન છે. દાક્તર એસિડોસિસ નામના રોગ માટે વધુ તપાસ કરે છે. આ જ રીતે, પેશાબની તપાસને આધારે દાક્તર દરદીને વિટામિનની જરૂર છે કે નહિ, તે અફીણનો વ્યસની છે કે કેમ વગેરેનો જવાબ પણ આપી શકે છે.

ગળફો-ઝાડો

તપાસને પાત્ર બીજા પદાર્થોમા ગળફો તથા ઝાડો મુખ્ય છે. ગળફાના રૂપ ઉપરથી બ્રૉન્કાઇટિસ, રંગ ઉપરથી ન્યુમોનિયા, ફીણ ઉપરથી અસ્થમા કે દમ જેવા રોગોનાં અનુમાન કરવામાં આવે છે. ક્ષય કે ન્યુમોનિયાના બૅક્ટીરિયા જીવાણુઓને રંગવાથી જોઈ શકાય છે. ઝાડાનાં રૂપરંગ, ગંધ તથા જીવાણુઓ આંતરડાના રોગ વિષે માહિતી આપે છે.

બેસલ મેટાબોલિઝ્મ તપાસ આપણે ત્યાં અજાણી છે. શાંતિની સ્થિતિમાં શરીર કેટલો પ્રાણવાયુ વાપરે છે, તે જાણવા આ તપાસ થાય છે. આદર્શ આંક શૂન્ય છે. દર્દીના ઉચ્છ્વાસ પરથી એક યંત્ર વત્તા અથવા ઓછામાં પ્રાણવાયુ દહનનો આંક આપે છે. મોટા કરતાં બાળકનો તથા સ્ત્રી કરતાં પુરુષનો આ આંક વધારે હોય છે. પરિશ્રમીનો આંક પણ ઊંચો હોય છે. નીચો આંક દાક્તરને ગળામાં રહેલી થાયરૉઈડ ગ્રંથિની તપાસ કરવા પ્રેરે છે. ગ્રંથિઓની કામગીરી સાથે પ્રાણવાયુનું દહન ઝડપી બને છે.

એકસ-રે

એકસ-રેથી આપણે સારી રીતે પરિચિત છીએ. દવાખાનાનો રેડિયોલૉજિસ્ટ સ્ક્રીનિંગ વખતે તેજસ્વી કાચ ઉપર શરીરના અંદરના ભાગો બતાવતું ચિત્ર ઝડપથી જોઈ લઈ નોંધ કરી લે છે. બીજા કિસ્સામાં એકસ-રેની નેગેટિવ છબીનું દાક્તર અવકાશે નિરીક્ષણ કરી ઉપયોગી માહિતી મેળવે છે. ક્ષય, હાડકાં તથા સાંધાનાં જોડાણ વગેરે વિષે તે સ્પષ્ટ માહિતી આપે છે. એકસ-રેમાં હૃદયનો આકાર જણાઇ આવે છે. ટેટ્રા આયોડોફથેલિન નામની દવા લેવાથી દર્દીના પિત્તાશયની આકૃતિ પણ છબીમાં જણાઈ આવે છે. તે પથરીના રોગ વિષે માહિતી આપે છે. બેરિયમ લેવાથી જઠર તથા આંતરડાંના આકાર જણાઈ આવે છે. પાચનમાર્ગમાં ગાંઠ કે ચાંદું થયું હોય તે પણ દેખાય છે.

જ્ઞાનતંત્ર

જ્ઞાનતંત્રની સ્થિતિ જાણવા દાક્તર એક ખૂબ સાદી તપાસ કરે છે. દર્દીના ઘૂંટણ ઉપર તે રબરની હથોડીથી ટકોરી મારે છે. શરીરનું અનૈચ્છિક જ્ઞાનતંત્ર સારી હાલતમાં હોય તો દાક્તરના ટકોરે નીચલો પગ આપોઆપ ઊછળે છે. લકવાના દર્દીમાં આમ નથી થતું. બેબિન્સ્કી તપાસમાં પગના તળિયાને ટકોરવામાં આવે છે. જો પગનો અંગૂઠો નીચો વળવાને બદલે ઊંચો વળે તો તેને જ્ઞાનતંત્રની ખામી લેખવામાં આવે છે. ત્રીજી રીતમાં આંખમાં એકાએક પ્રકાશ ફેંકવામાં આવે છે. આંખની કીકીનું દ્વાર જોઇતા પ્રમાણમાં સંકોચાય નહિ તો તે જ્ઞાનતંત્રની ખામી ગણાય છે. દાક્તર ફરતી આંગળી અથવા પેનસિલ જોવાનું દર્દીને કહે છે, અને તે ઉપરથી ઉપયોગી માહિતી મેળવે છે.

ઓપ્થેલ્મોસ્કોપ નામનું સાધન આંખના જ નહિ, બીજાં દર્દોનાં ચિહ્નો પણ પકડી પાડે છે. મધુપ્રમેહ તથા લોહીનું દબાણ આંખમાં ફરતા લોહી પર અસર કરે છે, અને તે ઉપરથી આ રોગોનું નિદાન થઈ શકે છે. દાક્તરો આવાં બીજાં 'સ્કોપ' પણ વાપરે છે.

બાયોપ્સી નામની પ્રક્રિયામાં શરીરના અમુક અંગમાંથી અલ્પ ટુકડો કાપી લઈ તેની તપાસ કરવામાં આવે છે. અમુક ગાંઠના કોશની તપાસ પરથી તે કૅન્સરની છે કે સાદી તે નક્કી થાય છે. વૃષણની પેશીની તપાસ પરથી નપુંસકતાનું કારણ વૃષણની અકાર્યક્ષમતા છે કે માર્ગમાં અવરોધ છે, તે કહી શકાય છે.

દરેક દરદીને હમેશાં આટલી ઊંડી તપાસમાં ઊતરવું પડતું નથી. અહીં વર્ણવેલી કેટલીક તપાસ-પ્રક્રિયાઓ તો કોઈ ખાસ રોગના વહેમ હોય તો જ હાથ ધરવામાં આવે છે. આમ છતાં, હજુ એવી ઘણી તપાસ-પ્રક્રિયાઓ છે જે ખાસ સંજોગોમાં નિષ્ણાતો જ હાથ ધરે છે.

આવી તપાસો વડે શરીરનું રહસ્ય છતું થાય છે. એટલે આવી તપાસ વખતે ભય અને ચિંતા ખંખેરી નાખી દરદી સહકારી વલણ દાખવે તો દાક્તરનું કામ સરળ બને ને રોગ જલદી પરખાય. આધુનિક દાક્તરી તપાસ એ બે સદીથી વધારે સમયની વૈદકીય પ્રગતિની નીપજ છે.

સ્મરણીય વ્યક્તિ · ૯

ઠાકોર મૂળવાજી

લેખક
મુકુન્દરાય
વિજયશંકર
પારાશર્ય



મારા દાદા કાનજીભાઇ કોટડા-સાંગણીમાં રાજવૈદ્ય હતા. ત્યાં કાયમી નોકરી કરવાની તેમની ઈચ્છા ન હતી; પણ ઇ.સ. ૧૮૭૮માં ઠાકોર શ્રી તોગાજી મરણપથારીએ હતા ત્યારે છ વર્ષની ઉમરના કુંવર મૂળવાજીને પગે લગાડી કાનજીભાઇને કહ્યું, 'આ કુંવર ધાર્મિક, ગોબ્રાહ્મણપ્રતિપાલ રાજા થાય તેમ ઈચ્છું છું. એને ખાતર તમે કોટડા છોડી ન જશો. તમને અમે રાજના નોકર કે વૈદ્ય નહિ પણ કુટુંબના ગુરુ ગણ્યા છે.' ઠાકોરની એ ઈચ્છાને માન આપી તેઓ કોટડે રહ્યા.

મૂળવાજી માતૃભક્ત હતા. માતુશ્રી જામબા પાસે કાનજીભાઇ રોજ શ્રીમદ્ ભાગવત કે રામાયણ ઈત્યાદિ વાંચતા તે વખતે મૂળવાજી માની ગોદમાં બેસી તે સાંભળતા. રાજકોટની રાજકુમાર કૉલેજમાં એ અભ્યાસ કરતા તે દરમિયાન માતુશ્રીની સાથે દ્વારકા, પ્રભાસ વગેરે તીર્થસ્થળોએ યાત્રા કરેલી ત્યારે તે તે સ્થળોની પૌરાણિક કથાઓ કાનજીભાઈ પાસેથી સાંભળેલી. ધાર્મિક વિકાસ અને રાજપુત્ર તરીકેનું કર્તવ્યભાન કુમારમાં જોઇને વૈદ્યરાજને સંતોષ હતો; છતાં તેમને લાગતું કે તળ કોટડામાં કે કૉલેજમાં ભાવી રાજાને યોગ્ય એવા સમવયસ્ક મિત્રો એને ન હતા અને કોઈ કોઇ વાર અયોગ્ય મિત્રો સાથે તરુણ મૂળવાજી મહત્ત્વનો સમય બગાડતા.

બાવીશ વર્ષની વયે ઈ. ૧૮૯૪માં ઠાકોર ગાદીએ બેઠા, એ પછી એક દિવસ બપોર પછી, રોજના ક્રમ પ્રમાણે, વૈદ્યરાજ કાનજીભાઈ દરબારગઢમાં ગયા. ઠાકોર ત્યારે મિત્રો સાથે માઢ મેડી પર બેઠા'તા. સાથે બીજાં રજવાડાંના કુમારો પણ હતા. એ મિત્રો વચ્ચે સ્ત્રીપ્રસંગની ચાલતી ચર્ચામાં મૂળવાજી ઠાકોર રસપૂર્વક ભાગ લઈને જાતે જ કંઈ બોલતા હતા અને તેનાં વાક્યોની તારીફ કરતા મિત્રો ટાપશી પુરાવતા હતા, એ જ વેળા વૈદ્યરાજે મેડીનો દાદરો ચડતાં એ સાંભળ્યાં. દાદરે તેમની પાઘડી જોઇને મૂળવાજી બોલતા અટકી ગયા, મિત્રો હસતા બંધ થઇ ગયા. વૈદ્યરાજ દાદરો ચડી, ઠાકોર પાસે જઈ, રિવાજ પ્રમાણે નમન કરી બોલ્યા: 'ઠાકોર હું ઉપર આવતો હતો તે વખતે આપ કંઈક બોલતા હતા, પણ અચાનક અટકી ગયા. એવું શું હતું?'

મૂળવાજી ઠાકોરે કહ્યું, 'વૈદ્યબાપા! તમને એ કહેવાય એવું નથી.'

કાનજીભાઇએ પૂછ્યું 'છુપાવવી પડે તેવી કોઈ રાજની બાબત હતી?'

ઠાકોરે કહ્યું, 'ના એવી તો વાત ન હતી.'

'તો પછી કહેવામાં શી હરકત છે?'

'પણ એ તમને કહેવાય તેવી નથી.'

'એમ બને જ નહિ. રાજા તો એવી જ વાત બોલે કે જે સાંભળવામાં સારી હોય; ન કહેવાય તેવી વાત રાજવીના મુખે ન હોય.' વૈદ્યરાજે કહ્યું; 'મારી આટલી ઉંમર સુધીમાં હું તો એમ જ સાંભળતો આવ્યો છું ને શાસ્ત્રપુરાણના વાચનથી સમજતો આવ્યો છું કે રાજા તો પ્રજા રૂપી માળાનો મેર છે. નરવર એટલે મનુષ્યોમાં સહુથી વધારે સદ્ગુણવાળો પુરુષ. એટલે રાજા તો હમેશાં પ્રજાકલ્યાણની કે એવી જ કોઈ સારી વાત બોલે. એ એટલી ગંભીર અર્થવાળી હોય કે જો એની વાત યાદ રાખી હોય તો જીવનમાં ખરે ટાણે ઉપયોગી થાય. રાજાનું જીવન અને તેની વાણી એટલે પ્રજાનું કલ્યાણ. આ કારણે હું તો એમ માનું છું કે આપ રાજા થઈને પ્રજાકલ્યાણની કોઈ મહત્ત્વની વાત કરતા હતા પણ મારાથી છુપાવો છો.'

આ વાક્યો સાંભળીને મૂળવાજી ઠાકોર પોતે બેઠા હતા ત્યાંથી તુરત ઊભા થઈ કાનજીભાઇને ચરણે નમ્યા. વૈદ્યરાજે તેમને બેઠા કરી સામે વંદન કરી કહ્યું: 'સેવકને નમવાનો રાજાને અધિકાર નથી.'

મૂળવાજી ઠાકોરે કહ્યું; 'હું જે બોલેલો તે રાજાને યોગ્ય ન હતું તેથી એ વાતથી મને શરમ આવે છે. હવેથી એવી ભૂલ નહિ થવા દઉં.'

અને મૂળવાજી ઠાકોરે ત્યારથી કાનજીભાઇને ગુરુપદે સ્થાપી તેમના ઉપદેશ પ્રમાણે વર્તવું શરૂ કર્યું. આ વાત ઈ. ૧૯૧૨માં મારા દાદા કાનજીભાઇના અવસાન પછી ઠાકોર મૂળવાજીએ પોતે મારાં પિતામહીને કરેલી અને એ મારાં પિતામહીએ મને ઈ. ૧૯૩૬માં કરી.

ઠાકોર મૂળવાજી સ્વભાવથી ધર્મપરાયણ હતા. રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં એ આઠ વર્ષની વયથી ભણતા, કૉલેજજીવન દરમિયાન બીજા રાજકુમારોનો આગ્રહ છતાં એ મિજબાનીઓમાં કે એકાન્તમાં શરાબ લેતા નહિ. બીજાઓથી જુદા તરવાઈ જતા અને મશ્કરીનું પાત્ર પણ ક્યારેક બની જતા, પણ એ નિયમને તેમણે કદી તજ્યો નહિ. તેમણે ત્રણ લગ્ન કરેલાં, ત્રણ રાજકુંવર જન્મેલા, પણ થોડા દિવસોનું આયુષ્ય ભોગવીને તે ગુજરી ગએલા. રાજવારસની ખોટ હતી, પોતે રાજા હતા, સશક્ત યુવાન હતા, અને સગાંસબંધીઓનો આગ્રહ હતો, છતાં લગ્ન ન કરતાં તે ઉત્તર વાળતા: 'જો રાજવારસ રાખવો હોત તો ભગવાને જીવાડ્યો હોત. જે રાણી સાહેબ છે તેથી જન્મે તો ઠીક છે. મારે વધુ લગ્ન નથી કરવાં.'

મૂળવાજી ઠાકોરને નાનપણથી પશુઓ પ્રત્યે મમતા હતી. ગૌશાળામાં જઈ ગાયવાછરડાંને નીરણ કરીને તેને પંપાળવાની તેમની ટેવ આઠદશ વર્ષની વયથી હતી. ઘોડેસવારીનો ભારે શોખ હતો. રાજકુમાર કૉલેજમાં ભણતા ત્યારે તે ઘોડાંને કેળવનાર તરીકે પંકાએલા. જે તોફાની ઘોડાને ભલભલા માણસો કાબૂમાં ન રાખી શકતા તેને આ કિશોર મૂળવાજી ટૂંક સમયમાં કાબૂમાં લાવી દેતા ને તે ઘોડું પણ નમ્રતાથી વર્તે તે રીતે તેને હેત કરતા. મૂળવાજી ઠાકોરનો આ ઘોડાંનો શોખ એટલો બધો વધેલો કે રેઈસ માટે તે ઘોડાં રાખી ઉછેરીને કેળવતા ને શરતમાં જીતાડતા. એમની ઘોડાંની રખાવટ પાછળ એકલો ખર્ચ ન હતો, પણ પશુ પ્રત્યેની અત્યંત લાગણી પણ હતી. પશુની કાળજી એ સંતાન પેઠે લેતા. દરેક ઘોડાની દેખરેખ માટે જુદો

માણસ હોવા છતાં ઘોડાંની ચંદીનીરણ બાબતમાં પોતે ધ્યાન દેતા. યુરોપિયન અમલદારો આખા હિંદમાંથી તેમની ઘોડા’ર (ઘોડા-હાર) જોવા કોટડે આવતા અને ખુશ થતા. હાલાર પ્રાન્તના તે વખતના પોલિટિકલ એજન્ટ એફ.ટી.બી. હેનકૉકે મૂળવાજી ઠાકોરની ઘોડાં પ્રત્યેની લાગણીભરી સેવાથી ખુશ થઈ તારીફ કરતાં લખેલું: ‘જો હું ઘોડો સરજાઉં તો અહીં કોટડા-સાંગણીના જ તબેલામાં રહેવાનું પસંદ કરું!’

પણ આ ઘોડાંથી વધુ સેવા તે ગાયની કરતા. નાનપણથી ગાયો પ્રત્યે મમતા હતી. તેમાં વૈદ્યરાજ કાનજીભાઈનાં બહેન રતનબહેન મોરબીથી કોટડા-સાંગણી આવ્યા ત્યારે ગામને પાદર માંદી ગાયને જોઈને તે ગાયને ગાડામાં નંખાવી ભાઇને ઘેર પોતાની સાથે આણી ને તેની સેવા કરી સાજી કરી, એ જોઈ રતનબહેન પાસે જાતે જઈ તેમણે ગોસેવા વિષે પ્રશ્નો કરેલા; અને તે પછી મૂળવાજી ઠાકોરની ગોસેવા વધતી ગઈ. વહેલી સવારે ઊઠી, અંધારામાં ગાયોને નીરણ કરી હાથ ફેરવતા. ગાયો ઘણી હતી, પણ અમુક ગાયોને પોતે જ દો’તા. પૂજામાંથી પરવારી, ફરી ગૌશાળામાં જઈ, ખડ-ખાણ નાખી પંપાળતા. શેરડી, લાપશી વગેરે ખૂબ ખવડાવતા અને ગાયો સીમમાં ચરવા જાય ત્યારે દરબારગઢના ડેલા સુધી પોતે વળાવવા જતા. ગાયોને પણ મમતા એવી હતી કે ક્યારેક કોઈ ગાય જતાંજતાં મૂળવાજી પાસે ઊભી રહેતી, ત્યારે ‘માડી, આવજો, ચરી આવીને સંભાળ લેજો’ એમ એ કહે ત્યારે જ તે ગાય જતી. સાંજે સીમમાંથી આવતી ગાયો માટે પોતે તૈયાર કરાવેલું ખાણ મુકાવતા. ખાણ ઉત્તમ જાતનું તૈયાર કરાવતા એટલું જ નહિ, પણ અમુક અમુક ખેતરોમાં ખાસ પાક તૈયાર કરાવી તે ઊભો પાક ગાયો પાસે ચરાવી દેતા.

મૂળવાજી ઠાકોરને ગાયો ચારવાનો પણ શૉખ હતો. ખાવાનો રોટલો ખેસમાં બાંધી તે અવારનવાર ગાયોનાં ધણને સીમમાં ચારવા લઈ જતા ને આખો દિવસ તેમની સેવામાં ગાળતા. ચોમાસાના ચાર માસ એ રીતે એકધારી સેવા કરવા ઉપરાંત તે શ્રાવણ માસમાં ઉઘાડે પગે ગાયોને ચારતા. ચારતી વખતે પરોણો રાખતા પણ ગાયને એ પરોણો ઉગામતા પણ નહિ. ગાયોને ઠાકોર પ્રત્યે એટલો ભાવ હતો કે વાછડું ધાવતું હોય એવે વખતે જો મૂળવાજી નામ દઈને ગાયને દૂરથી બોલાવે તો વાછરડાંને ધવડાવવું મૂકી તે ગાય ભાંભરતી ને હીંસોટા કરતી મૂળવાજી તરફ દોડી આવતી! કોઇવાર ઠાકોર પોતાના સવારોને પોતા પર હુમલો લઈ આવવાનું કહેતા, અને એ રીતે હુમલો લઈ વીશત્રીશ ઘોડેસવારો ધસી આવે ત્યારે એ ગાયો, પરોણાનો ટેકો લઈ ઊભેલા મૂળવાજીને ફરતી ગઢ પેઠે ઘેરાઇ જતી અને પૂંછડાં ઊંચાં કરી, માથાં નમાવી શીંગડાં કાઢી ઘોડેસવારોને મારવા ધસતી! એક વખત તો ખરેખર બા’રવટિયાઓ સામે ગાયોએ આ રીતે પોતાના ઠાકોરનું રક્ષણ કરેલું. ઠાકોરને ગાયો પ્રત્યે એટલી ભક્તિ હતી કે તેઓની સેવામાં આંચ ન આવે માટે પોતે અનિવાર્ય કારણ સિવાય બહારગામ પણ ન જતા. ઉંમર થતાં મૂળવાજીને હૃદયરોગ થએલો, છાતીમાં સખત દુ:ખતું હતું, મોડી રાત્રે બધાં તેમની હજૂરમાં ઊભાં હતાં એ વખતે ગૌશાળામાં ગાયને ભાંભરતી સાંભળી તે જાતે લાકડીને ટેકે ફાનસ લઈ ત્યાં દોડી ગએલા ને ત્યાં તપાસ કરતાં સર્પ જોવામાં આવતાં પોતે તરત તેને લાકડીથી દબાવી દીધો ને પકડાવી નદીને સામે કાંઠે મોકલાવી દીધો. સર્પને પણ તે મારતા કે મરાવતા નહિ.

શરાબને તે કદી સ્પર્શ પણ ન કરતા ને કેવળ શાકાહારી હતા. એક વખત એક મોટા રાજ્યના રાજા મહેમાન હતા તેને પોતે મોભા પ્રમાણે એ સગવડ આપી રીઝવ્યા, પણ પોતે ખાણા પર ન ગયા. મહેમાનને બહુ ખોટું લાગ્યું ને કહ્યું: ‘આ તો મારું અપમાન છે. હું ચાલ્યો જઈશ.’ મૂળવાજી ઠાકોરે કહ્યું ‘એ આપની મરજીની વાત છે. હું શાકાહારી છું ને તે ધર્મ છોડવા માગતો નથી.’ મૂળવાજી ક્યાં યે જમવા ન જતા. શાકાહારમાં પણ કેવળ સાત્ત્વિક આહાર લેતા. શરીરે સાબુ કે અત્તર ન લગાડતા. શિયાળામાં ક્યારેક નવશેકે પાણીએ નહાતા, બાકી ઠંડે પાણીએ જ નહાતા. તદ્દન સાદાં, સફેદ સ્વચ્છ કપડાં પહેરતા, પાનસોપારી ચા કે એવી કોઈ ટેવ ન હતી ને બહાર જાય ત્યારે પટાવાળાઓને પણ સાથે ન રાખતા. પ્રજામાં કોઈને ત્યાં આપમેળે ચાલીને જવામાં નાનમ ન ગણતા. ઊંડી ભગવદ્પરાયણતા સાથે તેમનામાં સર્વ ધર્મ પ્રત્યે સદ્ભાવ હતો. સાધુ-સંન્યાસીને તેમ સાંઇ-ફકીરને તે માન આપતા ને રમઝાન-મોહર્રમ વખતે મુસલમાનોને સાકરનું શરબત પાતા.

એક ઉત્તમ રાજાને છાજે તેવો રાજ્યવહીવટ એ ચલાવતા અને સારાં કુટુંબો પોતાના રાજ્યમાં રહે તે માટે તેમને જમીન, ખેતર, મકાન વગેરે આપતા. વૈદ્યરાજ કાનજીભાઈ પાછા મોરબી જવા માગતા હતા તેમને જમીન બક્ષિશ આપી વીનવીને રાખેલા. એ વૈદ્યરાજના અવસાન વખતે તેના બે પુત્રો નાના હતા ને હજી અભ્યાસ કરતા તેથી વૈદ્યરાજના ભત્રીજા અને ભાવનગર રાજ્યના દીવાન પ્રભાશંકર પટ્ટણી એ કુટુંબને ભાવનગર લઇ જવા માગતા હતા. એ સમાચાર સાંભળતાં મૂળવાજી ઠાકોરનું હૈયું ભરાઈ આવ્યું. તેમણે કહ્યું: ‘આ વાત સાંભળું છું ત્યારે લાગે છે કે મારી જિંદગીનાં આટલાં વરસ પાણીમાં ગયાં. વૈદ્યબાપા મારા ગુરુ હતા, પિતા હતા. હું હવે ઝાઝું નથી જીવવાનો. હું બેઠો છું ત્યાં સુધી છોકરાઓને હું અળગા નહિ થવા દઉં.’ ને એમણે પોતાના જીવતાં છોકરાઓને જાતદેખરેખ તળે રાખ્યા.

મૂળવાજી જગદંબાના પરમ ઉપાસક હતા. નાહીધોઇ ભસ્મ લગાવી બે વખત રોજ પૂજાપાઠ કરવા ઉપરાંત વર્ષમાં ત્રણ વખત નવરાત્રના અપવાસ કરતા અને મોટો ખર્ચ કરી આસો માસમાં નવરાત્ર ઊજવતા. બાળકોને તથા બાળાઓને પતાસાં ને શીખ જાતે આપતા. મોટા ચોકમાં ગરબીઓ લેવાતી ત્યારે પોતે ઘણીવાર ગરબીમાં ઊતરતા ને ગરબી ગવડાવતા, એમનો કંઠ સારો હતો, સંગીતનું ઊંડું જ્ઞાન હતું ને જાતે ગરબીઓ રચતા. એ ગરબી તથા નવરાત્રના ઉત્સવ જોવા આખા હિંદમાંથી સાધુસંન્યાસીઓ, રાજકુટુંબો ને ગૃહસ્થો આવતા, તેમનાં ઉતારાપાગરણની પૂરી ગોઠવણ જાતે કરાવતા ને વ્યવસ્થામાં આંચ ન આવે તે જોતા ખડે પગે ફરતા. કોઇવાર ગરબી વખતે નગારું કે ઢોલ બજાવવા પણ પોતે બેસી જતા. ઉત્તર હિંદુસ્તાનનો એક તબલચી એમને ઢોલ બજાવતા સાંભળી ખુશ થઇ પગે નમેલો.

આવા પરમ ભક્ત ને ઉદાર રાજવીમાં પદ્યરચનાની શક્તિ અને રમૂજવૃત્તિ પણ હતાં તેનું એક દૃષ્ટાંત છે. ‘ચૌદ લોકનો ગરબો કીધો રે મા, અંબાજી ગરબે ઘૂમે છે.’ એ પંક્તિથી શરૂ થતી એક પ્રસિદ્ધ ગરબી છે. કોટડામાં સહુ બાળકને પણ તે કંઠે હતી. એ વખતે કોટડામાં ડોસા મા’રાજ નામે બ્રાહ્મણ હતા તે દરબારમાં પૂજાપાઠ કરતા ને કથા વાંચતા. એનાં પત્ની બહુ તીખાં ને પતિને ઝૂડનાર હતાં એ વાત સૌ કોઈ જાણતું. નવરાત્રીની ગરબી શરદપૂનમ સુધી ચાલતી અને દશેરા પછી ઠાકોર સ્વરચિત ગરબીઓ ગવડાવતા. તેમાં એક વખત તેમણે શરૂ કર્યું:

‘ઘેર જાશો ને લાકડી લેશે રે મા, અંબાજી ઘરમાં ઘૂમે છે!’

આ પંક્તિ તો વર્ષો સુધી લોકકંઠે રહેલી.

એમની ભક્તિપરાયણતાની દ્યોતક અનેક પદ્યરચનાઓ હતી. દુર્ભાગ્યે તે ગ્રંથસ્થ ન થઈ; પણ તેમાંની એક પંક્તિ

‘રોતો મેલી બાળકને મા, ક્યાં ગયાં?’

તો તેમને કંઠે સાંભળનાર માણસો આજે પણ સ્મરણ કરતાં ગદ્ગદિત થઇ જાય છે.

રાષ્ટ્રીય કલા-પ્રદર્શન

ગઈ તા. ૨૦મી જાન્યુઆરીએ નવી દિલ્હી-માં લલિતકલા ગૅલેરીમાં આ વર્ષનું રાષ્ટ્રીય કલાપ્રદર્શન, ઉપરાષ્ટ્રપ્રમુખ ડૉ. ઝાકિર હુસેનના હાથે ખુલ્લું મુકાયું. પ્રદર્શન માટે આવેલી ૧૨૪૮ કૃતિઓમાંથી ૧૭૯ કલાકૃતિઓ પસંદ કરવામાં આવેલી, જેમાં ૧૨૯ ચિત્રો, ૩૪ શિલ્પો અને ૧૩ ગ્રાફિક્સ હતાં. સર્વશ્રી વી. આર. આંબેડકર, કે. કે. હેબ્બર, ધનરાજ ભગત, ગોપાલ દેઉસ્કર અને યજ્ઞેશ્વર શુક્લની નિર્ણાયક સમિતિએ સુવર્ણપદકના શ્રેષ્ઠ પુરસ્કારને પાત્ર કોઈ કૃતિને ન ગણતાં નીચેની દસ કૃતિઓને રૂ. ૧૦૦૦નું એક એવાં દસ પારિતોષિકને પાત્ર ઠરાવી:

જ્યોતિ ભટ્ટ: 'ડાર્ક લૅન્ડસ્કેપ'*
જ્યોતિષ ભટ્ટાચારજી (તૈલચિત્ર) 'ધ મૂન'
સોમનાથ હોરે (ઇચિંગ) 'ડ્રીમ'
રાઘવ કનેરિયા (લોહ-શિલ્પ) 'ફૉર્મ'
કે. કુલકર્ણી (તૈલચિત્ર) 'ડેથ ઑવ એ સૉંગ'
લક્ષ્મણ પૈ (તૈલચિત્ર) 'ઈક્લિપ્સ'
જેરામ પટેલ 'સ્ટડી ઈન સાઇલેન્સ III*
પીરાજી સાગરા (તૈલચિત્ર) 'મ્યૂટ વિન્ડોઝ'
ગૌતમ વાઘેલા (જલરંગી ચિત્ર) 'ડયૂ'
એસ. વોહરા (શિલ્પ) 'ફ્લ્યૂટ પ્લેઅર'

*નિશાનીવાળી કૃતિઓ તૈલરંગ સાથે 'કૉલાજ'ના મિશ્રણવાળી હતી. 'કૉલાજ' એટલે પ્લાઈવૂડના કે પતરાંના ટુકડા, નખ, દીવાસળીનાં ખોખાં, રેતી, કાંકરા, કાચના ટુકડા વગેરેને તૈલરંગો સાથે જ ચિત્ર ઉપર ચોટીને યોજેલું ભાતીગળ સંયોજન.

પારિતોષિક મેળવનાર દસ કલાકારો પૈકી અરધા ઉપરાંતના (છ) ગુજરાતીઓ છે એ હકીકત જેમ નોંધપાત્ર છે, તેમ એ વાત પણ નોંધપાત્ર છે કે સમગ્ર પ્રદર્શનનો ઝોક મૉડર્ન (અદ્યતન) કલા તરફ હતો, અને રડ્યાખડ્યા અપવાદ સિવાય બધી જ પારિતોષિકપાત્ર કૃતિઓ પણ 'મૉડર્ન' અને 'ઍબ્સ્ટ્રૅક્ટ' (અહેતુક) શૈલીની હતી એક સમીક્ષક લખે છે કે:

"પરીક્ષકોએ પસંદ કરેલી કૃતિઓ સિવાયની કેટલીક કૃતિઓ પણ પ્રદર્શનયોગ્ય ગુણશ ધરાવતી હતી એવો કેટલાક કલાવિવેચકોનો મત હશે; પણ જે કૃતિઓ જોવા મળી એ તો જનસમાજ કરતાં કલાવિવેચકોને જ નજર આગળ રાખીને પસંદ થઇ હોય એવી એકદમ 'મૉડર્ન' શૈલીમાં નખશિખ રંગાએલી હતી. જોકે અજંટા, લેપાક્ષી, રાજપૂત અને મુઘલ શૈલીઓના ઝોકવાળી પરંપરાગત કૃતિઓનો છેક અભાવ ન હતો, પરંતુ પ્રદર્શનનો સમગ્ર ઝોક તો હતો 'મૉડર્ન' અને 'ઍબ્સ્ટ્રૅક્ટ' (અહેતુક) કલા તરફ."

ઉપર ઉતાર્યા પ્રમાણે જો 'કલાવિવેચકોને જ નજર આગળ રાખવા'માં આવતા હોય તો કલાને આવશ્યક સાહજિક સ્ફુરણ અને અનુભૂતિની સચ્ચાઈ ક્યાં રહે? ઘણે સ્થળે એમ કહેવાતું સાંભળ્યું છે કે પ્રદર્શનોમાં 'મૉડર્ન' અને 'ઍબ્સ્ટ્રૅક્ટ' આર્ટને જ ઇનામો મળતાં હોવાથી પ્રદર્શન માટે એ જ શૈલીનાં ચિત્રો કરવાની અને કલાશાળામાં એ જ પ્રણાલિના અધ્યયનની સલાહ અપાય છે.

'મૉડર્ન આર્ટ'ના પુરસ્કર્તા એક મિત્ર સાથેની ચર્ચામાં એમણે જે વિચારો દર્શાવ્યા તે, એવી માન્યતા ધરાવનારાના લગભગ પ્રતિનિધિરૂપ લાગવાથી, 'કુમાર'ના વાચકોના લાભાર્થે લખી જણાવવા અમે એમને વિનતિ કરેલી. એમાંનો પ્રસ્તુત ભાગ ઉતારીએ.

"આજનો કલાકાર 'ફૉર્મ' અને 'સ્પેઇસ' (અને અવકાશ)ની ફિલ્સૂફીમાં પડેલો છે અને 'ફૉર્મ'ને તેના બાહ્ય સ્વરૂપમાંથી બહાર ખેંચી લાવવા મથે છે. પ્રત્યેક 'ફૉર્મ'ને પોતાનું 'આકાશ' છે, અને તેનો એકબીજા સાથેનો મેળ એ આજના કલાકારોનો મુખ્ય હેતુ છે. આ હેતુને પહોંચી વળવા તે રંગો, ટેક્શ્ચર, સર્ફેઈસ, કૉલૅટી, કુદરતમાંથી મળી આવતાં વિવિધ સ્ફુરણો (સજેશન્સ)નો આશ્રય લે છે. આ દૃષ્ટિએ પ્રત્યેક કલાકાર પોતાને સૂઝતી પ્રત્યેક વસ્તુને રજૂ કરવા માટે તે વસ્તુનો સાર (ઍબ્સ્ટ્રૅક્ટ) કાઢવા મથતો હોય છે, અને આ પ્રયોગમાં તેની લાગણીને અનુરૂપ માધ્યમમાં રહેલી શક્યતાઓનો ઉપયોગ કરતો હોય છે. એ રીતે આજનાં ચિત્રો કે શિલ્પોમાં ખીલા, સડી ગએલું લાકડું, તરડાઈ ગએલા રંગો ને ભંગાર વસ્તુઓનો—તૂટેલી દીવાલો કે એવી વસ્તુઓ જે તેને 'લાગણીવશ' કરે છે અને ચિંતન' કરતો કરી મૂકે છે. તેનો ઉપયોગ તે કરતો હોય છે. ચિત્ર કે શિલ્પ કઈ 'શૈલીએ' કે 'પદ્ધતિએ' કર્યું છે એ તેના સારા-નરસાપણાનો માપદંડ નથી, પણ કલાકારનો આત્મા તે દ્વારા શું કહેવા માગે છે, તેના પ્રત્યાઘાતો શા છે એમાં છે."


અત્યારે જે કલાસર્જન થઈ રહ્યું છે તે ઉપરના વિચારોના પ્રામાણિક ફલસ્વરૂપ હશે ખરું? પ્રત્યેક કલાકાર પોતાની અનુભૂતિની સચ્ચાઇને વળગી રહીને સર્જન કરે તે જરૂર આવકારપાત્ર ગણાય. પરતુ આજની હવાનાં બે લક્ષણો ચિંતાજનક લાગે છે: (૧) મૉડર્ન શૈલીએ કરવામાં આવે તે જ 'કલા' ને બીજી નહિ એવો દુરાગ્રહ અને (૨) પ્રદર્શનોમાં ઈનામો મળે છે અને 'ફૅશનેબલ' શ્રીમંતો તથા પેઢીઓ મોટાં દામ આપી એવી કૃતિઓ ખરીદે છે 'એટલા ખાતર' એ શૈલી અપનાવવાનું વલણ.

પશ્ચિમના કલાકારોને તેમના ત્યાંના જીવન-સંઘર્ષના પરિણામે અને પોતાના પ્રણાલિગત સંસ્કારોના દોર પર જે દર્શન લાધ્યું તેને અનુરૂપ શૈલીઓ તેમણે ઉપજાવી; અને ત્યાંના કલાવિવેચકોને તેમાં સાર્થક્ય સમજાયું તેની ચર્ચા તેમણે કરી. પણ આપણે નરી દેખાદેખીથી એ



'ભજનિકાઓ' —ખાટસૂરિયા

ઉપરનું ચિત્ર ચાલુ પદ્ધતિથી કંઈક જુદી જ રીતે કરેલું છે. પ્રથમ તો સ્વચ્છ ગુંદર પલાળી એનાથી એનું આલેખન કરી લીધું. (રેખાઓ જોઈ શકાય એટલા સારુ અંદર આછો શો રંગ પણ ઉમેરી શકાય) એ સુકાઈ ગયે આખા કાગળ પર વૉટરપ્રૂફ શાહી ચોપડી દીધી. આ શાહીમાં પણ ઘણા રંગ આવે છે એ વાપરી શકાય. એ પછી ચિત્રને પાણીથી ધોઈ નાખ્યું એટલે ગુંદર પીગળી જઈ નીકળી ગયો અને એને સ્થાને સફેદ (કે કાગળના મૂળ) રંગમાં રેખાઓ દેખાઈ આવી. શાહી વૉટરપ્રૂફ હોવાથી એમ ને એમ રહી. ભીણિયા રંગો (વૅક્સ ક્રૅયૉન કે ઑઈલ ક્રૅયૉન) પણ વાપરી શકાય.



શ્રી વોહરાનું કૉંક્રીટમાં કરેલું શિલ્પ 'બંસીવાદક' બંસી વગાડતા બે હાથથી સૂચિત આ ભાવકૃતિ વિશે વિવેચકોએ લખ્યું છે કે 'એમાંથી સંગીતના માધુર્યની આકૃતિ ઊપસતી હતી.'




શ્રી લક્ષ્મણ પૈના આ વિશાળ ચિત્રફલક 'ગ્રહણ'માં વિવેચકોને મતે 'અનિમેષ આંખોવાળા સ્ત્રીપાત્ર અને આસમાની રંગોમાં સજીવ મુગ્ધતા હતી.'





ઉપર: શ્રી પીરાજી સાગરાનું તૈલચિત્ર 'મૂગી બારીઓ'. જમણી બાજુ: શ્રી સોમનાથ હોરેનું એચિંગ 'સ્વપ્ન' જેમાં 'અભિવ્યક્તિનું સારલસ્ય અને ઊર્મિની આર્દ્રતા' હતી.



નીચે: જમણી બાજુ: શ્રી જેરામ પટેલનું 'ઇનૅમલ રંગો અને કોલાજ'માં કરેલું ચિત્ર 'સ્ટડી ઈન સાઇલેન્સ નંબર III'.

આ વર્ષના રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં ઈનામને પાત્ર ઠરેલી દસ કૃતિઓ પૈકીની પાંચ મૉડર્ન આર્ટની કૃતિઓમાં કલાવિવેચકો કેવું દર્શન કરે છે તે દર્શાવતાં થોડાં વાક્યો આ ઉપર તે તે કૃતિઓ નીચે અવતરણચિહ્નોમાં મૂક્યાં છે.

જ શૈલીએ અનુકરણ કર્યે જવું, અને ત્યાંના કલામર્મજ્ઞોએ ચાવેલા વિચારોના કોળિયા ગળે ઉતારવા એ હિતકર નથી. 'રશિયામાં વરસાદ વરસે તો અહીંના કૉમ્યુનિસ્ટો પણ છત્રી ઉઘાડે' એ વક્રોક્તિ જેવું જાણે કોઈ ઝનૂન આપણા કલાકારોમાં આજકાલ વ્યાપેલું લાગે છે. આ પરિસ્થિતિ સામે 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડયા'ના કલામર્મજ્ઞ તંત્રી શ્રી એ. એસ. રમણે અવારનવાર પોતાના તંત્રીલેખોમાં ચેતવણીના સૂર કાઢ્યા છે. એમાંથી ૧૯૬૨ના માર્ચની ૨૫મીના અંકમાંનો એક ફકરો ઉપકારક લાગવાથી અમારી ભાષામાં ઉતારીએ છીએ:

"'મૉડર્ન આર્ટ'(નવતર કલા)ના ટેકેદારોનો દાવો છે કે એ કાંઈ ચાર દિનનો ખેલ નથી, પણ ભારતની સમૃદ્ધિમાં જે અનેક રંગભાતોની બિછાત બની છે તેમાં એક અગત્યનો ભાગ પૂરે છે. એ 'આવૉંગાર્દ' (આવાં ગાર્દ) શૈલીમાં જે ચિત્રકારો કે શિલ્પકારો કામ કરે છે તેમની જ કૃતિઓ વેચાય છે. રૂઢ પરંપરાના ચિત્રકારોનો કોઈ ભાવે પૂછતું નથી. તેઓ 'આઉટ ઑફ ફૅશન' બની ગયા જણાય છે.

પરંતુ 'વેચાણની સફળતા' એ એક વાત છે ને 'કાર્યનો પ્રભાવ' એ બીજી બાબત છે. આપણા તરુણ ચિત્રકારો જે ફૅશનેબલ મૉડર્નિટી આજે અજમાવી રહ્યા છે તે આપણા કલાસમૃદ્ધિના વારસામાં સ્થાન પામશે એવી મને ખાતરી નથી; કારણ કે તે આખી યે ઉપજાવી કાઢેલી સરજત હોવાથી કલાકારની નિજી સંશોધન-સિદ્ધિ વગરની છે. પશ્ચિમના કલાસ્વામીઓનાં કામ (કે જે પણ હવે કાળની મુદત પામી ચૂક્યાં છે તે)નું નર્યું અનુકરણ કરવાથી 'મૉડર્ન' બની જવાતું નથી, —જેમ એ લોકો કાંઈ સાડી કે કિમોનો પહેરવા માત્રથી પૂર્વીય બની શકતા નથી.

ભારતમાં મૉડર્ન આર્ટ, બીજા દેશોની જેમ, વહેલામોડી પોતાના સમસ્ત આક્રમક સ્વરૂપે પ્રકટી નીકળવાની એ તો નક્કી. એ વિકાસ અનિવાર્ય પણ છે. પરંતુ કલાકાર જો તેની પાછળ રહેલો પ્રાણ પચાવીને પોતાનો અનોખો જ પ્રકાર નહિ ઉપજાવે (ચાવડા, હેબ્બર કે તય્યાની પેઠે) તો દેશમાં એ પોતાનાં મૂળ નાખી શકવાની નથી. આડાંઅવળાં ચોસલાંપાસલાં કે રંગોના અલટાપલટા નાખીને તેને ચિત્ર તરીકે ધકેલી દેવું તો કોઈ પણ ભારતીય કલાકારને માટે સહેલું છે. પરંતુ સાચી 'આકૃતિઓ રહિત' કળાના શુદ્ધોચ્ચ રૂપના લક્ષણ કે પ્રભાવ સમજવા માટે તો તેનામાં ઊંચા પ્રકારની એકાગ્રતા ને સત્યનિષ્ઠા જોઇએ.

તેનો અભિગમ બે રીતનો હોઈ શકે: કાં તો બુદ્ધિપૂર્વકનો, કાં તો આંતરસૂઝનો. પણ

એ બંને રીતમાં તેણે જાણે કે સમાધિની દશા પ્રાપ્ત કરવી પડશે અને પોતે જેના પર મુગ્ધ બન્યા હોય તે કલાસ્વામીઓને વિસરી જવા જોઇશે. ત્યારે જ એ પોતાના મનગમતા વિચારો તથા મૂલ્યોને વ્યક્ત કરે એવી નિજી શૈલી સર્જી શકશે. આમ, આજના મૉડર્ન હિંદી કલાકારોમાં જે ખૂટે છે તે શૈલીની કાબેલિયત નહિ પણ પ્રાણમય ભૂમિકા.

ગમેતેમ, પણ હવે રૂઢિપરંપરાથી ચીતરાતાં લાગણીપોચાં ને શરબતી ચિતરામણો માટે આજની નાની બનતી દુનિયામાં બહુ ઓછો અવકાશ રહેશે. તેને બદલે વિશ્વમાન્ય પ્રતીકો અને સારસ્વરૂપોનો નવો પ્રદેશવિસ્તાર આધુનિક ભારતીય કલાકાર માટે રાહ જોતો પડ્યો છે. પણ સવાલ એ છે કે એ પ્રદેશ ખેડવાના યોગ્ય પાથેયથી તે સજ્જ છે ખરો?"



બુદ્ધજયંતી ઉદ્યાનમાં સ્મારક

નવી દિલ્હીમાં બુદ્ધજયંતી ઉદ્યાનમાં રચાનાર ૩૬ ફૂટ ઊંચું આ સ્મારક ૭૫ ફૂટ વ્યાસના ધર્મચક્ર ઉપર ગોઠવાશે અને ભગવાન બુદ્ધનાં જીવન ને તત્ત્વજ્ઞાનના પ્રતીક રૂપ બની રહેશે. આ મૉડર્નિસ્ટિક સ્મારકનું અર્થઘટન કલાકારે કે સરકારે પ્રજા આગળ મૂકવું ઘટે.




વિનોદ અભાણી

સાચી લગની અને પરિશ્રમથી માણસ કલાના ક્ષેત્રમાં પણ કેવી પ્રગતિ કરી શકે છે તે ભાઈ વિનોદ અભાણીનો આ ઉપરનો સ્કેચ બતાવે છે. બોટાદ જેવા સૌરાષ્ટ્રના નાનકડા ગામમાં પડેલા એ ભાઇએ ડિપ્લોમા અભ્યાસક્રમનાં બે વર્ષ કર્યા બાદ પોતાની સાધના ચાલુ રાખી ને આવા હજારો સ્કેચ કર્યા છે; અને 'રૂપકલા' નામથી કલાનો વ્યવસાય ચલાવે છે.

પશ્ચિમનું મહાજનમંડળ

પશ્ચિમના દેશોના એકસો ને બાર (૧૧૨) વિખ્યાત પુરુષોનો એક છબિસમૂહ આ પાનાની પાછળ આપ્યો છે. પાઠ્ય પુસ્તકો અને વાર્તાઓનાં સામયિકો ઉપરાંતનું ઈતરવાચન જો કેળવ્યું હશે તો એમાંના બધા નહિ તો અમુક પુરુષોને તો તમે જરૂર ઓળખી શકશો. (એમાંના કેટલાકના ઓછાવત્તા પરિચયો પણ 'કુમાર'માં આવી ગયા છે.) પ્રયત્ન કરી જુઓ, અને ન જ ફાવો તો આ સાથેના માર્ગદર્શક આલેખનમાં દર્શાવેલા ક્રમ પ્રમાણે એમનાં નામો પણ નીચે આપ્યાં છે. ક્રમનો આરંભ મધ્યમાં (૧) શેક્સપીઅરથી શરૂ થઈ ઘડિયાળના આંકડાની દિશામાં ઉત્તરોત્તર કુંડાળારૂપે આગળ વધે છે.

૧ વિલિયમ શેક્સપીઅર: અંગ્રેજ નાટ્યકાર અને કવિ, ૨ એડમન્ડ કીન: અંગ્રેજ અદાકાર, ૩ નિકોલો પૅગાનિની: ઈટાલિયન વાયોલિનવાદક ને સંગીતકાર, ૪ ઑલિવર ક્રૉમવેલ: અંગ્રેજ રાજદ્વારી અને લશ્કરી નેતા, ૫ ફ્રાંસ્વા એરવેત વૉલ્તેર: ફ્રેંચ લેખક અને ફિલસૂફ, ૬ ડ્યુક દ રિશલ્યૂ: ફ્રેંચ રાજનીતિજ્ઞ અને ધર્મગુરુ, ૭ પીટર પૉલ રૂબેન્સ: ફ્લેમિશ ચિત્રકાર, ૮ જ્હૉન નૉક્સ: સ્કોટિશ ધર્મસુધારક લેખક અને રાજપુરુષ, ૯ આર્થર વેલેસ્લી (ડ્યૂક ઑવ વેલિંગ્ટન): સેનાપતિ અને રાજપુરુષ, ૧૦ વિલિયમ પેન: અમેરિકામાં અંગ્રેજી વસાહતો સ્થાપનાર, ૧૧ ડૅનિયલ વેબ્સ્ટર: અમેરિકન રાજનીતિજ્ઞ અને ધારાશાસ્ત્રી, ૧૨ ડૉ. સૅમ્યુઅલ જ્હૉન્સન: અંગ્રેજ કોષકાર લેખક અને વિવેચક, ૧૩ માર્ટિન લ્યૂથર: જર્મનીમાં સામાજિક ને ધાર્મિક સુધારાના યુગનો પિતા, ૧૪ લૉર્ડ જ્યૉર્જ ગૉર્ડન બાયરન: અંગ્રેજ રાજકવિ, ૧૫ લૉર્ડ (હૉરેશિયો) નેલ્સન: અંગ્રેજ નૌ સેનાપતિ, ૧૬ ચાર્લ્સ ડિકન્સ: અંગ્રેજ નવલકથાકાર, ૧૭ સર હેન્રી હાર્ડિંજ: અંગ્રેજ રાજપુરુષ ને લશ્કરી નેતા, ૧૮ જ્યૉર્જ ફ્રેડરિક હેન્ડેલ: જર્મન સંગીતકાર, ૧૯ કૅપ્ટન જેમ્સ કુક: અંગ્રેજ નૌ સેનાપતિ અને શોધસફરી, ૨૦ સર વૉલ્ટર રૅલે: અંગ્રેજ વસાહતો સ્થાપનાર શોધસફરી, ૨૧ વિલિયમ વર્ડ્ઝવર્થ: અંગ્રેજ કવિ, ૨૨ જ્યૉફ્રે ચૉસર: અંગ્રેજ આદિ કવિ અને કથાકાર ૨૩ નિકૉલસ પૂસાં: ફ્રેંચ ચિત્રકાર, ૨૪ ગૅલિલીઓ: ઈટાલિયન ખગોળશાસ્ત્રી ભૌતિકશાસ્ત્રી ને ફિલસૂફ, ૨૫ સર રોલૅંડ હિલ: ટપાલવ્યવહારનો પ્રથમ સ્થાપક અંગ્રેજ, ૨૬ નેપોલિયન બોનાપાર્ટ: ફ્રાંસનો સમ્રાટ, ૨૭ ટિશ્યાં: વેનિશીઅન શૈલીનો ઈટાલીઅન ચિત્રકાર, ૨૮ સર એસ્ટલે કૂપર: અંગ્રેજ શસ્ત્રક્રિયા-વિશારદ, ૨૯ ફ્રાંસ્વા પીઅરી ગીઝોત: ફ્રેંચ ઇતિહાસલેખક અને રાજપુરુષ, ૩૦ જર્ડન વેસ્લી: અંગ્રેજ ધર્મગુરુ, ૩૧ જેઇમ્સ ફેનીમોર કૂપર: અમેરિકન સાગરકથાકાર, ૩૨ જ્હૉન વિક્લિફ: અંગ્રેજ ધર્મસુધારક, ૩૩ રૉબર્ટ બર્ન્સ: સ્કૉટિશ રાષ્ટ્રકવિ, ૩૪ સર હેન્રી બુલ્વર: અંગ્રેજ રાજપુરુષ, ૩૫ સર જેમ્સ રૉસ: ધ્રુવપ્રદેશના સ્કૉટિશ શોધસફરી, ૩૬ સર હફ્રી ડેવી: અંગ્રેજ રસાયણશાસ્ત્રી, ૩૭ કૉમતે જ્યાર્જ લુઇ બૂફોં: ફ્રેંચ પ્રકૃતિવાદી, ૩૮ જ્હૉન ફ્લૅક્સમૅન: અંગ્રેજ શિલ્પી અને નકશાનવીસ, ૩૯ જ્હૉન લૉક:







અંગ્રેજ તત્ત્વજ્ઞ, ૪૦ જોસેફ એડિસન: અંગ્રેજ નિબંધકાર કવિ અને રાજપુરુષ, ૪૧ સર આઈઝૅક ન્યૂટન: અંગ્રેજ તત્ત્વજ્ઞ અને ગણિતશાસ્ત્રી, ૪૨ જ્યૉર્જ કૅનિંગ: અંગ્રેજ રાજપુરુષ, ૪૩ જ્હૉન હાવર્ડ: અંગ્રેજ જેલ સુધારક, ૪૪ ચાર્લ્સ જેમ્સ ફૉક્સ (બૅરન હૉલૅન્ડ): અંગ્રેજ રાજપુરુષ ને વ્યાખ્યાનકાર, ૪૫ જ્હૉન બનિયન: અંગ્રેજ ધાર્મિક લેખક, ૪૬ વિલિયમ બ્લેઇક: અંગ્રેજ કવિ-ચિત્રકાર, ૪૭ રૉબર્ટ બ્રૂસ: સ્કૉટલૅન્ડનો મુક્તિદાતા રાજા, ૪૮ રેમ્બ્રાં વાન રિન્જ: ડચ ચિત્રકાર અને એચર, ૪૯ સર ટૉમસ મોર: અંગ્રેજ લેખક અને રાજપુરુષ, ૫૦ જ્યૉર્જ વૉશિંગ્ટન: અમેરિકન સંયુક્તરાષ્ટ્રોનો પ્રથમ પ્રમુખ, ૫૧ સર જ્હૉન મૂર: અંગ્રેજ લશ્કરી નેતા, ૫૨ ટૉમસ ક્રેન્મર: અંગ્રેજ ધર્મગુરુ ૫૩? ૫૪ મિગ્યુએલ દ સર્વાન્તિસ સાવેદ્રા: સ્પૅનિશ નવલકથાકાર, ૫૫ લૉર્ડ જ્યૉર્જ રૅાડની: અંગ્રેજ નૌ સેનાપતિ ને રાજપુરુષ, ૫૬ કૅરોલસ લીનીઅસ: સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રી, ૫૭ ટૉમસ ચામર્સ: સ્કૉટિશ ધાર્મિક નેતા, ૫૮ જ્હૉન રે: અંગ્રેજ પ્રકૃતિવિદ્, ૫૯ ડેસિડેરસ ઈરાસ્મસ: ડચ વિદ્વાન અને પુનરુત્થાનકાળનો માનવતાવાદી, ૬૦ વૉશિંગ્ટન ઈર્વિંગ: અમેરિકન લેખક, ૬૧ સર રૉબર્ટ પીલ: અંગ્રેજ રાજનીતિજ્ઞ, ૬૩ સર ક્રિસ્ટૉફર રેન: અંગ્રેજ વાસ્તુશિલ્પી, ૬૪ જ્હૉન મિલ્ટન: અંગ્રેજ કવિ ને નિબંધકાર, ૬૫ જ્યૉર્જ વ્હાઈટફીલ્ડ: અંગ્રેજ ધર્મપ્રચારક, ૬૬ આલ્બર્ટ ઑવ સેક્સ-કોબર્ગ-ગોથા: રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ કૉન્સર્ટ, ૬૭ ગેવાર્ટીઅસ: ડચ કવિ ને વિદ્વાન, ૬૮ આઇઝૅક વૉટ્સ: અંગ્રેજ ઇશ્વરવાદી અને પ્રાર્થનાસ્તોત્ર લેખક, ૬૯ સર હેન્રી બ્રાહ્મ: સ્કૉટિશ રાજકીય નેતા ને ન્યાયશાસ્ત્રી, ૭૦ ઑલિવર ગૉલ્ડસ્મિથ: અંગ્રેજ કવિ-લેખક, ૭૧ જ્હૉન ઍબર્નથી: અંગ્રેજ શસ્ત્રવૈદ્ય, ૭૨ ફ્રાંસિસ બેકન: અંગ્રેજ તત્ત્વજ્ઞ રાજપુરુષ ને લેખક, ૭૩ જ્હૉન હંટર: અંગ્રેજ શરીરશાસ્ત્રી ને શસ્ત્રવૈદ્ય, ૭૪ ઍલેક્ઝાંડર પોપ: અંગ્રેજ કવિ અને નિબંધકાર, ૭૫ તૉર્ક્વાતો તાસો: ઈટાલિયન કવિ, ૭૬ થીઓડોર હૂક: અંગ્રેજ હાસ્યકાર ને નવલકથાકાર, ૭૭ લૉર્ડ ટૉમસ અર્સ્કીન: અંગ્રેજ રાજપુરુષ, ૭૮ રૉબર્ટ હૉલ: અંગ્રેજ ધાર્મિક લેખક, ૭૯ સર જોશુઆ રૅનૉલ્ડ્સ: અંગ્રેજ તસવીર-

(અનુસંધાન પૃષ્ઠ ૮૨)

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'લાઠી' · 'જેઠીમધ'

આપણે ત્યાં 'લાઠી' શબ્દ વધારે જાણીતો ને વપરાતો થયો સત્યાગ્રહની લડત દરમિયાન. 'લાઠીમાર' આપણી સ્વાતંત્ર્ય-લડત સાથે અતૂટ સંબંધે જોડાઈ ગયો છે. પણ આપણા વિશેષ જાણીતા શબ્દો તો 'લાકડી', 'ડાંગ', 'ડંગોરો', 'દંડો', 'ડાંડો', 'કાઠી'.

પ્રાકૃતમાં 'લટ્ઠિ' એવું રૂપ છે, જ્યારે સંસ્કૃત સાહિત્યમાં જાણીતું રૂપ છે 'યષ્ટિ'. આમ તો નિયમ પ્રમાણે 'યષ્ટિ'નું 'જટ્ઠિ' થવું જોઇએ, પણ તેના સમાનાર્થ 'લકુટ' (=લાકડી) જેવા શબ્દની અસરથી 'જટ્ઠિ'ને બદલે 'લટ્ઠિ' બોલાતું થયું. વળી 'યષ્ટિ' ઉપરથી નિયમિત રૂપ પણ આપણને મળ્યું છે ખરું. 'યષ્ટિકા'ને બદલે મધ્યકાલીન સાહિત્યમાં 'જેષ્ટિકા' કે 'જ્યેષ્ટિકા' એવું લૌકિક રૂપ વપરાયું છે. કૃષ્ણને મળવા જતા સુદામાનું પ્રેમાનંદે દોરેલું ચિત્ર 'જ્યેષ્ટિકા' વિના અધૂરું જ રહેત:

> 'તેલ ભ્યંગ સ્વપ્ને નહીં, છે રૂપ ઋષિનું ગાત્ર,
> એક હસ્તે ગ્રહી જ્યેષ્ટિકા, ને એક કરે તુંબીપાત્ર.'

આ સિવાય 'જેઠીમધ'માં પણ 'યષ્ટિ'નો વંશજ 'જેઠી' જળવાયો છે. સંસ્કૃત 'યષ્ટિમધુ' તે આપણી 'જેઠીમધ'ની લાકડી.

મજબૂત માણસ માટે વપરાતો 'લઠ્ઠ' એ લાક્ષણિક અર્થમાં 'લટ્ઠિ'નો જ વિકાસ છે. ઘસાતું કહેવા માટે 'જાડોપાડો', મજબૂતાઇ માટે 'લઠ્ઠપઠ્ઠ' અને પ્રશંસા માટે 'હૃષ્ટપુષ્ટ' એ જોડકાં જાણીતાં છે. આમાં 'પઠ્ઠ' એ પુષ્ટ'નું જ રૂપાંતર છે.

પણ 'યષ્ટિ' ઉપરથી, 'લાઠી થી જુદા જ રૂપમાં ને જુદા જ અર્થમાં બીજો પણ એક શબ્દ આપણને મળ્યો છે. પણ તે આવતે અંકે.

હરિવલ્લભ ભાયાણી

અમેરિકન

રાષ્ટ્રકવિ રૉબર્ટ ફ્રૉસ્ટ

અમેરિકાના ઇતિહાસમાં આજ લગી રાજકવિ ને રાષ્ટ્રકવિ જેવાં બિરુદ, આદર ને અકરામ કોઇને મળ્યાં હોય તો એમને. 'જનતાના કવિ' બનીને કીર્તિનાં સોપાન ચડતાં-ચડતાં જીવનના નવમા દાયકામાં એ અમેરિકન કવિતાના ભવ્ય વડેરા (ગ્રાન્ડ ઑલ્ડ મૅન ઑવ અમેરિકન પોએટ્રી) કહેવાયા. ચારચાર વાર તો એમને અમેરિકાનું સાહિત્ય માટેનું સર્વોચ્ચ ગણાએલું પુલિત્ઝર પારિતોષિક અપાયું: અમેરિકી અને વિદેશી યુનિવર્સિટીઓએ એમને ૪૦ જેટલી તો માનાર્હ ઉપાધિઓ આપી; અમેરિકાની પોએટ્રી સોસાએટીએ કવિતાની વિશિષ્ટ સેવા કરવા માટેનો પોતાનો સુવર્ણચંદ્રક એમને આપ્યો; અમેરિકાની 'પાર્લમેન્ટ' ગણાતી સેનેટે એમના અમૃત મહોત્સવ(૭૫મી જયંતી)પ્રસંગે એમને સર્વાનુમતે ખાસ માનપત્ર આપ્યું; અમેરિકાના સંસદીય ગ્રંથાલયના કવિતા માટેના એમને સલાહકાર નીમ્યા જે પદવી ત્યાં રાજકવિ જેવી ગણાય છે; અને અમેરિકાના ઇતિહાસમાં પહેલી વાર આજના પ્રમુખ કેનેડીએ પોતાના હોદ્દ સ્વીકાર (રાજ્યારોહણ)ના સમારંભમાં તેમને ખાસ આમંત્રણથી ભાગ લેવા નિમંત્ર્યા જ્યાં તેમણે કાવ્યવાચન કર્યું. (રાજકવિ જેવું માન,) અને છેક હમણાં, આ જાન્યુઆરીની પાંચમી તારીખે અમેરિકાનું અત્યંત સ્પૃહણીય પારિતોષિક કવિતા માટેનું 'બોલિંગન ઈનામ' એમને મળ્યાની જાહેરાત થઈ.

ત્યાં તો ચોવીસ જ દિવસ બાદ જાન્યુઆરીની ૨૯મીએ હૃદયરોગના બે હુમલા તથા શસ્ત્રક્રિયા બાદની ટૂંકી માંદગી દરમિયાન ૮૮ વર્ષની વયે બૉસ્ટન ખાતે એમનું અવસાન થયું અમેરિકન પ્રમુખ કેનેડીએ એમને અંજલિ આપતાં કહ્યું કે 'એમના જવાથી અમેરિકન પ્રાણતત્ત્વમાં ખાલી ઠામ થયો (વેકન્સી ઈન અમેરિકન સ્પિરિટ) છે; એમને ગુમાવીને આપણે સૌ ગરીબ બન્યા છીએ; પણ એમણે અમેરિકન પ્રજાને એવો અવિનાશ વારસો આપ્યો છે જે તેને સદા રસાનંદ ને સૂઝસમજ (જૉય ઍન્ડ અન્ડરસ્ટૅન્ડિંગ) આપ્યા કરશે.'



અમેરિકાના પશ્ચિમ કિનારે કૅલિફૉર્નિયા પરગણાના સાન ફ્રાન્સિસ્કો નગરમા ૧૮૭૪ની ૨૬મી માર્ચે એક નાના દૈનિક પત્રના તંત્રી પિતા ને શિક્ષિકા સ્કૉટિશ માતાને ત્યાં રૉબર્ટ લી ફ્રૉસ્ટનો જન્મ થયો. એ અગિયાર વર્ષના થયા ત્યાં ૧૮૮૫માં પિતાનું નિધન થતાં વિધવા માતા બધાં બાળકોને લઈ, ઈશાન અમેરિકાના ન્યૂ ઈંગ્લંડ પ્રદેશના માસાચ્યુસેટ્સમાં લૉરેન્સ ખાતે તેમના દાદા સાથે આવીને રહી, જ્યાં ફ્રૉસ્ટ ઘરાણાની આઠ પેઢી વીતેલી. એ ન્યૂ ઇંગ્લંડ તો કવિઓ, ને તત્ત્વચિંતકોનો પ્રદેશ. અમેરિકન સાહિત્યનો પહેલો ફાલ ત્યાં જ ઊતર્યો. એમર્સન, થૉરો, વ્હિટીઅર, હૉથૉર્ન, મેલવિલ, વ્હિટ્મૅન વગેરે અમેરિકન સાહિત્યના પ્રતિભાવંતો ત્યાં જ પાકેલા. ફ્રૉસ્ટે પણ પોતાની કવિતા વડે ન્યૂ ઇંગ્લંડની આ તત્ત્વનિષ્ઠ પરંપરાને સમૃદ્ધ કરી.

ચૌદમે વર્ષે પ્રાથમિક કેળવણી પૂરી કરતાંમાં તો એમણે કૈંક શાળાઓનાં બારણાં ખખડાવી નાખેલાં. કુટુંબને સાધારણ સ્થિતિમાં મૂકીને પિતાએ લીધેલી વિદાયથી માતાને શિક્ષિકાનો કાર્યબોજ ચાલુ રાખવો પડેલો; છતા સ્થિતિ એવી હતી કે ડાર્ટમાઉથ કૉલેજમાં દાખલ થયા છતાં એમનું મન ત્યાં ઠર્યું નહિ; એટલે માતાનો બોજો હળવો કરવા કૉલેજ પડતી મૂકીને એ લૉરેન્સની કાપડની મિલમાં બૉબિન-બૉયની મજૂરીએ રહ્યા. ત્યારથી જ એમણે કાવ્યો લખવા માંડેલાં, પણ માસિકોમા મોકલેલી એ કવિતાઓ પાછી જ આવતી.

વીસમે વર્ષે એમણે પોતાની એક સહાધ્યાયિની એલિયાનોર માર્ગરેટ (મિરિયમ) વ્હાઈટ સાથે લગ્ન કર્યું અને ફરી આગળ અભ્યાસ જારી કરવા તે હાર્વર્ડ યુનિવર્સિટીમાં દાખલ થયા. પરંતુ દોઢ વર્ષમાં જ એ શિક્ષણ પણ અધૂરું મૂકીને તેમને શિક્ષકનો ધંધો લેવો પડ્યો. તે પછી તો એમણે જોડા શીવવાનો, કારખાનાના કારીગરનો, 'સેન્ટીનેલ' નામના એક નાના છાપાના તંત્રીનો, એમ વિવિધ વ્યવસાય કરી છેવટે ઈ. ૧૯૦૦માં ન્યૂ હૅમ્પશાયર પરગણામાં ડેરી ખાતે ખેતીનો વ્યવસાય શરૂ કર્યો. દિવસે એ ખડકાળ જમીન ખેડીખેડીને પેટિયું કાઢતા અને રાત્રે દીવાને અજવાળે કાવ્યો લખતા. અહીં એમણે દસબાર વર્ષ ગાળ્યાં. આને લીધે એમને સામાન્ય માનવીના જીવનની ઊંડી સમજ પ્રાપ્ત થઈ જે એમની સૌપ્રથમ કવિતા 'ઇન્ડિપેન્ડેન્ટ'માં છપાઈ આવી છે. પણ અમેરિકાના પ્રકાશકો કે પ્રજાને એમની કવિતા હજી સ્પર્શી શકી નહિ.

અંતે આર્થિક સંકડામણથી કંટાળીને તથા હતાશ થઇને, આજીવન એમની કવિતાઓની સમીક્ષક અને પ્રેરણામૂર્તિ બની રહેલી પત્ની એલી (એલિયાનોર) એ વાતવાતમાં "આના કરતાં તો ચાલો આપણે ઈંગ્લંડ ચાલ્યાં જઇને ત્યાં એક ઝૂંપડું વસાવીને રહીએ" એમ કહી કરેલા કટાક્ષમાંથી તુક્કો સ્ફૂરતાં તેમણે ઈ. ૧૯૧૨માં એ વાડીખેતર વેચી મારીને જીવનને આડત્રીસમે વર્ષે ઈંગ્લંડની વાટ પકડી. જિંદગીના અત્યાર સુધીના સંઘર્ષમાંથી કવિતા માટેનું મબલખ પાથેય તેમને પ્રાપ્ત થયું હતું.

ઈંગ્લંડમાં એમને ત્યારના પ્રસિદ્ધ કવિઓ

(મથાળે) રૉબર્ટ ફ્રૉસ્ટ ઈ. ૧૯૧૫માં ચાળીસ વર્ષની વયે ઈંગ્લંડથી પ્રકીર્તિત થઈ પાછા ફર્યા ત્યારે; (વચ્ચે) વર્મોન્ટમાં એક દાયકા પછી પોતાના નિવાસસ્થાનના બાગમાં; (છેલ્લે) ઈ. ૧૯૫૯માં ૮૫મે વર્ષે.

એબરક્રૉમ્બી, રૂપર્ટ બ્રૂક, ગિબ્સન, એડવર્ડ ટૉમ્સન વગેરેનો પરિચય થયો અને ત્યાંના સાહિત્યિક વાતાવરણમાં એમની પ્રતિભા પાંગરી ઊઠી. બીજે જ વર્ષે ૧૯૧૩માં પ્રકટ થએલા એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'એ બૉયઝ વિલ'માંનાં ઊર્મિકાવ્યોએ એમને આસ્વાદ્ય કવિ બનાવી દીધા, તે પછીને વર્ષે ૧૯૧૪માં એમનો પ્રકીર્તિત સંગ્રહ 'નૉર્થ ઑવ બૉસ્ટન' બહાર પડતાં તો એક શ્રેષ્ઠ દરજ્જાના કવિ તરીકે ઇંગ્લંડ આખામાં એમનું નામ ગાજી ઊઠ્યું અને વિખ્યાત વિવેચક એડવર્ડ ગાર્નેટે આવા ઉચ્ચ કક્ષાના કવિની ઉપેક્ષા કરવા માટે અમેરિકનોને ઉપાલંભ આપ્યો. એણે લખ્યું કે ટાગોર જેવા બંગાળી કવિની આધ્યાત્મિક કવિતાઓનું હાર્દિક સ્વાગત કરનાર અમેરિકનો પોતાનાજ આવા દેશબાંધવ પ્રત્યે આટલા ઉદાસીન રહ્યા એ વિચિત્ર લાગે છે.

ગાર્નેટના આ ઉદ્‌ગારોની ભારે અસર થઈ અને ઈ. ૧૯૧૫માં જ્યારે ફ્રૅસ્ટ અમેરિકા પાછા ફર્યા ત્યારે એમનું ઊમળકાભેર સ્વાગત થયું, ઉપેક્ષા બધી ઓગળી ગઈ, જનતાએ એમને કવિ તરીકે વધાવ્યા, જ્યાં પાયાના પથ્થરનાં પણ સાંસાં હતાં ત્યાં એમનું કીર્તિમંદિર રચાયું. વીસમે વર્ષે લખાવી શરૂ થએલી કવિતા ચાલીસમે વર્ષે કદર પામી, અને હવે ન્યૂ હૅમ્પશાયર પરગણામાં ફ્રૅકોનિયા ખાતે એક ખેતરમાં નાના મકાનમાં સ્થ્યી થઈને ચરાચર સૃષ્ટિમાં સમરસ બની એમણે કાવ્યસર્જન કરવા માંડ્યાં. તે પછીનું શેષ આયુ એમણે ન્યૂ ઇંગ્લંડના હરિયાળા વર્મોન્ટની સાદી સુંદરતા વચ્ચે જ વિતાવ્યું છે.

માંજરી ચમકદાર આંખો, વાતવાતમાં મલકી પડતા હોઠ, મધઝરતી મીઠી વાણી અને વિદ્વજ્જનની ઝાંખી કરાવતા ચહેરાવાળા આ કવિને માટે પછી તો માન-ચાંદની જાણે પરંપરા રચાઈ. એમ્હર્સ્ટ તથા મિશિગન યુનિવર્સિટીએ એ એમને 'પોતાના કવિ' તરીકે લેખવામાં ગૌરવ જોયું. હાર્વર્ડ યુનિવર્સિટીમાં એ 'ઈમર્સન પ્રોફેસર ઈન પૉએટ્રી' નિમાયા, સોળ જેટલી યુનિવર્સિટીઓએ તો એમને 'ડૉક્ટરેટ'ની માનાર્હ પદવીઓ આપી. ઈ. ૧૯૩૭માં એમને ક્લાર્ઈન્સ પારિતોષિક એનાયત કરાયું, અને ૧૯૪૧માં અમેરિકાની 'નૅશનલ ઍકેડેમી ઑવ આર્ટસ ઍન્ડ લિટરેચર' તથા 'પૉએટ્રી સોસાયટી ઑવ અમેરિકા'ના સુવર્ણચંદ્રકો એમને મળ્યા ત્યારે તેઓ વિશ્વના એક શિરમોર કવિ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા. ઈ. ૧૯૫૮માં એમને સંસદીય ગ્રંથાલયના કવિતા માટેના સલાહકાર નીમવામાં આવ્યા એટલે તો જાણે અમેરિકાના બિનસત્તાવાર રાજકવિનું બિરુદ એ પામ્યા.

એમનાં પ્રકાશનોમાં 'માઉન્ટન ઈન્ટર્વલ', 'વેસ્ટ રનિંગ બ્રૂક', 'ધ લવ્ડલી શૅલ બી યૂઝ્ડ', 'ધ લોન સ્ટ્રાઈકર', 'સિલેક્ટેડ પૉએમ્સ', 'કલેક્ટેડ પાએમ્સ', ફ્રૉમ સ્નો ટુ સ્નો', સ્ટીપલ બુશ', તથા 'એ વૅ આઉટ' (એકાંકી) આપણને જીવનનું અખિલાઈપૂર્વક દર્શન કરવાની એમની શક્તિ તથા વિધાનની વ્યવસ્થાની પ્રતીતિ કરાવે છે; તો ચાર પુલિત્ઝર પારિતોષિક-વિજેતા બનેલા એમના ચાર કાવ્યસંગ્રહો–'કલેક્ટેડ પૉએમ્સ', 'ન્યૂ હૅમ્પશાયર', 'એ ફર્ધર રેઈન્જ' ને 'ધ વિટનેસ ટ્રી'-માં આપણને સુંદર, અનંત, ભવ્ય, વિસ્તીર્ણ જીવનતત્ત્વ વાસ્તવિક આકાર પામતું તથા એ શાશ્વત સત્યનું પ્રતિનિધાન થતું જોવા મળે છે.

આપણા કવિ ઉમાશંકર અમેરિકામાં એમને મળેલા, એ મુલાકાતનું આઠ પાનાં ભરીને વર્ણન એમણે 'સંસ્કૃતિ' (મે ૧૯૬૨ના અંક) મા આપ્યું છે (આટલો ઉલ્લેખ જ એ વાંચી જવાની લાલચ પ્રકટાવવા બસ નથી?) એમાં કવિતાની એમની વિભાવના વિષે વિસ્તારથી લખ્યું છે. એ ટૂંક આવી છે: "કાવ્યમાં આઆહ્‌લાદથી ડહાપણ સુધીની યાત્રા હોય છે. It begins in delight and ends in wisdom." એક બીજે સ્થળે કહ્યું છે:

★

'તું તારક બનજે'

'એ (તારક) આપણી પાસેથી બહુ ઝાઝી માગણી નથી કરતો. એ આપણી પાસેથી અમુક ઊંચાઈની અપેક્ષા રાખે છે, જેથી જનસમુદાય કોઈ વાર પ્રશંસા કે પ્રહારોનો અતિરેક કરે ત્યારે આપણે તારકની જેમ ચિત્તની સ્થિરતા સાચવી શકીએ અને સ્થિર રહી શકીએ.'

(રૉબર્ટ ફ્રૉસ્ટ)

"સંપૂર્ણ કાવ્ય એ કહેવાય, જેમાં ઊર્મિને તેનો વિચાર સાંપડ્યો હોય અને વિચારને તેની ભાષા સાંપડી હોય." એમની તમામ કૃતિઓમાં દેખાતું એક તત્ત્વ છે (અને જે પ્રત્યેક કવિતામાં હોવું જોઈએ) 'સચ્ચાઇ'—અનુભૂતિની સચ્ચાઇ, વિચારની સચ્ચાઈ, લાગણીની સચ્ચાઈ ને અભિવ્યક્તિની સચ્ચાઇ. એમનાં કાવ્યોમાં આવતાં જીવનનાં દૃશ્યો એમના અનુભવ ઉપર જ મંડિત થએલાં છે. જીવન અને પ્રકૃતિ બંનેને તે સચ્ચાઈથી–પ્રામાણિકતાથી રજૂ કરે છે. અસ્તિત્વ ન ધરાવતી વસ્તુ જોવાનો ડોળ તે કદિ કરતા નથી; અને જે જુએ છે તેનું અત્નનું સૌન્દર્ય એ ખુલ્લું કરે છે. કોઈ પ્રાણી, કોઈ વ્યક્તિ, કોઇ પદાર્થ કે પ્રકૃતિની કોઇ અજાયબી એમની કલમના જાદુથી જાણે કોઇક વધુ વિશાળ—વધુ ગહન વસ્તુનાં પ્રતીક બની જાય છે. એક સફેદ ફૂલ નીચે છુપાઇને બેઠેલા એક સફેદ કરોળિયાએ એક સફેદ જીવડાને મારી નાખ્યું એ જોઈને એમણે કહ્યું છે:

What had the flower to do with
  being white?
The wayside blue and innocent
  heal-all?
What brought the kindred spider
  to that height?
Then steered the white moth
  thither in the night?
What but design of darkness to
  appall?
If design govern in a thing so
  small?

ફ્રૉસ્ટ ખરેખર 'લોકમાન્ય' કવિ, 'જનતાના કવિ' છે. એમને વિષે એમ કહેવાય છે કે એમની કવિતા સૌ સમજી શકે. કુદરત, રોજિંદી જિંદગી અને રોજિંદાં લોકો વિષેની એમની કવિતામાં તમામ સ્તરના અને સ્થળના લોકો માટે કાંઈક અર્થ પડેલો હોય જ છે. "એમની કવિતાએ અમેરિકાની પ્રજાને જે સંખ્યાબંધ કથાકાવ્યો અને ઊર્મિકાવ્યો આપ્યાં છે તે તમામ વ્યવસાયનાં અમેરિકનો માણે છે, બોલે છે ને વિચારે છે... એમનાં કાવ્યોએ અમેરિકાના વિચારપ્રવાહને શાણપણપૂર્વક અને ખુશમિજાજથી (પેલા જ શબ્દો: જૉય ઍન્ડ વિઝડમ) દોરવણી આપી છે."

અમેરિકા બહાર પણ એમનું માન બહુ હતું. ૧૯૬૨માં એમને રશિયામાં કાવ્યવાચન માટે આમંત્રણ આપવામાં આવેલું. સાહિત્ય માટેનું છેલ્લું નોબેલ પારિતોષિક જ્યારે સ્ટાઈનબેકને મળ્યું ત્યારે ઘણાએ—લંડન 'ટાઇમ્સ'ની સાહિત્યપૂર્તિ 'લિટરરી સપ્લિમેન્ટ' જેવા પીઢ પત્રના તંત્રીલેખે પણ કહેલું કે એ ફ્રૉસ્ટને મળવું જોઇતું હતું. અને હમણાં એમના અવસાન પ્રસંગે અંજલિ આપતાં ખુદ એ નોબેલ સમિતિએ પણ જણાવ્યું હતું કે 'ઘણી વાર એમનું નામ નોબેલ ઈનામ માટે વિચારવામાં આવેલું.'

અમેરિકાના પ્રમુખ કેનેડીએ એમને બિરદાવતાં આજથી બે વર્ષ પર (૧૯૬૧ના ફેબ્રુઆરીમાં) કહેલું તે સાચું છે કે: "અમેરિકામાં એમને ઘણી વાર 'અમેરિકી કવિ' તરીકે યા તો (પેલી કવિઓ અને પ્રતિભાવંતોની પ્રાકટ્ય ભૂમિ) 'ન્યૂ ઇંગ્લંડના કવિ' તરીકે ઓળખવામાં આવે છે. તે તો એ છે જ, પણ તેઓ (અને કોઈ પણ કવિ) ભૂમિથી સીમિત કવિ નથી. તેઓ માનવજીવનના કવિ છે,—અંધકાર ને નિરાશાને વાચા આપનાર, માનવીની મર્યાદાઓની સમજદારી ધરાવનાર નર્મમુક્ત કવિ તરીકે તેઓ સદા યાદગાર રહેશે."

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી

મૌલિક અને પ્રાણવાન રાષ્ટ્રગીતો માટે ત્રણ સુવર્ણચંદ્રકો

સમગ્ર ભારતની પ્રજા ગાઈ શકે તેવાં ગુજરાતીમાં રચાએલાં પ્રાણવાન રાષ્ટ્રગીતોના સર્જનને પ્રોત્સાહન મળે તે માટે હરિઃૐ આશ્રમ સૂરત તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૦૦૦ની રકમ સોંપવામાં આવી છે. તેમાંથી શ્રેષ્ઠતાના ક્રમે રૂ. ૫૦૦ના મૂલ્યનો, રૂ. ૩૦૦ના મૂલ્યનો અને રૂ. ૨૦૦ના મૂલ્યનો એમ ત્રણ સુવર્ણચંદ્રકોનું પ્રદાન પરિષદ દ્વારા આવતા માર્ચ માસની આખર પહેલાં થશે. ૧) રાષ્ટ્રગીત ગુજરાતી ભાષામાં લખાએલું હોવા છતાં સમગ્ર ભારતીય જીવનને આવરી લેનારું, મૌલિક અને પ્રાણવાન સર્જન હોય, ભારતની ઉન્નત સાંસ્કૃતિક પ્રણાલિઓને તે અનુરૂપ હોય, અને આત્મગૌરવ, શૌર્ય અને પરાક્રમ પ્રેરનારું હોય. ૨) એની ભાવના સમુન્નત અને સર્વસ્પર્શી હોય, અને દ્વેષ, વેર, નિંદા અને બીજી સંકુચિતતાઓથી તે પર હોય; તથાપિ, અન્યાય અને આક્રમણ સામે પ્રતિકાર કરવાની તેજસ્વિતા પ્રગટાવનારું હોય. ૩) એમાં કાવ્યગુણ અવશ્ય હોય. ૪) એ બહુ લાંબુ તેમજ બહુ ટૂંકું ન હોય અને એનો ઢાળ વીરોચિત ઉત્સાહ પ્રગટાવે એવો હોય. ૫) અત્યાર પૂર્વે એ કશે પ્રસિદ્ધ થએલું ન હોય. તા. ૧૫મી માર્ચ સુધીમાં પરિષદ કાર્યાલયને, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯ એ સરનામે મળેલાં ઉપરની શરતોને સંતોષનારાં રાષ્ટ્રગીતોમાંથી શ્રેષ્ઠ પસંદગી પરિષદે નીમેલી નિર્ણાયક સમિતિ કરશે. સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે.

કૉલેજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે

શ્રી ફૉર્બસ ગુજરાતી સભા–મુંબાઈ સંયોજિત સ્વ. કરસનદાસ મૂળજી સ્મારક નિબંધ લેખન સ્પર્ધા અન્વયે મુંબાઈ તથા ગુજરાત રાજ્યની કૉલેજોનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓનો ફાળો' એ વિષય પર સ્પર્ધા યોજાઈ છે. ઈચ્છુકોએ પોતાનું લખાણ તા. ૧લી જુલાઈ ૧૯૬૩ સુધીમાં રજિસ્ટર્ડ પોસ્ટથી સભાના મંત્રીને ૩૬૫, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબાઈ-૪ એ સરનામે મોકલી આપવું.

સ્વ. શ્રી શયદાનું સ્મારક

ગઝલસમ્રાટ સ્વ. શ્રી શયદાએ જીવનભર કરેલી સાહિત્યસેવાની કદર રૂપે એમના મિત્રો તથા પ્રશંસકો તરફથી 'બે ઘડી મોજ'નો ખાસ 'શયદા સ્મૃતિ અંક' અને તેના આધારે ખાસ 'શયદા સ્મારક ગ્રંથ' તૈયાર કરાશે. તદુપરાંત એમની ગઝલોનો સંગ્રહ અને એમનું અપ્રગટ સાહિત્ય પણ પ્રકાશિત થશે, જેનું સંપાદન સર્વશ્રી જ્યોતીન્દ્ર દવે, ભાનુશંકર વ્યાસ (બાદરાયણ), મીનુ દેસાઈ, હરીન્દ્ર દવે તથા બરકત વીરાણી કરશે.

પચ્ચીસ વર્ષ પહેલાં



માર્ચ ૧૯૩૮ અંક ૧૭૦

રોજિંદા જીવનમાં વિજ્ઞાનબોધ કરતા વિશદ લેખો આપવાની 'કુમાર'ની વિશિષ્ટતા વર્ષો પહેલાં શરૂ થએલી. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલા શ્રી પદ્મકાન્ત શાહે લખેલા 'પાણી' વિષયક લાંબા લેખનો આ તારવેલો ભાગ એની પ્રતીતિ કરાવશે :

"જીવનના ટકાવ અર્થે હવા પછી બીજું જ સ્થાન પાણીનું છે. વનસ્પતિ ને પ્રાણીમાત્રમાં એ પુષ્કળ પ્રમાણમાં છે. આપણા વજનનો ૫૯ ટકા એનો જ બનેલો છે, જ્યારે બટાટામાં ૭૫ ટકા, કૉબીજમાં ૯૦ ટકા, કાકડી અને દૂધીમાં ૯૬ ટકા અને તરબૂચમાં તો ૯૮ ટકા પાણી છે. કેટલીક મોટી માછલીઓમાં તો એટલું બધું પાણી હોય છે કે એ સૂકાઈ જાય છે ત્યારે સાબુદાણાની પાપડી જેવી તેમની પાતળી ચામડી જ નજરે પડે છે. ગાયના દૂધમાં તેનું પ્રમાણ ૮૮ ટકા હોય છે.

તમે સાકરનો ગાંગડો કે ફટકડીનો ટુકડો કે મોરથુથુનો ભૂરો કટકો જુઓ; એમાં પણ પાણી પેઠા વિના રહ્યું નથી. એક કાચની નળીમાં મોરથુથુનો કટકો નાખી ધીમી આંચે એ



નળીને ગરમ કરો. મોરથુથુનો ભૂરો રંગ અદૃશ્ય થઇ કાચની નળીમાં પાણીનાં નાનાં ટીપાં બાઝેલાં દેખાશે. મોરથુથુમાંથી પાણી ઊડી જતાં આમ થાય છે. નળી ઠંડી પડ્યા પછી પાણીનાં એકાદ બે ટીપાં અંદર નાખશો તો ફરી મોરથુથુ તેનો મૂળ રંગ પકડશે. પાણી કાઢી નાખેલી ફટકડીને 'ફૂલાવેલી ફટકડી' કહે છે.

વરસાદનું કૂવાનું કે નળનું, ઝરાનું, ઉકાળેલું કે વરાળથી ઠંડું પાડેલું, હલકું અને ભારે, વગેરે ઘણી જાતનાં પાણી આપણે સાંભળ્યાં છે. ભારે પાણીમાં સાબુનું ફીણ થતાં વાર લાગે છે. હલકા પાણીમાં સાબુનું ખૂબ ફીણ થાય છે. ઉકાળેલું પાણી સ્વાદમાં ફિક્કું લાગે છે. ઝરાનું પાણી તાજગીભર્યું અને સ્ફૂર્તિદાયક હોય છે. સિલ્વર નાઇટ્રેટ જો દરિયાના પાણીમાં નાખીશું તો એ દહીં જેવું થઈ જશે, જ્યારે નળના પાણીમાં નાખતાં તે જરા દૂધિયા રંગનું થએલું દેખાશે.

આ બધી જાતનાં પાણીમાં શુદ્ધિની દૃષ્ટિએ વરાળમાંથી ઠંડું પાડેલું પાણી જ ઉત્તમ છે. દરિયાઈ પ્રવાસીઓ માટે ઘણીવાર આગબોટમાં એ જ પાણી ઉત્પન્ન કરવામાં આવે છે.

કૂવાના અને ઝરાના પાણીમાં કેટલાંક ખનિજ દ્રવ્યો હોય છે. ઝરાના પાણીમાં એ ઉપરાંત કાર્બોનિક ઍસિડ ગૅસ નામનો વાયુ આવેલો છે.(સોડા વૉટરમાં આ હોય છે, જેને લીધે સોડા-વૉટરમાં ઊભરો આવે છે.) વળી પાણીમાં હવા પણ ભળેલી હોય છે. પાણી સ્વાદિષ્ટ લાગે છે તે અંદર ઓગળેલી હવાને લીધે. પાણીને ઉકાળવાથી અંદરની બધી હવા ઊડી જઈ તે ફિક્કું લાગે છે.

પાણીમાં આવતા ક્ષારોમાં મુખ્ય કૅલ્શ્યમ અને મૅગ્નેશ્યમ છે. આ ક્ષારોવાળું પાણી ભારે કહેવાય છે. બૉઈલરમાં આવું પાણી ભર્યું હોય તો આ ક્ષારો ચોંટી રહી પડ જમાવે છે, જે પાણીને જલદી ગરમ થતાં અટકાવે છે. પરિણામે વધારે બળતણની જરૂર પડે છે.

પાણી ચોખ્ખું થઈ પીવા લાયક બને છે તે પહેલાં તેમાં ઘણી અશુદ્ધિઓ હોય છે. કેટલાંક અશુદ્ધ પાણીમાં કૉલેરા, ટાઇફૉઈડ વગેરે રોગનાં જંતુઓ થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે ફટકડી (ઍલ્યુમીનિયમનો ક્ષાર) અને હીરાકશી (લોખંડનો ક્ષાર)નો ઉપયોગ થાય છે. ફટકડીનો ઉપયોગ તો બહુ જૂના વખતથી ચાલુ છે. અલબત્ત, તેના પ્રમાણની મર્યાદા સાચવવી જોઈએ. પીવાના પાણીમાં ફટકડીનો અંશ પણ માલૂમ ન પડવો ન જોઇએ.

પાણીને સંઘરવા માટે બાંધેલાં તળાવોમાં ઘણી વાર લીલ અને શેવાળને લીધે બહુ જ ખરાબ વાસ પેદા થાય છે. મોરથુથુ આ લીલનો નાશ કરી શકે. એક કરોડ ભાગ પાણીમાં દસ ભાગ મોરથુથુ નાખવાથી તો લગભગ બધી જ લીલ નાશ પામે છે. આ પ્રમાણ સાચવવાની ખૂબ જ જરૂર છે,કારણ કે વધારે-પડતું મોરથુથુ ગેરફાયદો કરે છે.

પરંતુ આજે તો પાણી 'ક્લોરિન' (લીલાશ પડતા વાયુ) વડે જ સાફ કરવામાં આવે છે. આપણે રોજ ખાઇએ છીએ તે મીઠું ક્લોરિન અને સોડિયમ નામનાં બે તત્વોનું બનેલું છે. મીઠાના પાણીમાં જો તમે વિદ્યુત્‌નો પ્રવાહ પસાર કરશો તો ક્લોરિન ઉત્પન્ન થશે. કોગળા કરવા માટે વપરાતી 'પોટાશ્યમ પરમૅંગનેટ' નામની જાંબુડા રંગની દવા ઉપર હાઈડ્રોક્લોરિક ઍસિડનાં થોડાં ટીપાં નાખવાથી પણ ક્લોરિન બને છે. ક્લોરિનને પ્રવાહી બનાવ્યા પછી તેને પાણી સાફ કરવાના કામમાં લેવાય છે અને એ જ પદ્ધત્તિ ઉત્તમ છે, કારણકે પાણીમાં રહેલા ટાઇફૉઈડ આદિ રોગના જંતુઓનો ક્લોરિન નાશ કરે છે. અલબત્ત, ક્લોરિનનું પ્રમાણ દસ લાખ ભાગ પાણીમાં ફક્ત ૦.૨ જેટલું રહે છે. અસ્વચ્છ પાણીની એક મોટી ડોલમાં ટિંક્ચર આયોડિન (આયોડિનનું મેથીલેટેડ સ્પિરિટમાં દ્રાવણ)નું એક જ ટીપું નાખ્યું હોય તો અરધા કલાક પછી તે પીવાલાયક બને છે. પ્રવાસીઓ અને સ્કાઉટોએ આ ધ્યાનમાં રાખવા જેવું છે.

દરિયાના પાણીના સો ભાગે સાડા ત્રણ ભાગ મીઠું ઓગળેલું હોય છે. ઉપરાંત તેમાં મૅગ્નેશ્યમ ક્લોરાઇડ અને કૅલ્શ્યમ સલ્ફેટ વગેરે ક્ષારો પણ ઓછાવત્તા પ્રમાણમાં હોય છે, એટલે સ્વાદમાં તો તે જુદું પડે જ છે; ઉપરાંત બીજો પણ એક તફાવત તેમાં છે. તે સાદા પાણી કરતાં ભારે હોય છે.

સમુદ્રનું પાણી ભારે હોવાથી નદી કરતાં દરિયામાં તરવું સુગમ પડે છે. એશિયા માઈનોરમાં આવેલા મૃત સરોવરનું પાણી તો એટલું બધું ભારે છે કે માણસ અંદર સહેલાઇથી સૂઈ શકે છે! આ જ કારણને લીધે નદીમાં ફરતી હોડી જ્યારે દરિયામાં લઇ જવામાં આવે છે ત્યારે ત્યાં વધારે ઊંચી તરે છે. વહાણ ઉપર પણ જુદાજુદા પાણીમાં તે કેટલું ડૂબવું જોઇએ તેની નિશાનીઓ હોય છે, આ નિશાનીઓને 'પ્લિમસોલ માર્ક' કહે છે.

ઉપરાંત, સાદું પાણી શૂન્ય અંશે બરફ થઈ જાય છે પણ સમુદ્રનું પાણી એમ સહેલાઈથી ઠંડીને વશ થતું નથી. જેમ એમાં મીઠાનું પ્રમાણ વધારે તેમ તેનું બરફમાં રૂપાન્તર થવું વધુ મુશ્કેલ. પાણીમાં ઓગાળી શકાય એટલું મીઠું ઓગાળ્યું હોય તો શૂન્ય પછી ૨૨° જેટલી ગરમી અંદરથી ઓછી કરીએ ત્યારે જ તે ઠરે. પ્રભુની આ એક મોટી કૃપા છે, કારણકે તેમ ન થાત તો શિયાળામાં પૃથ્વી પરના ઠંડા પ્રદેશોમાં સમુદ્રની અંદર વહેલો બરફ થઈ જાત ને દુનિયનો કેટલોક વ્યવહાર અટકી પડત.


શીતોત્પાદન (રેફ્રીજરેશન)માં પણ ખારા પાણીનો આ ગુણ ઉપયોગમાં આવે છે. આઈસક્રીમ બનાવતી વખતે બરફ સાથે મીઠું નાખવામાં આવે છે તે આ જ કારણે. દૂર દેશાવર ફળો મોકલવાં હોય છે ત્યારે તેમને ખૂબ ઠાર્યા પછી જ મોકલવામાં આવે છે. આ ક્રિયા માટે તેમને ઍમોનિયા મિશ્રિત ખૂબ ઠંડા પાણી વડે ઘેરવામાં આવે છે. એને લીધે પાણી બરફ બન્યા વિના ખૂબ ઠંડું રહી શકે


છે. આ ઠારેલાં ફળોને ગરમ કરવાથી પાછાં હોય છે તેવાં થઈ રહે છે. બરફનું કદ પાણી કરતાં વધારે છે, પરંતુ તે પાણી કરતાં હલકો છે ને પાણી ઉપર તરે છે. આનું કારણ શું? એ તો જોયું હશે કે પાણી જેમ ગરમ થાય છે તેમ હલકું થતું જાય છે અને ઠંડું પડે છે ત્યારે ભારે થાય છે. પરંતુ તે અમુક હદ સુધી જ; આ હદ વટાવી કે ફરી પાછું તે હલકું થવા માંડે છે. ૪૦ અંશ સેન્ટિગ્રેડ જેટલું તેનું ઉષ્ણતામાન ઊતરે છે ત્યાં સુધી તે ભારે હોય છે. પરંતુ આનાથી સહેજ પણ ઉષ્મામાન નીચે ઊતરતાં તે હલકું બનતું જાય છે અને શૂન્ય અંશે તે બરફમાં પરિણિત થાય છે. હવે, પાણી હલકું થયું કે તેનું કદ તો વધવું જ જોઈએ કારણકે કદ=વજન÷ઘટતા. આથી જ ઠંડા પ્રદેશોમાં ઠંડીથી પાણીના નળ ફાટી જાય છે."

પેલી લોકપ્રિય લેખમાળા 'વનવગડાનાં વાસી'ના લેખક શ્રી 'વનેચરે' સમુચિત રીતે જ આ ઋતુમાં ઉપયોગી એવો એક અગત્યનો લેખ આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના શિયાળે લખ્યો હતો: 'પંખીઓનું દેશાન્તર'. એમાંનો થોડો ભાગ તારવીએ.


"શિયાળો આવ્યો અને પંખીઓનાં ધમાલિયાં જીવન મીણાઈ ગયાં. વસંતના આરંભથી જેમનાં ગાન વનેવન ગજાવી મૂકતાં એ લોકોત્તર ગાયકોનો ગાનોન્માદ મંદ પડી ગયો. જોકે શિયાળામાં કોઇ યે ગાતું નથી કે કોઇ યે રૂપાળું પંખી નજરે પડતું નથી એમ તો ન જ કહેવાય. જન્મકાળથી આજ સુધી એની જનેતાના જેવા ધૂળિયા રંગે ખરડાએલો રૂપવિહોણો મૂંગો શક્કરખોરો આ જ દિવસોમાં એનો ચમકતો શણગાર સજી પીળી કરેણના ફૂલેફૂલે ગાતો ફરતો દેખાય છે. આસમાની રંગના વિવિધ પાશવાળી પાંખો પર અદ્ધર ગુલાંટ ખાતો, આસમાનને વધુ આસમાની બનાવતો ચાસ, એના 'રોલર' નામને સાર્થક કરતો પણ આ જ ઋતુમાં દેખાય છે. ગીધ, બાજ, ગરુડ, ઘૂવડ અને સમળી જેવાં જરઠ અને ભીમકાય પંખીઓનાં શિશુસંવર્ધન પણ આ જ દિવસોમાં થાય છે. કલકલિયા અને પોપટ, તાંબટ તથા હુડહુડ અને ચકદિલ જેવાં સુકોમળ પખીઓનાં પ્રજનનકર્મમાં પણ આજની શીતળતા બાધાકારક નથી નીવડતી. પણ આ બધું અપવાદ રૂપે.

આમ છતાં શિશિર ઋતુ પંખીઓનો પરિચય કરવા માટે અપૂર્વ સમય ગણાય; કારણ જેટલા વિવિધ વર્ગનાં પંખીઓ આ ઋતુમાં નજરે પડે છે, એટલાં બધાં આખા વર્ષમાં



પરાસ


તામણી


ફરાઓ


ખેરપિદ્દો


દીવાળી ઘોડો


કુંજ

અન્ય કોઇ પણ સમયે નથી દેખાતાં. શરદના આરંભકાળથી કલ્પનાતીત દૂરના દેશોનાં વસનારાં વિવિધ કોટિનાં અસંખ્ય પંખીઓનાં ટોળેટોળાં ભારતવર્ષમાં ઊતરી આવે છે.

યાયાવર પંખીઓની યાત્રાનો આક્રમ પ્રતિવર્ષ નિયમિત આજે યુગોથી ચાલતો આવ્યો છે. જો કે આવાં યાયાવર પંખીઓના આતિથ્યસત્કારનો મુખ્ય લાભ તો ઉત્તરભારત, હિમવાન અને વિંધ્યના વચલા પ્રદેશને જ મળે છે. આ વિશાળ પ્રાંતની વિપુલ સસ્યસંપત્તિ, ઉચ્ચ ગિરિમાળાઓના અભાવવાળાં વિસ્તૃત તૃણાચ્છાદિત મેદાનો, લતાપ્રતાનોથી દુર્ગમ ગીચ વનસ્થલીઓ, ઊભરાતાં તીરવાળી નદીઓ ને અતલવારિ તળાવો—યાયાવર પંખીઓના ક્ષણિક નિવાસને સર્વાંશે અનુકૂળ આ બધું હોવાથી, મોટા ભાગનાં આવનારાં એ પ્રદેશમાં જ અટકી જાય છે.

પંખીજીવનને આવશ્યક આ સામગ્રીથી આપણો પ્રાન્ત પણ સુસમૃદ્ધ છે એટલે યાયાવર પંખીઓની અનેક જાતો આપણે ત્યાં પણ દરેક વર્ષે આવીને રહી જાય છે. એમાં સૌથી પહેલો આવે છે થરથરરો. તેની પાછળ પાછળ જ દીવાળીઘોડા આવે છે. મનુષ્યના વસવાટની પાસે રહેવાના એ શોખીન, એટલે આપણી નજરે તરત ચડે છે. પણ એમની સાથે આવેલાં પરંતુ વગડાનાં વસનારાં ભેરી, નરઝી, કુરરી, દસ્તમલ, અબાબીલ, દેશી શામા, ખેરપિદ્દા જેવાં બીજાં કેટલાંયથી આપણે અપરિચિત રહી જઇએ છીએ.

આવાં ભૂચરની સાથે સાથે જ જળચર યાત્રીઓ પણ આવે છે. શરદની સોહામણી રાત્રિઓમાં હંસ અને રાજહંસનાં ટોળાં ઉત્તર ગુજરાતનાં ઘઉંનાં ખેતરોમાં ઊતરે છે. એમની પાછળ પાછળ ચકવાચકવી, કુંજ અને સુરખાબ, ગણતાં ગણાય નહિ એટલી અને રંગબેરંગી નાનીમોટી આડચો (ગઇણો, બુઆર બુઆરી, પરાસ, ફરાઓ, શેખલો અને કરડીઓ, તારંડીઓ, રાતો બારી, તામણી, કાળવેલીઓ વગેરે)થી આપણાં ગંભીર તળાવ અને નળકંઠાનો વિશાળ પટ છવાઈ જાય છે.

આ આવનારાં જેટલાં વિવિધ છે એટલી જ ભિન્ન ભિન્ન એમની નિવાસભૂમિઓ છે. થરથરરો ઠેઠ ચીનથી અહીં આવે છે. હંસની વાસભૂમિ માનસસરોવરની પાળ્યે અને તિબેટનાં જળાશયોમાં છે. દીવાળીઘોડા યુરોપ ને ઉત્તર એશિયાના વસનારા છે. કેટલાંક પંખી ઠેઠ સાઈબીરિયાથી અહીં આવે છે. થોડાંક વળી ઇરાન, એશિયા માઈનર ને તુર્કસ્તાનમાં કાયમી નિવાસ કરનારાં હોય છે.'

ડચ રંગભૂમિ

નેવુંની—પણ પ્રમાણમાં કમ્મર ટટાર એવી સશક્ત આ બાઈ! ઉમરે બુઢ્ઢી છતાં આંખમાંની એની ચમક ઊંડી સમજદારીનું સૂચન કરતી હતી. વાતમાંથી વાત નીકળતાં, રંગભૂમિ વિષે મારો રસ જાણી એણે 'નટ કે નાટકકાર?' એટલો જ સવાલ પૂછ્યો. મેં ઘટિત જવાબ આપી, હિંમત આણી એને 'રંગભૂમિમાં રસ ખરો?' એમ પૂછતાં, એક સહેજ શિલાઢાંકણું ખસેડતાં ગુપ્ત ગંગા વહેવા માંડે એમ, વાતપ્રવાહ વહ્યો, ત્યારે પછી એ બેઠી. ૧૮૬૪માં જન્મેલા હરમાન હિયરમાનનાં લોકપ્રિય નાટકોમાં એણે રંગભૂમિ ખેડેલી, અને એના 'ઊગતા સૂરજ'ના નાટકમાં તો આ બાઈએ સારી પ્રતિષ્ઠા પણ સર કરેલી. સ્તાનિસ્લાવસ્કી અને ગ્રા'મ જેવાઓએ એ નાટકનું સંચાલન હાથ ધરેલું એ હકીકત એણે જ્યારે કહેવી શરૂ કરી, ત્યારે એની આંખની ચમકમાં ભારે રોશની પ્રગટી રહી.

શરીરે તો એ સશક્ત ખરી જ, પણ યાદશક્તિ યે પ્રમાણમાં ઠીક સશક્ત લાગી. એને હવે વળી યાદ કરાવવાનું શું રહ્યું? જોઈ લીધું, માણી લીધું, મન અને નજર વાળી લીધાં. હવે દીકરો તો કહે છે કે એ એને માટે જ ફક્ત જીવે છે. કદાચ ખરી વાત હશે, કદાચ જીવાદોરી લાંબી હશે ત્યાં સુધી જીવવાની યે હશે.(એ ગૂઢ સવાલનો ઉકેલ કોને મળ્યો છે કે આપણે એમાં ગોથાં ખાવા પડીએ?)પચાસસાઠ વર્ષ પહેલાં એ જમાનાની રંગભૂમિ પર આ નટીએ અદાકારી કરેલી, એટલી જ વાતથી એના પ્રત્યે વધારે માન ઊભરાય એ સ્વાભાવિક હતું. એ જ બસ નહોતું?

સાંજે સિઝ વૉન યેઝલડિકે પૂરા કરેલા મારા ચહેરાનો સ્કેચ બગડે નહિ એમ એ બરાબર વીંટાળી રહ્યા હતા ત્યારે ટરમાટન સાહેબ ને એમનો એક બીજો મિત્ર જે. જે. ઓવરસ્ટીગન આ ગિરિમાળની કેડી હાંફતા હાંફતા ચડીને આવ્યા. ઓવરસ્ટીગન તો નવજુવાન, સાહિત્યનો શોખીન, છાપાં-ચોપાનિયાં સાથે સંકળાએલો, માસિક-ત્રિમાસિક ચલાવે, નાની ઑફિસ ધરાવે, અને અંગ્રેજી ભાષા અંગ્રેજોની જેમ, શુદ્ધ પાકા સ્પષ્ટ ઘટિત વજનના ઉચ્ચાર સાથે બોલે. એટલે નીચે ઊતરી અમે એક રેસ્ટોરાંમાં ખાણી-પીણી કરવા જઈ બેઠા. આમ્સ્ટલ નદીને કાંઠે બંધાએલા આમ્સ્ટર્ડામ શહેરમાં ભૂલેચૂકે કોઇ પ્રખ્યાત આમ્સ્ટલ ડચ બીઅર સિવાય બીજો કોઇ બીઅર મંગાવે તો, એ હાજર કરનારો કર્મચારી માગનારની શકલ સામે કેટલીક પળ સુધી તો એવી રીતે જુએ કે, માગનારને એના એ મૂગા અભિનયમાંથી જ એ અભિનયના પ્રપંચનો પૂરો કયાસ મળી રહે.

આમ્સ્ટલ કંપનીએ વળી પોતે પોતાની છાપવાળા ગ્લાસ બનાવ્યા છે. એની નીચેની પડઘી, એની દાંડી, એની પકડ, એની ઉપરનો નજાકત ભરેલો વળાંક, એની ઉપલી કિનાર ઉપર સોનેરી રંગની રેખા, અને એ આખી બનાવટમાં કાચની સફાઇ, એ બધું જોઈ મનમાં થાય કે ગ્લાસ બનાવનારાઓ પણ જો જડસા અને બોથડ, પૈસાલાલચુ કે દે દફડાવનાર હોય તો એમનો માલ પણ ફૂટકળ જ સમજવો. ઓવરસ્ટીગનની આગલી આંગળી ગ્લાસની દાંડી ઉપર અને ટચલી આંગળી પડઘી ઉપર લપસતી પડી છે, અને મારા એક સવાલનો એ સાહેબ આસાનીથી જવાબ આપે છે:

'અરે, કહેનારા તો એમ પણ કહે છે કે શેક્સપીઅર ખુદ અહીં નેધરલૅન્ડમાં પોતાની ટોળી લઈને નાટકો કરવા ઊતરી આવ્યો હતો. પણ વાતને મ્હલાવનારા વાતમાં મરીમરચાં ભભરાવે નહિ તો મજા ન આવે, એ તો તમે જાણો છો; બાકી એ વાતને કંઈ જ આધાર નથી. શરૂઆતમાં અમને અહીં જે કંઈ શેક્સપીઅર માણવા મળ્યો તે તો ફ્રેન્ચ ભાષામાં. પછી ૧૭૮૦ બાદ અંગ્રેજીમાં જાણવા-જોવાનો મોકો પ્રાપ્ત થયો. ખરી વાતે તો ૧૮૭૯નો પહેલો રોમિયો-જુલિયેટનો અનુવાદ અમારા હાથમાં આવ્યો, પણ એ ડચ તરજૂમો દમ વગરનો, શબ્દકોષમાં જોઇજોઇ ઉતારેલો. વાતમાં કંઇ મજા નહિ. છતાં વર્ષભર નાટકો થયાં, અને ૧૮૮૦માં ડચ નટ વિલેમ રોયાર્ડ, અને એડુઆર્ડ વરકાડેએ શેક્સપીઅરની ખરી ખૂબી ભજવી બતાવી.'

'મારા મત પ્રમાણે એ બાબતમાં પણ કંઈ ગ્રહદશા જેવું હોય છે.'

'કેમ?'

'અમારે ત્યાં પણ એ જ અરસામાં શેક્સપીઅર ભજવાયો; જરા બેએક દાયકા વહેલો—અમારી ભાષામાં; બાકી અંગ્રેજીમાં તો કંપનીઓ આવે જાય અને ભજવાય.'

'૧૮૮૦ પછી તો અહીં શેક્સપીઅર સમજનારા, એનું રહસ્ય પ્રગટ કરી આપનારા, અને એ નટનટી મારફત રંગભૂમિ ઉપર પ્રત્યક્ષ કરાવનારા કંઈક મહારથીઓ પાક્યા અને આજે અહીં તમે જોજોને, ભાતભાતની શૈલીમાં તમને શેક્સપીઅર જોવા મળશે.'

જમ્યા ત્યાં સુધી અમે નટ નાટક અને નાટકશાળાની ચર્ચા કરી. મારો વા'લો ઓવરસ્ટીગન તો વળી કવિ જીવડો નીકળ્યો. રાતે હોટેલ જતાં, રસ્તે એની ઑફિસ ખોલી હોલૅન્ડના ટૂંકી વાર્તાના લેખકોથી માંડી પ્રખ્યાત લિરિક કાવ્યોના લેખકોની કૃતિઓનો ઢગલો મને બંધાવ્યો. રસિયો માણસ, ઉત્સાહી માણસ, શોખીન માણસ, વિવેક વિનય અને સૌજન્યથી શણગારાએલો માણસ. દિવસભરનો થાક એણે તાજગીભરી વાતોથી ઉતારી આપ્યો.

રાતે મારા ઓરડામાં એણે કહેલી અનેક વાતો વાગોળતો હું પડ્યો હતો, એમાં આરી ડેન હેરટોગના એક નાટકનું વસ્તુ મારા મગજમાં સજ્જડ બેસી ગયું. વળી જાન ડેન હારટોગ પણ એક બીજો પ્રખ્યાત નાટકકાર છે. આ હારટોગ, પેલો હેરટોગ. એ હેરટોગે 'ઉંદરડાનું મોત' નામે સરસ નાટક લખ્યું છે. પણ હારટોગે 'દાનવની ચિત્રપોથી' કરી જે નાટક લખ્યું છે—અને બહુ વાર ભજવાયું પણ છે એનું વસ્તુ ખાસ જાણવા જેવું છે. ટૂંકમાં કહીએ તો એમાં, જુગાર રમતાં ધણીઆણીને હોડમાં મૂકવાની વાત છે. પાંડવકૌરવના દ્યૂત રમવાની વાત જેવી જ એમના પુરાણા સાહિત્યમાંની એક કથા. એનું નામ 'પત્તાંનો ખેલ'. પણ આજના જમાનામાં કોઈ એવો ધણી નીકળે ખરો કે દાવ હારતો જાય ત્યારે અંતે ધર્મપત્નીને પણ હોડમાં મૂકે? નાટકકારને એ કોયડો લાગતાં, એણે નાટકને અધવચ્ચેથી સ્વપ્નાની વાતમાં ફેરવી નાંખ્યું છે. એક જણાએ એક લેખકને નાટક લખવા કહ્યું, અને એણે પાનાની રમતમાં હારતા જુગારીને બૈરીને હોડમાં મૂકતો બતાવવા, એ મૂકે કે ન મૂકે એ નક્કી કરવા, એને ઘેરથી એની વહુનો ટેલિફોન આવતાં એ અધવચ્ચેથી રમત અધૂરી રાખી ચાલ્યો જાય છે. દરમિયાન આ આપણા નાટકકાર કલ્પનાના વિહારે સ્વપ્નસૃષ્ટિમાં ચગી નાટકમાં પોતાની મુરાદ બર લાવે છે અને સ્ત્રી હોડમાં મુકાય છે. સ્ત્રી પહેલાં તો ગુસ્સો કરે છે પણ પરિણામે એ પતિના પ્રતિસ્પર્ધીના પ્રેમમાં પડે

છે, અને છૂટાછેડા લઇ પરણવાની તૈયારી કરવાનો યા તલવાર બાજી ખેલી બેમાંથી એક જણનો ફેંસલો કરવાનો ઈરાદો સેવે છે, ત્યાં સ્વપ્ન પૂરું થાય છે, યા ભાંગી પડે છે. કારણ પેલા ભાઈ ઘેરથી પોતાની વહુને લઈને અધૂરી બાજી પૂરી કરવા આવી ચડે છે.

પણ એની સ્ત્રી કદરૂપી છે. આપણા સ્વપ્નશિલ્પીએ સ્વપ્નામાં જોઈ એવી એ માયા-મોહિની નથી, એથી એ હતાશ, નિરાશ, ભગ્નાશ થાય છે, અને પોતે જીતતો છતાં બાજી ખેલવી મૂકી દે છે, અને સંસાર આખો એ માયાની જાળ છે એવું એને ભાસવા લાગે છે. બીચારો નાટકકાર! નાહકનો ભરમાયો. પોતાની સ્ત્રીને જુગાર રમતાં હોડમાં મૂકનારા આજે ન નીકળે એવું માનવાની કશી જરૂર જ નહોતી. પાંડવ કૌરવો કરતાં આજનો માણસ વધારે સુધરેલો છે એમ? ના. ધણી-આણીને મારી નાખનારા, જીવતી બાળી મૂકનારા વીરલાઓ પડ્યા છે, ત્યાં વળી હોડમાં મૂકતાં અચકાય એમ માનવાની શી જરૂર છે? નાટકકાર ભલો હોવો જોઈએ—યા એની ધર્મપત્ની બહુ સારી હોવી જોઇએ, અને આસપાસની દુનિયાથી એ અજ્ઞાત હોવો જોઈએ. બીજે પક્ષે એ પણ ખરું, કે જો આ દુનિયામાં શું શું બને છે એનો હિસાબ કાઢવા માણસ બેસેને, તો એ હિસાબ જાણીને એ કદાચ ગાંડો પણ થઈ જાય. સ્ત્રીને તો ગાંડી થવાનો સવાલ જ ઊભો થાય નહિ, કારણ એનું તો કાસળ જ કાઢવામાં આવે છે! અસલ આપણે દૂધપીતીનો રસ્તો કરી નાખતા હતા, હવે આપણામાં વિદ્વત્તા સ્વતંત્રતા અને સંસ્કારિતા આવતાં અન્નખાતીનો અંત આણી દઈએ છીએ. ત્રીસચાળીસ વર્ષ પહેલાં વર્ષમાં એકાદ ખૂન થતાં ભારત ખળભળી ઊઠતું હતું, હવે છાશવારે એકાદ ખૂન ન થાય તો આપણને નવાઈ લાગે એ દશા છે. પણ નાટકની વાતમાંથી આ વિષયમાં ક્યાં ફંટાયા? રાતે ઊંઘ ન આવે તો મગજમાં ગમે તે વિચારો ચોળાય, તો એને કોઇ પૂછનાર છે ખરું?

બીજે દિવસે સવારે નીચેના ખંડમાં નાસ્તાના ટેબલ પર કૉફી પીતાં ડચ ચીઝને માખણમાં લપેટી ટુકડો કરડું છું, ત્યાં મારે માટે ટેલિફોન રણક્યો. અહીં વળી એવું તે કોણ હશે, એનો વિચાર કરતાં શબ્દકોષમાં સામાન્ય રીતે ન મળે એવા બે શબ્દો ગણગણવા માંડું છું, ત્યાં તો જાણ્યું કે એ તો છેક હેગથી રીટા ટ્રોમેલ બોલે છે. લાઈડન અને હેગમાં આવેલાં મૉડર્ન આર્ટનાં બે સંગ્રહસ્થાનો જોવા એ લઇ જનાર છે. રીટા અભિનયકલાની વિદ્યાર્થિની, એણે આધુનિક ચિત્રકારોની રંગની ભભકભરી મિલાવટ વિષે એક વળી નવો મુદ્દો કહ્યો:

'શેક્સપીઅર, વાઈલ્ડ, મોલિયેર, સ્ટાઇનબર્ગ કે એવા ગમે તે કોઇ નાટકકારની કલ્પનાપ્રધાન નાટ્યકૃતિ લ્યો, એમાં લેખકે પાત્રોનાં જીવનમાં તો રંગો પૂર્યા જ છે, પરંતુ એની આસપાસ રંગની અનેરી સૃષ્ટિ ખડી કરી આપવામાં ગૉર્ડન ક્રેઇગ, આપી આ અને મૅક્સ રાઇનહાર્ટે પણ નાનોસૂનો ભાગ નથી ભજવ્યો. એમણે આખાં ને આખાં સેટિંગની કાયાપલટ કરી નાંખી, એને નવા જ ઘાટ આપ્યા, અને વધારામાં એમાં રંગની ભભક ઉમેરી. આ ચિત્રકારો કુદરતી તેજ-છાયાની સુરખી વિચારી એનો ઉપયોગ કરતા. અલબત્ત અઘરું કામ; પણ એમનાં કામ ઉપરથી પ્રેરણા લઇ રંગસજાવટ કરનારાઓએ વીજળીની દીવાબત્તીઓ વડે પ્રકાશધોધ, પ્રકાશપ્રવાહ અને પ્રકાશ-કેન્દ્રીકરણના કીમિયા અજમાવી, માનવ હૃદયની ઊર્મિનાં રંગબેરંગી સ્વરૂપો રંગભૂમિ ઉપર ઉપસાવવા પ્રયોગો કર્યાં, અને...અને ધારી અસર ઉપજાવી પણ શક્યા. યુરોપની એ પ્રખ્યાત ત્રિમૂર્તિની અસર તળે અમારે ત્યાં હૉલૅન્ડમાં વર્કાડે અને રેયાર્ડ્ઝ રંગભૂમિ ઉપર રંગની રોનક અને ભભક પાથરનારાઓમાં અગ્રગામીઓ હતા.' (ચાલુ)

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા આહાર અને આરોગ્ય [૨૬]

દારૂ

જેને વિષે કશું પણ શિરોવચન લખવા જેવું નથી એ વેદના વારાથી ચાલ્યું આવતું દુનિયાભરનું પુરાણું પીણું

જિંદગીની જંજાળો, નાસીપાસી, બોજ ને માનસિક નબળાઇઓથી નાસી છૂટવા માણસ દારૂના પીણાને વળગે છે.

ચા અને કૉફી કરતાં ય દારૂનાં મૂળ પુરાણાં છે. પુરાણોમાં સુર-અસુરોના સંબંધમાં એના ઉલ્લેખો છે. દેવોના સમુદ્રમંથન વખતે નીકળેલાં રત્નોમાં લક્ષ્મી સાથે વારુણી (દારૂ) પણ હતી. ફળ ને અનાજના વિપાકમાં દારૂની ઉત્પત્તિ રહી હોવાથી એમ કહી શકાય કે દારૂની શોધ અનાજ પકાવવાની રીત જેટલી જ જૂની છે, છતાં વ્યાપાક ફેલાવો તો ચા-કૉફીનો છે, કારણ તે જરૂરિયાતમાં ખપે છે જ્યારે દારૂ વ્યસનમાં.

વ્યસનનો એક અર્થ છે નશો આણનારી ચીજ. દારૂથી શરીર સાથે મન બગડતું હોઈ એ બરબાદીના પંથે લઈ જતી ગળે પડતી લત છે. પુરાણોમાં કથ્યા મુજબ અસુરો (ભોગવિલાસમાં રાચનારાઓ)ને એ ખૂબ પ્રિય છે. આની લતના ભોગ બનનારા નીચલા થરના જ નહિ, પણ શ્રીમંત, સામાજિક પ્રતિષ્ઠાવાળા અને ભણેલા માણસો પણ હોય છે. પશ્ચિમના દેશોમાં સરાસરી દર છ વ્યસનીએ એક સ્ત્રી પણ હોય છે. અમેરિકી લેખક ડૉ. રૉબર્ટ કોલિયર પેઇજ લખે છે "માનવશાસ્ત્રના અભ્યાસમાં લાંબા વખતથી જાણવા મળ્યું છે કે આદિવાસી સમાજથી થોડી વિકસિત સંસ્કૃતિને ઓળખાવનારાં લક્ષણોમાંનું એક દારૂનો વપરાશ છે." પ્રકૃતિ અને પહાડોની ગોદમાં આવેલા નીફા વિસ્તારમાં જમીનદારો, શાહુકારો ને વકીલોની સાથે શરાબની દુકાનો પણ નથી.

દારૂના પ્રકાર

ફળ કે અનાજના દ્રાક્ષશર્કરાના યીસ્ટથી નીપજતા આથા (ફરમેન્ટેશન)થી દારૂ (ઇથાઈલ આલ્કૉહૉલ) પેદા થાય છે. વિવિધ પ્રકારના પદાર્થોમાંથી નીપજતાં દારૂનાં પીણાંની પણ અનેક જાતો છે, પણ દરેકમાં મુખ્ય ને શરીરને અસર કરનારું ઘટક તો મદ્ય (ઇથાઇલ આલ્કૉહૉલ) છે.

જુદીજુદી શર્કરાઓના આથાથી 'સ્પિરિટો' (મદિરા કે સુરા) બને છે, તો દ્રાક્ષરસના આથાથી 'વાઇનો' પેદા થાય છે. ભાવમિશ્રના કથન મુજબ ચોખા આદિથી બનેલું મદ્ય સુરા કે મદિરા કહેવાય છે, તાડી કે ખજુરીના રસના આથાથી વારુણી બને છે, શેરડીના રસમાંથી બનેલો દારૂ સીધુ, અને કાચાં ઔષધો ને પાણીથી બનેલું મદ્ય આસવ કહેવાય છે.

પરદેશી પદ્ધતિ પ્રમાણે ચોખા, જવ, મકાઈ, ખાંડ ને ગોળમાંથી સ્પિરિટો બનાવાય છે. તેની જાણીતી જાતોમાં જિન, વ્હિસ્કી, બ્રાન્ડી અને રમ છે. આપણે ત્યાંનો દેશી દારૂ એ સ્પિરિટની જાત છે. ફણગાવેલા જવ અને હૉપ્સમાંથી બીર અને પોર્ટર બને છે, જે માલ્ટેડ લાઈકર કહેવાય છે. દ્રાક્ષના રસમાંથી વાઈન્સ બને છે, જે બીરની સરખામણીમાં સુંદર રંગ નિર્મળતા અને મજાના સ્વાદમાં ચડિયાતા છે. તેમાં સ્પિરિટ અને બીરના કરતાં વચલા પ્રમાણમાં મદ્ય હોય છે. શૅમ્પેઈન, ક્લેરેટ, પોર્ટ વગેરે વાઇન્સની જાણીતી જાતો છે.

દારૂની વિવિધ જાતોમાં મદ્યનું પ્રમાણ નોખું રહે છે. બીરમાં ૩ થી ૭ ટકા મદ્ય છે. દ્રાક્ષાસવમાં ૫ ટકા પ્રમાણમાં છે. ક્લેરેટ, શૅમ્પેઇન આદિ વાઈન્સમાં ૫ થી ૧૫ ટકા તો શેરી, પોર્ટ, આદિ ફૅાર્ટિફાઈડ વાઇન્સમાં ૧૫ થી ૧૭ ટકા મદ્ય છે. વ્હિસ્કી, જીન અને રમમા ૫૨ થી ૫૯ ટકા અને દ્રાક્ષ આદિ ગળ્યાં ફળોમાંથી બનતા બ્રાન્ડી ને જીનમાં ૪૩ થી ૫૭ ટકા મદ્ય છે. દેશી દારૂ ૨૫ થી ૮૦ અન્ડરપ્રુફનો હોય છે.

દારૂની સારીમાઠી અસરો

હવે આપણે મદ્યની શારીરિક અસરો જોઇએ. વ્હિસ્કી કે બ્રાન્ડીના જલદ મદિરાપાનથી મોંમાં લાહ્ય બળે છે. ક્રમશઃ મોંની આંતરત્વચા કરચલીવાળી ને સફેદ બને છે. એ પ્રકારનાં ચાલુ મદ્યપાનના દાહથી ગળાનો સોજો ને તે ભૂખ્યાપેટે પીવાથી હોજરીનો સોજો આવે છે.

બેથી પાંચ ટકા પ્રમાણવાળો થોડો દારૂ પીવાથી લાળ સમેત હોજરીનાં સ્રાવ અને હોજરીની ગતિ વધવાથી ભૂખ વધારે લાગે છે, પાચન સુધરે છે અને હોજરી તથા આંતરડાંમાંથી શોષણ વધે છે. આ કારણે દારૂનો પાચક તરીકે ઉપયોગ થાય છે અને લાંબી માંદગીની સમારોગ્યતા (કોન્વૅલેસન્સ) વખતે તેની ખાસ ભલામણ થાય છે.

હચિન્સન લખે છે 'દારૂથી હોજરીના પાચકરસોનો સ્રાવ વધે છે, પણ તે જલદ અને વધારે પ્રમાણમાં પીવાથી પાચકરસ ઓછો પણ શ્લેષ્મ વધારે સ્રવે છે.' કાર્લસનનું કથન છે કે 'દસ ટકા પ્રમાણના બે ચાર ઔંસ દારૂ પીવાથી બે કલાક સુધી ભૂખની સંવેદના શમે છે.'

મોટી માત્રામાં કે વીસ ટકા પ્રમાણમાં વારંવારનું મદ્યપાન દાહક હોઇ નુકસાન કરે છે એથી પાચક રસ ઘટે છે, પેપ્સિનની કણી (પ્રેસિપિટેઈટ) પડે છે, હોજરીનું હલનચલન મંદ પડે છે ને તેમાં સોજો (ગૅસ્ટ્રાઇટિસ) પેદા થાય છે. ભૂખ ને પાચન ઘટે છે, હોજરીની ગ્રંથિઓનું ગાત્રશોષણ (એટ્રફી) થાય છે. બીજા ખોરાક સાથે દારૂના મિત પ્રમાણથી પાચન ઉપર ગંભીર અસર પડતી નથી. આંતરડાંમાં આવતાં દારૂ ઘણો ફિક્કો (ડાલ્યુટ) થાય છે. બ્રાન્ડી થોડો ગ્રાહી હોવાથી ઝાડાના રોગ વખતે ઉપયોગી જણાય છે.

દારૂ થોડા પ્રમાણમાં હોજરીમાં, પણ મોટા પ્રમાણમાં આંતરડાંમાં બીજા કોઈ પણ ખોરાક કરતાં ઘણી ઝડપથી અને સંપૂર્ણ શોષાય છે. તે એટલી ઝડપથી શોષાય છે કે અર્ધાથી બે કલાકના સમયમાં તો તે લોહીમાં પૂરા પ્રમાણમાં હોય છે ને વળી ઘણો ધીમેથી તેમાંથી અદશ્ય થાય છે. ચરબીવાળા ખોરાક સાથે દારૂ લેવાથી તેનું શોષણ મંદ પડે છે.

ખોરાકની પેઠે દારૂથી શરીરમાં ગરમી પેદા થાય છે છતાં ખરા અર્થમાં તો તે ખોરાક નથી જ; કારણ તેમાં નથી પ્રોટીનો, ખનિજદ્રવ્યો અને વિટામિનો. હા, બીરમાં વિટામિન બી-૧ બી-૨ અને નિકોટિનિક ઍસિડ થોડા પ્રમાણમાં છે. દારૂથી શરીરમાં ગરમી મળતી હોવાથી આહારના કાર્બોહાઇડ્રેટ, ચરબી અને પ્રોટીનો બચતમાં રહે છે. દારૂ પીનારા શરીરે સ્થૂલ બનતા હોવાની વાત જાણીતી છે.

દારૂને પચાવવાની જરૂર પડતી નથી. તે પીવાય કે તરત તેનું ભસ્મીકરણ (ઑક્સિડેશન) થાય છે. આમ હોવાથી કથળેલા પોષણની ઘણી દશાઓમાં તે ઉપયોગી છે. છતાંય ધ્યાન રાખવા નું કે તે ચરબી ને ગ્લુકોઝ કરતાં બિલકુલે ચઢિયાતો નથી. જરૂરિયાત કરતાં વધારે ખવાએલાં ચરબી ને સાકર શરીરમાં સંઘરાય છે, જ્યારે ભસ્મીકરણની મર્યાદા કરતાં વધુ પીધેલો દારૂ લોહીમાં ફરતો રહી પેશીઓમાં ઝેરી ક્રિયા ઉપજાવે છે. તેને સંઘટિતરૂપે સંઘરવાની કોઇ પેશીની તાકાત નથી.

હોજરી અને આંતરડાંમાં શોષાએલો દારૂ કલેજામાં જાય છે. થોડા પ્રમાણમાં હોય તો તે એટલો ફિક્કો પડે છે કે તેની કોઇ ઇજાકારી અસર પડતી નથી. પણ જો પ્રમાણ વધારે હોય તો કલેજાના કોષોમાં

દાહ ઉપજી હેપેટાઇટિસની સ્થિતિ થાય છે. આ જોકે થોડા દિવસોમાં મટી તો જાય છે પણ મોટી માત્રામાં વારંવાર પીવાયેલા દારૂથી કલેજાની ફેટી ડિજેનરેશન અને ફાઇબ્રૉસિસની રોગાવસ્થાઓ આવી પડે છે.

દારૂ પીવાય કે તરત સ્ફૂર્તિ અને તાજગી આપે છે, હૃદય ઝડપથી અને જોસથી ધબકે છે. આ કારણે મૂર્છા વખતે તે ચેતના આપે છે. પ્રયોગોથી સાબિત થયું છે કે થોડા પ્રમાણમાં દારૂની હૃદયની માંસ-પેશી ઉપર કોઈ સીધી ક્રિયા તો નથી પણ વધારે પ્રમાણમાં તે હાનિ-કારક અને ઉપશામક છે.

દારૂનાં નુકસાન

દારૂ શરીરમાં શોષાયા બાદ ચામડીની લોહીની નળીઓ પહોળી થવાથી ચહેરો રતુમડો બને છે અને શરીરમાં ગરમી લાગે છે. રુધિરા-ભિસરણ ઝડપી બને છે. ડી કે થાક બાદ દારૂથી આહ્લાદ અનુભવાય છે, પણ આ સ્થિતિમાં ડીમાં વધારે રહેવાય તો શરીરની ગરમીનું પ્રસરણ થઈ જવાથી ન્યૂમોનિયા થવાની સંભાવના રહે છે. ન્યૂમો-નિયામાં દારૂ આપવાના પ્રચલિત રિવાજમાં તે શરીરની પેશીઓ અને હૃદય માટે ખોરાકનું કામ ઉપાડે છે. વધારે પ્રમાણમાં દારૂ રુધિરા-ભિસરણ માટે ઉપશામક છે. હૃદયની માંસપેશીઓ ઉપરની અસરથી હૃદયના થડકારા નબળા પડે છે ને લોહીનું દબાણ ઘટે છે. ઘણા વધારે પ્રમાણમાં દારૂ પીવાથી હોજરીની પ્રત્યાઘાતી નિરોધક ક્રિયાને લીધે કદીક તાત્કાલિક મરણ પણ આવી પડે છે.

મોટા ભાગે જ્ઞાનતંત્ર ઉપરની આહ્લાદક અસર માટે દારૂ પીવાય છે. થોડા પ્રમાણમાં તે મન અને શરીર ઉપર સુખની લાગણી પેદા કરે છે. પીનાર સંતોષી ઉદાર અને બોલકણો બને છે. આ ભ્રામક ને મધુર લાગણીઓ (યુફોરિયા)ની સ્થિતિ છે. પ્રમાણ વધતાં અતડો માણસ પણ વાચાળ બને છે. બોલતાં પહેલાં વિચારવાનું કે બોલવામાં જાળ-વવાનો વિવેક કે સાંભળનાર ઉપર પડતી છાપની ખેવના ઘટવાથી સંભાષણ થોડી રૂકાવટ અને છટાથી થાય છે. દારૂ પીધા બાદ કોક સારી વકીલાત કે નાટ્ય કરી શકતા હોવાનું સાંભળવામાં આવે છે તેનું કારણ હવે સ્પષ્ટ થશે. જોકે આ જ તબક્કે આવેગી અને અવિચારી કામ કરવાનું વલણ પણ થાય છે.

આટલી હદથી દારૂનું પ્રમાણ વધારવામાં આવે તો તેનું ઝેર જલ્દી લાગુ પડે છે. માનસિક સમતુલા ગુમ થાય છે, બધા પ્રકારનાં અવિ-ચારી કામો થાય છે, ચાલ લથડિયાં લેતી તથા વાણી અસ્પષ્ટ અને અસંબદ્ધ બને છે, ધમપછાડાના બદલે ઘેન અને ઊંઘ આવે છે. ઉબકા-ઉલટી સતાવે છે, રતુમડો બનેલો ચહેરો ફિક્કો બને છે. ઉશ્કેરાટની આ સ્થિતિ વ્યક્તિગત વિશેષતા ધારણ કરે છે. કોકમાં આ લંબાય છે તો બીજા ઊંડા ઘેનમાં પડે છે.

રસ્તા ઉપરના અકસ્માતો માણસ, વાહન કે રસ્તાને લીધે થાય છે. આમાં જ્યારે માણસ સંડોવાય ત્યારે દારૂ મહત્ત્વનું કારણ બને છે. લોહીમાં ભળ્યા બાદ દારૂ શરીરની વિવિધ પેશીઓના પાણીમાં ભળે છે. શરીરનો પાણીથી સમૃદ્ધ ભાગ મગજ છે. એટલે દારૂથી મગજની કામગીરીમાં બગાડ થાય છે. પ્રથમ તો વિવેકશક્તિ (જજ્જમેન્ટ) ઘટે છે. પછી દૃષ્ટિ બગડે છે. ત્યાર બાદ સહનિયમન મંદ પડે છે. આમાંની એક પણ શક્તિનો નાશ થવાથી વ્યક્તિની મોટર હાંકવાની શક્તિ વણસે છે. લોહીમાં દારૂના ૦·૪ ટકાથી ઓછા પ્રમાણથી વ્યક્તિનાં નિર્ણય, આત્મનિગ્રહ અને ધ્યાનનો વિધ્વંસ થાય છે. ૧ ટકા પ્રમાણથી માંસ-પેશીઓ ઉપરનો કાબૂ ઘટે છે અને ૨ ટકાથી દૃષ્ટિ અને શ્રવણશક્તિ બગડે છે. દારૂના ઘણા થોડા પ્રમાણથી મોટરહાંકુની કામગીરી બગડ-વાથી કટોકટી વખતે વર્તવાની તાકાત ઘટે છે અને આ જ કારણે અકસ્માતો થાય છે. અમેરિકાની યેલ યુનિવર્સિટીના પ્રયોગોથી જાણ-વામાં આવ્યું છે કે બે ઔંસ વ્હિસ્કી પીધા બાદ એક કલાક અને ચાર ઔંસ પીધા બાદ બે કલાક સુધી મોટર હાંકવા બેસવું ન જોઇએ. દારૂના કારણે થતા અકસ્માત ગંભીર હોવાથી શકયતા છે.

ઘણા મોટા પ્રમાણમાં દારૂની અસરો ઈથર અને કલોરોફોર્મના જેવી બેભાન બનાવનારી છે. કદીક શ્વસનયંત્ર ઉપર માઠી અસરોથી મૃત્યુ પણ થાય છે. મૃત્યુનું તો ઠીક પણ વ્યસનીની આયુર્મર્યાદામાં બાર વરસનો ઘટાડો થતો હોવાનું અમેરિકી નિષ્ણાતોનું કથન છે.

હવે સ્પષ્ટ થશે કે દારૂ બિલકુલે ઉત્તેજક નથી પણ ઉપશામક (ઘેન આણનાર) છે. ઉત્તેજના તો મિથ્યા છે. રોજિંદા જીવનમાં વર્તન ઉપર અવરોધ અને કાબૂ ધરાવતાં મગજનાં ઉચ્ચ કેન્દ્રોના પક્ષાઘાતથી તે પ્રાપ્ત થાય છે. બુદ્ધિ-ચાતુર્ય અને એકાગ્રતાનાં કામ દારૂ વગર સારાં અને ચોક્કસ થાય છે. શારીરિક શ્રમ અને સહનશક્તિ માટે પણ આવું જ કહેવાનું છે. ચેપી રોગોનો પ્રતિકાર કરવાની શક્તિ પણ ઘટે છે.

દારૂનાં પ્રમાણ ને ઉપશમતા માટે વ્યક્તિગત ફેર રહે છે. વ્યસની દારૂની મોટી માત્રા જીરવી શકે છે જ્યારે નવોસવો માણસ એક ઔંસ પીધાથી છાકટો બને છે. પીધેલા દારૂનો ૧/૫ થી ૧/૧૦ ભાગ ઉચ્છ્વાસ અને પેશાબ વાટે શરીર બહાર ફેંકાય છે, બાકીનાનું શરીરમાં ભસ્મી-કરણ થાય છે. દારૂ મંદ મૂત્રલ છે. દારૂના લોહીમાં ૦.૦૨૫ થી ૦·૧ ટકા પ્રમાણથી ભ્રામક મધુરી લાગણી, ૦·૧૨ ટકા ઉપરના પ્રમાણથી દારૂડિયાનાં લક્ષણો ને ૦-૨૭ ટકા ઉપરના પ્રમાણથી ઊંડું ઘેન પ્રાપ્ત થાય છે. કેફની તીવ્રતા જાણવા કાજે લોહીની ખાસ પરીક્ષા કરવામાં આવે છે.

એક વાર દારૂ પીવાનો શરૂ કર્યા પછી તે છૂટતો નથી. આંતરે કે સતત તે ચાલુ રહે છે વધતા પ્રમાણમાં સતત પીવાથી દસથી પંદર વર્ષના ગાળામાં તો ૩૦ થી ૫૦ની ઉમરની ચતુર અનુભવી ને કારીગર તરીકે પંકાતી વ્યક્તિ પણ મોટા ભાગે વ્યસની બની જાય છે.

વારંવાર દારૂ પીનારને દારૂ સદી જતો હોવાથી વખત જતાં તે એનું વધારે પ્રમાણ જીરવી શકે છે. મગજનાં કેન્દ્રો પણ એની મોટી માત્રા સહી શકે છે. પરિણામે પીનાર પીવામાં અમિત બની વ્યસની બને છે. તેને ગૅસ્ટ્રાઇટિસ ને સિરૉસિસ ઑવ લિવરના રોગો થઈ આવે છે. શરીરની પેશીઓ નિર્બળ બને છે. ચેપી રોગો નિવારવાની પ્રતિકાર-શક્તિ ઘટે છે. ન્યૂમોનિયાથી તો તે જવલ્લે જ બચે છે. તેની ઇચ્છા-શક્તિ, નૈતિકતા અને માનસિક શક્તિનો ક્રમશઃ હ્રાસ થાય છે. ચિર-કારી (ક્રૉનિક) વ્યસનીના પ્રજનન અવયવો ઉપર હાનિકારક અસરો થવાથી વંધ્યત્વ આવી પડે છે. તદુપરાંત જ્ઞાનતંત્ર ઉપર અસર થવાથી ન્યૂરાઇટિસ, ડિલિરિયમ, ટ્રેમેન્સ અને ગાંડપણ પણ પેદા થાય છે. વાગ્ભટ્ટ દારૂ અને ઝેરનું સરખાપણું દર્શાવતાં કહે છે: 'ઝેરમાં ચિત્તને ભમાવી નાંખે એવા દશ ગુણો મોટા પ્રમાણમાં હોવાથી જીવનનો અંત આવે છે. દારૂમાં એ દશ ગુણો થોડા પ્રમાણમાં હોવાથી જીવહાનિ થતી નથી' (નિદાનસ્થાન: ૬·૨) વળી વધારામાં લખે છે 'અરે, જે પીવાથી સ્મૃતિવિભ્રંશ થાય તેમાં જે કંઈ હોય તે બધું ખરાબ જ હોય यतैकः स्मृतिविभ्रंशस्तत्र सर्वमसाधुयत्' (નિદાન: ૬ ૧૦).

પ્રજાનું દારૂનું વ્યસન અને તેના બુદ્ધિચાતુર્યના ધ્વંસને ચોક્કસ સંબંધ હોવાનું ડૉ. એલેક્સિસ કેરેલનું કથન છે. આ અંગે તેમનું કહેવું છે કે 'બુદ્ધિચાતુર્ય અને સામાન્ય બુદ્ધિની હીણતા દારૂ ને બધી જાતના અતિભોગને આભારી હોવાનું સમજાય છે. વિજ્ઞાનને વરેલા સૌ દેશો-માં ફ્રાન્સમાં દારૂ પુષ્કળ પીવાય છે; અને તેને ઓછાં નોબેલપ્રાઈઝ મળ્યાં છે. એક સમયે દુનિયાના અતિબુદ્ધિશાળી તરીકે પંકાએલા લોકોની પડતીના મુખ્ય કારણોમાંનું એક દારૂનું વ્યસન નિઃસંશય છે.'

ઔષધીય ઉપયોગો

દારૂના ઔષધીય ઉપયોગો પણ છે. તાવ વખતે કૉલનવોટરના રૂપમાં તેનાં પોતાં મૂકવાથી તાવ હલકો પડે છે. પથારીવશ રોગીને દબાણ થાય તેવી જગ્યાએ તે ચોપડવાથી ચામડી કઠણ બનવાથી ચાઠાં પડતાં નથી.

દ્રાક્ષાસવના રૂપમાં તે સમારોગ્યતા વખતે અગ્નિદીપક ને પાચક તરીકે ઉપયોગી છે. મૂર્છા વખતે બ્રાન્ડીનાં ૩૦ થી ૬૦ ટીપાં એક અધોળ પાણીમાં પાવાથી તાત્કાલિક ચેતના આવે છે. શારીરિક શ્રમનો થાક હઠાવવા તે પીવાની ભલામણ થાય છે. તેથી થાકેલા, ચિંતાગ્રસ્ત અને દુ:ખી મનને આરામ ને ઊંઘ મળે છે. શરીર અને મનનું તાણ દૂર કરે છે. રોગમાં દારૂની જે કંઈ પુષ્ટિકારક અસર હોય છે તે સ્થાનિક ઉત્તેજના કે સામાન્ય શામક ક્રિયાને આભારી છે. ઔષધીય ઉપયોગમાં પણ આટલું ખસુસ યાદ રાખવાનું કે નાની માત્રામાં પણ દારૂનો વારંવારનો ઉપયોગ નુકશાનકારક હોવા સાથે તેની ટેવ પડી જવાની સંભાવના રહે છે. અને એ જ સૌથી ભયંકર વાત છે.

"દારૂના વ્યસનની ચાડી ખાનારાં બે લક્ષણો છે. એક તો મોઢાની વિશિષ્ટ દુર્ગંધ અને બીજું, નાકનું રતુમડું ટેરવું. દારૂની (તેમજ લસણ ખાધાની) દુર્ગંધ ટાળવા માટે ભાવમિશ્રે 'નાગરમોથ, કાળા વાળા, કઠ, જીરૂ, ધાણા અને એલચીનું મુખવાસ ચાવતાં ચાવતાં સભામાં વાતચીત કરવાનું લખ્યું છે."

પશ્ચિમી વૈદકમાં પણ ઔષધ તરીકે દારૂનો વપરાશ નહિવત્ છે. હચિન્સન તંદુરસ્તીમાં વાઇન્સનો વપરાશ આ પ્રમાણે લખે છે: 'આરોગ્યદાતા તરીકે વાઇન્સના વપરાશનો પક્ષ કરવો શંકાસ્પદ છે. બીજા પક્ષે તેનો મિત (બેઠાડુ માટે અરધી અને પુષ્કળ શ્રમ કરનારને એક બાટલી કુદરતી વાઈન અને તે પણ ખાતી વખતેનો) ઉપભોગ આરોગ્યને નુકસાનકારક હોવાની થોડી સાબિતી છે.'

ભાવમિશ્ર પણ આવું લખે છે 'જે માણસ પ્રસન્નતાથી વિધિપૂર્વક તથા પોતાની શક્તિ અનુસાર માત્રા પ્રમાણે નિયમિત સમયે મદ્ય પીએ અને હિતકારી અન્ન જમે તેને તે અમૃત જેવું થાય છે.'

દારૂ બરબાદીના પંથે લઇ જનારો હોવાનું જાણવા છતાં માનવી તેની લતે કેમ ચડે છે એ પ્રશ્ન છે. દારૂના વ્યસનને પાપની ધાર્મિક દૃષ્ટિએ જોવા કરતાં એને રોગ તરીકે ઓળખવાનું છે. આ રોગ લાગુ પડવાનાં માનસિક, વૈદકીય, આર્થિક ને સામાજિક, અનેક કારણો છે.

રોગનો સામનો બે રીતે થાય છે: અટકાવીને અને મટાડીને. દારૂની લત તરફ લઈ જનારાં માનસિક કારણો શોધ્યા વિના ઉપર દર્શાવેલી બે રીતોમાંથી એકેમાં ફતેહ મળતી નથી. મોટા ભાગે આ કારણો દૂર થતાં વ્યસન છૂટે છે. અંગત મૂંઝવણોને લીધે માનવી દારૂ તરફ વળે છે, પણ વખત વીતતાં દારૂનું પ્રમાણ નવા પ્રશ્નો ઊભા કરે છે. વધારે પ્રમાણમાં તે પીવાતાં, પીવાથી ઊભાં થએલાં દુ:ખો નિવારવા વ્યસની તે વધુ ને વધુ પીધે રાખે છે.

વ્યસન રોગને મટાડી શકાતો નથી પણ વ્યસનીને દૃઢ મનનો બનાવી તદ્દન નિર્વ્યસની તો બનાવી શકાય છે. પણ નિર્વ્યસનીપણું સંપૂર્ણ હોય તો જ વ્યાજબી છે, નહિ તો નકામું છે. પંદર વીસ વર્ષના નિર્વ્યસનીપણાના અંતે ધંધા કે સંસારના કોક વિગ્રહ કે ઘર્ષણ અને દોસ્તના આગ્રહના કારણે ઘૂંટડાભર દારૂ પીવામાં આવે તો તે નીચલા ઢાળની દોટની જેમ પાછો ગળે પડે છે.

નીરા

તાડ ખજૂરી ને નાળિયેરીનો નીરા નામે ઓળખાતો તાજો રસ પણ દેશના કેટલાક ભાગમાં લોકપ્રિય પીણું છે. આ વૃક્ષોને છેદીને સૂર્ય ઊગતાં પહેલાં એકઠો કરેલો રસ શેરડી જેવો મીઠો હોય છે. વળી તેમાં આથો આવ્યો ન હોવાથી તે કેફી નથી બનતો. સૂર્યકિરણોની અસર નીચે એમાં આથો આવવાથી તે તાડી નામનો કેફી પદાર્થ બને છે.


નીરામાં શેરડીના રસ કરતાં પણ વધારે આહારમૂલ્યો હોઇ એનું પોષણમૂલ્ય છે. ઇક્ષુરસ કરતાં નીરામાં ચરબી ને ખનિજદ્રવ્યો ઉપરાંત કૅલ્શ્યમ, ફૉસ્ફરસ અને લોહ વધારાનાં છે શ્રી કે. એમ. નાડકર્ણી જુદીજુદી જાતના નીરાના ગુણ આ પ્રમાણે વર્ણવે છે:

નાળિયેરીનો નીરો: સગર્ભાવસ્થામાં અઠવાડિયામાં બે ત્રણ વાર પીવાથી બાળકનો વર્ણ ઊજળો કે ગૌર બને છે. ખજૂરીનો તાજો નીરો ઠંડુ પીણું છે, તો તાડનો તાજો નીરો મૂત્રલ, ઠંડો, ઉત્તેજક અને સોજા ઉતારનાર છે. ઘણા દિવસ સુધી તે નિયમિતપણે સવારના લેવાથી રેચક પણ છે. સોજાવાળી સ્થિતિ, જલોદર, હોજરીનો સોજો અને હેડકીમાં તે ફાયદાકારક છે.

(હવે પછી મરી-મશાલા)

કૌશલ (જાદુ) કળા-૪ · અક્ષયપાત્ર

જાદુના ખેલ ચાલે છે. વાતો કરતાં જાદુગર ટેબલ પરથી એક પાત્ર ઉપાડે છે (આકૃતિ ૧) ને અંદર નજર કરે છે. એમાં કંઈ ભર્યું લાગે છે



એટલે પાત્ર ખાલી કરવા જાદુગર એને ઊંધું વાળે છે. અંદરથી થોડું પાણી બહાર ઢળી પડે છે. વાસણ ખાલી કરી જાદુગર એને ટેબલ પર મૂકી દે છે. વચ્ચે કંઈ ઓચિંતુ જ યાદ આવી ગયું હોય એમ એ કંઈ જુદી વાતે ચડી જાય છે. થોડી વારે એ ફરી પેલું પાત્ર ઉપાડે છે ને ખાલી કરવા એને ઊંધું વાળે છે. (પહેલાં એને ખાલી કર્યું હતું એ જાણે કે એ ભૂલી ગયો છે.) પ્રેક્ષકોના આશ્ચર્ય સાથે એમાંથી પાછું થોડું પાણી બહાર નીકળે છે અને વાસણ ખાલી થઇ જાય છે. જાદુગરને વળી કંઈ યાદ આવે છે ને એ વાતે ચડે છે. થોડી વારે વળી પેલું પાત્ર ઉપાડે છે. અંદર જુએ છે તો જાણે એ પાછું ભરાઇ ગયું લાગે છે. જાણે એ પાત્ર અને જાદુગર વચ્ચે ચડસાચડસી ચાલી. એ પાત્ર ઊંધું વાળે છે ને વળી પાણી નીકળે છે—જાણે અક્ષયપાત્ર. આ એક આડખેલ જેવો ખેલ છે પણ એથી જાદુગરનું મહત્ત્વ પ્રેક્ષકોના મન પર દૃઢ થતું જાય છે અને એમને રમૂજ પણ પડે છે. હસવામાં રોકાએલા પ્રેક્ષકોના બેધ્યાનનો લાભ લઈ જાદુગર પોતાની બીજી અગત્યની ચાલાકી પતાવી લે છે.

રહસ્ય: મૂળ તો સીધું સાદું લાગતું આ પાત્ર ખાસ બનાવટ વાળું છે. આકૃતિ બીજીમાં બતાવ્યા પ્રમાણે એ પાત્રમાં એક નળાકાર જડી દીધેલો છે. તળિયાથી એ સહેજ અદ્ધર છે. પાત્રની ગરદન પાસે એક કાણું છે એના પર અંગૂઠો દાબીને જાદુગર પાત્રને ઊંધું વાળે છે. ત્યારે નળાકાળમાં ભરાએલું પાણી બહાર પડે છે. પાત્રને પાછું મૂકતાં પેલું છિદ્ર ખુલ્લું થઇ એમાંથી હવા અંદર પ્રવેશે છે ને એના દબાણથી



અગાઉથી જ પાત્રમાં ભરી રાખેલું પાણી પેલા નળાકારમાં દાખલ થઈ અમુક ઊંચાઈ સુધી એ નળાકાર ભરાઈ જાય છે, કાણાં પર આંગળી રાખી પાત્રને ઊંધું વાળતાં આ નળાકારમાંનું જ પાણી બહાર આવે છે અને બીજું વધારાનું પાણી નળાકારની આસપાસ ભરાઇ રહે છે. પાત્ર સીધું મુકાતાં ફરી પેલું પાણી તળિયેથી નળાકારની અંદર પ્રવેશે છે.

નિરંજન ઠક્કર

આચાર્ય ચરકે હરડેને પથ્યપદાર્થોમાં સૌથી ઉત્તમ કહી છે. હરડેમાં વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષોનું શમન કરવાની શક્તિ છે. એમાં ખારા સિવાયના પાંચે રસ ઓછાવધતા પ્રમાણમાં રહેલા છે.

હરડે ગળ્યા ખાટા ને તીખા રસથી વાયુનું શમન કરે છે, ગળ્યા કડવા ને તૂરા રસથી પિત્તનું, તથા તીખા, કડવા ને તૂરા રસથી કફનું શમન કરે છે. હરડેમાં જઠરાગ્નિનું બળ વધારવાનો, પાચનનો અને વાયુનું અનુલોમન કરવાનો ગુણ છે. વૈદ્યો અનેક રોગોમાં હરડેનો યુક્તિપૂર્વકનો ઉપયોગ કરી સિદ્ધિ મેળવે છે.

અજીર્ણ

સવારે અજીર્ણ જેવું લાગે તો હરડે, ગોળ અને સૂંઠ એ ત્રણેનું સમભાગે ચૂર્ણ સવાર-સાંજ એકએક તોલો નવશેકા પાણી સાથે લેવું. એક ટંકનો ખોરાક છોડી દેવો અને બીજા ટંકે હલકો ખોરાક લેવો. આ ચૂર્ણમાંની ત્રણે ચીજો પાચનશક્તિને વધારનારી છે. વળી હરડે કાચા મળનો નિકાલ કરી એની વિકૃતિને અટકાવે છે તથા કાચા આહારરસને પચાવી શરીર માટે ઉપયોગી બનાવે છે. અજીર્ણની ઉપેક્ષા કરવાથી અનેક રોગો થવાનો સંભવ છે. આ સાદો ને નિર્દોષ પ્રયોગ અજીર્ણનો અનુભવસિદ્ધ પ્રયોગ છે.

શ્વેતપ્રદર સળેખમ ખાંસી

હરડેમાં વાયુ અને કફનો નાશ કરવાની ઉત્તમ શક્તિ છે. એથી એ વાયુ ને કફથી થનારા ઘણા રોગોમાંલાભકારક છે. શ્વેતપ્રદરના નામથી જાણીતા સ્ત્રીઓના રોગમાં હરડેનો ઉપયોગ ઘણો જ લાભકારક છે. શ્વેતપ્રદરમાં કફની વૃદ્ધિ અને વાયુની વિલોમ ગતિ હોય છે. સળેખમમાં અને શ્વેતપ્રદરમાં એથી ઘણું જ સામ્ય છે. એથી તો આચાર્ય ચરકે એ બંને રોગોમાં 'મૃદુ સંશોધન' સૂચવ્યું છે. હરડેના રેચ દ્વારા ધીમેધીમે ઉત્તમ શુદ્ધિ થાય છે અને કફ જેમાંથી ઉત્પન્ન થાય છે એવી રસધાતુનું બરાબર પાચન થવા માંડે છે. પરિણામે કફની વધુપડતી ઉત્પત્તિ અટકે છે; મળની શુદ્ધિ થવાથી વાયુની ગતિ સવળી બને છે; અને વાયુને ઉત્પન્ન કરનાર આહારના મલનું વિરેચન થતું હોવાથી વાયુની વધુપડતી ઉત્પત્તિ પણ અટકે છે. આ રીતે સળેખમ ને શ્વેતપ્રદર માટે હરડે સાચી દવા છે. ખાંસીમાં પણ અપાનવાયુની વિકૃત ગતિ અને કફનો ભરાવો થતો હોઈ હરડેનું સેવન લાભકારક છે.

મૂત્રના ખુલાસા માટે

મૂત્રવિસર્જનનું કામ અપાનવાયુનું છે. કબજિયાતને કારણે અપાનની વિકૃત ગતિ થવાથી ઘણીવાર મૂત્રપ્રવૃત્તિ બીલકુલ બંધ થઈ જાય છે અથવા ઓછા પ્રમાણમાં થાય છે. વળી મળસંચયને કારણે પણ બસ્તિ પર દબાણ થવાથી મૂત્ર ખુલાસાથી આવી શકતું નથી. હરડે લેવાથી મળશુદ્ધિ થાય છે, અને વાયુની ગતિ સ્વાભાવિક બને છે. પરિણામે મૂત્રપ્રવૃતિ બરાબર થવા માંડે છે.

માથાનો દુખાવો

શાર્ઙ્ગધરેએક 'પથ્યાદિક્વાથ' આપ્યો છે. વૈદ્યોમાં તે ઘણો પ્રિય છે. હરડે, બહેડાં, આમળાં, કરિયાતું, હળદર, લીમડાની અંતરછાલ અને ગળો. બધું અધકચરું ખાંડી ૧૬ તોલા પાણીમાં ૧ તોલો નાખી ઉકાળવું. ચોથા ભાગનું પાણી રહે એટલે નવશેકું ગાળી એમાં અરધો તોલોગોળનું ચૂર્ણ મેળવી પીજવું. આ ક્વાથ માથાનો દુખાવો, લમણાનો દુખાવો, આધાશીશી, કાનનો દુખાવો વગેરેમાં લાભકારી છે. સ્ત્રીઓને માસિક વખતે ઘણીવાર ખુલાસાથી માસિક આવતું નથી અને માથામાં ભયંકર દુખાવો ઉપડે છે એમાં પણ આ ક્વાથનું સેવન ફાયદાકારક છે.

હરડે લેવાની રીત

લાંબા વખત સુધી હરડે લેવી હોય તો એને માટે ઉત્તમ રીત છે ચૂસવાની. હરડેના નાના નાના ટુકડા કરી મોંમાં રાખી ચૂસ્યા કરવી. આથી હરડેની અસર મોં, કંઠ અને અન્નનળી પર પણ થશે. ત્યાં રહેલા કફના અપક્વ કણોને તે પચાવતી જશે. આ રીતે લેવાથી હરડેની બહુ વિરેચક અસર પણ થતી નથી. પાચનશક્તિ વધારવાની ઈચ્છા હોય એમણે હરડેનો ચૂસીને ઉપયોગ કરવો. મળશુદ્ધિની તાત્કાલિકજરૂરતહોય ત્યારે હરડેનું ચૂર્ણ ફાકવું. પ્રમાણ પોતાના કોઠા અનુસાર ઓછુંવધતું રાખવું. સાથે જરૂર જણાય તો સૂંઠનું ચૂર્ણ પણ મેળવી શકાય. બાળકોને હરડેનો ઘસારો પાવો.

હરડેનું એક નામ અભયા છે, એટલે સાધારણરીતે બીક વગર એનું સેવન કરી શકાય છે. છતાં ભાવમિશ્રે સ્પષ્ટ લખ્યું છે કે: મુસાફરી કરવાથી બહુ શ્રમિત થએલા, બળરહિત, જેમનું શરીર લૂખું પડી ગયું હોય, કે પાતળું હોય, ઉપવાસથી જેમનું શોષણ થયું હોય, જેમનામાં પિત્તની અધિકતા હોય, જે સ્ત્રી ગર્ભવતી હોય અને જેમણે લોહી કઢાવ્યું હોય તેવાંએ હરડે લેવી નહિ.'

ક્ષયમાં પણ આચાર્ય ચરકે મળને રોગીનો 'આધાર' કહી મળનું રક્ષણ કરવાનું સ્પષ્ટ લખ્યું છે. એમાં પણ હરડેનું સેવન નુકસાનકારક છે. **લાભશંકર ઠાકર**



નાનીબેન ગજ્જર

'...જનતાની ઉન્નતિ માટે, અને ખાસ કરીને વિધવાઓની દુ:ખદ પરિસ્થિતિની સુધારણા અર્થે તથા તેમને સ્વાશ્રયી બનાવવા માટે વનિતા વિશ્રામ જેવી સંસ્થાઓ બૃહદ્ ગુજરાતમાં ઠેરઠેર ઊભી કરી તેનું સુરૂપ સંચાલન વર્ષો સુધી પોતાનાં સહકાર્યકર બેન બાજીગૌરી સાથે રહી કર્યું અને તે સંસ્થાઓને પગભર કરી; તથા કન્યા-કેળવણીના વિકાસને માટે મુંબાઇમાં ટ્રેઇનિંગ કૉલેજ કાઢી તથા અન્ય જગ્યાઓએ સંસ્થાઓ સ્થાપી જે અનન્ય સેવા બજાવી છે તેને માટે બૃહદ્ ગુજરાતની તમામ જનતા સદાને માટે ઋણી રહેશે.'

સૂરતનાં એક સ્ત્રીકાર્યકરના અવસાનનિમિત્તે મળેલી શોકસભામાં દી. બ. કૃષ્ણલાલ મોહનલાલઝવેરીએ વાંચેલા ઠરાવના આ શબ્દો છે.

એ કાર્યકર તે નાનીબેન ગજ્જર. ખરું નામ



શિવગૌરી સૂરતના જાણીતા નાગરિક કલ્યાણદાસ ગજ્જરનાં એ પુત્રી, અને પ્રસિદ્ધ વિજ્ઞાની પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરનાં બહેન. સત્તર વર્ષની વયે વિધવા થયાં. તત્કાલીન સમાજમાં સ્ત્રીઓ–ખાસ કરી વિધવા સ્ત્રીઓની પરાધીન દશાથી અનુકંપિત થઈ એમણે પોતાના પલ્લાની ને પિતાની સહ યની રકમ ને ટેકે પોત ના જ ઘરમાં 'વનિતા-વિશ્રામ'-ની સ્થાપના કરી. સ્ત્રીઉન્નતિના કાર્યને પચાવવાને અસમર્થ ત્યારના સમાજે એમના કાર્યમાં જે જે આડખીલીઓ, ટીકાઓ કે હાંસી કરી એ બધાંની સામે શાંત પણ મક્કમપણે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી એમણે જે નૈતિક હિંમત દાખવી એના ફળરૂપે ગુજરાતમાં આજે ઠેરઠેર વનિતા-વિશ્રામો જોવા મળે છે. આજથી છ દાયકા પહેલાં એ કાર્ય કેટલું કપરું હતું અને તેની પાછળ કેટલી ધીરજ, પરિશ્રમ, ખંત અને સહિષ્ણુતા રેડવાં પડ્યાં હશે તેનું મૂલ્ય આ યુગને કદાચ ન સમજાય. પણ અસહાય સ્ત્રીઓને આશીર્વાદરૂપ આ સંસ્થાઓ પાછળની એમની કાર્યશક્તિ, દક્ષતા ને સિદ્ધિઓની કદર રૂપે એ જમાનામાં બ્રિટિશ સરકારે એમને 'જે. પી.' અને 'કૈસરે હિન્દ'ના ખિતાબોથી નવાજેલાં. તા. ૨૯મી માર્ચ ૧૯૪૫ને દિવસે સૂરતમાં એમનું અવસાન થયું.

ચાર જ લીટીમાં, વિશદ અને પ્રાસાદિકરીતે, ગૃહજીવનની આર્યભાવનાનું સચોટ અને રસમધુર નિરૂપણ કરતો આ શ્લોક ગુજરાતના એક વખતના અગ્રણી સ્ત્રીમાસિક 'સુંદરી સુબોધ'ના તંત્રી સ્વ. રામમોહનરાય જસવંતરાય દેસાઈના એક લાંબા કાવ્યમાંથી ઉતાર્યો છે. તેઓ 'સુમન્ત'ની સહીથી કાવ્યો લખતા.

સંસાર-ઉપવનમાં ગૃહકુંજ શોભે,
કર્તવ્યધેનુ પય અમૃત શું મધુ દે;
પ્રીતિપનોતું શુભ સ્નેહી કુટુંબ રાજે,
ને ત્યાં સદા સતીહૃદે પતિવેણુ ગાજે.


'સુમન્ત'

મરચાં અને શીંગદાણાનું શાક (કરકસરની વાનગી)

અરધો શેર લીલાં મરચાં, પાશેર શીંગદાણા, પાશેર ગોળ, નવટાંક તલ, ખપ જેટલું મીઠું, બે ચમચી તેલ, રાઈ, હીંગ વગેરે.

રીત: લીલાં મરચાંને લગભગ એક આંગળ જેટલાં લાંબા રાખીને બાફી નાખવાં. કડાઈમાં તેલ મૂકી, રાઈ-હીંગનો વઘાર કરી વઘારવાં. પછી ગોળ, શીંગદાણા તથા તલ નાખી મીઠું-મસાલો નાખી ગોળની ચાસણી જેવું થાય ત્યાં સુધી થવા દેવું. આ શાક સ્વાદિષ્ટ લાગે છે.

(ગુ. સ.) —શોભનાબેન પરીખ



પડદા

માત્ર શ્રીમંતોથી જ એ વપરાય એવું કાંઈ નથી. સૌના ગૃહજીવનમાં એ ઉપયોગી સાધન છે. સુશોભન ઉપરાંત એ ઘરની હૂંફ અને મલાજો જાળવે છે. ઉનાળામાં મચ્છરદાનીના કાપડના પડદા જરૂરી હવા અને પ્રકાશ બંનેને ચાળીને ઘરમાં લાવે છે. નીચલી કોરે પિત્તળની ઝીણી-ઝીણી ઘૂઘરીઓ ટાંગી હોય તો એનો મધુર રણકો ગૃહજીવનમાં પણ મધુરતા આણે છે. કાચની બારીથી પડદાને ચારેક આંગળ અંદરથકા ટાંગવા; ધૂળ અને ભેજ જમા થવામાંથી બચીને બટાઈ જતા અટકશે. પડદા માટે કરચલી ન પડે, ચડી ન જાય કે રંગ ઊપટી ન જાય એવું ખાસ કાપડ જ આવે છે. જેમનું ગજું એ વસાવવાનું ન હોય તે જૂની સાડીઓ વગેરેની, રંગ, ભાત, છાપ, ઍપ્લિક વગેરે હાથકલાના સ્પર્શથી કાયાપલટ કરી શકે. ઘરની ભોંય ઘેરા રંગના ગાલીચા, બિછાત કે ટાઈલ્સ (ગરીબ ઘરમાં લીંપણ કે પેટન્ટ સ્ટોન)ની હોય તો સાથે પડદાનો રંગ ઘેરો રાખવાની ભૂલ રખે કરતાં; એથી તો ઓરડો નાનો લાગશે. ખુલતા રંગથી મોકળાશ અને પ્રકાશ અનુભવશો. સૌને ઘરઆંગણામાં બગીચાનો લાભ નથી હોતો. ફૂલના ઘેરા રંગના બુટ્ટાવાળું કાપડ એની રંગત આણશે. હા,–ઘેરા રંગથી અકળાશો નહિ; બારી આડે પડદો આવશે ત્યારે પ્રકાશથી એ ઘેરા રંગ ગળાઈને માફકસરના મુલાયમ બની રહેશે. અને બહાર શેરીમાંથી કે રસ્તા પરથી જોતાં પણ તમારું ઘર સોહી ઊઠશે.

—'કૅરવાન'માં કમળાબેન પટેલ



ભારતના રાષ્ટ્રીય પક્ષી તરીકે મોરને સત્તાવાર રીતે તો હજી આ મહિને જાહેર કરવામાં આવ્યો; પણ ભારતની જનતાના હૃદયરસમાં એનું સ્થાન યુગજૂનું છે અને ધાતુપાત્રો, કાષ્ઠકોતરણી, કાપડછાપ કે ભરતગૂંથણ એમ અનેક સ્થળે એનાં વિવિધ શોભનરૂપ આપણા જીવનમાં સર્વવ્યાપી બની ગયાં છે. એની આ લોકપ્રિયતાનું કારણ એની રંગસમૃદ્ધિ અને દેહનો લલિત ઘાટ છે. ઉપર આપેલું એનું એવું એક પરંપરાગત રૂપ તમારી ચોળીમાં પીઠ પર, બાંય પર, રૂમાલને ખૂણે, બાળકના ફ્રૉકની છાતી પર, હૅન્ડબૅગ પર, ચાહો ત્યાં નાનામોટા રૂપે ભરત, ઍપ્લિક કે આલેખનમાં ઉતારી શકો. (સ. સ્ટા.)

શતરંજ

લેખક · સુરેશ મોદી

ઊંટ અને પ્યાદાં વિરુદ્ધ ઊંટ

(Same Colour–એક સરખા રંગના)

ઘોડાવાળી પરિસ્થિતિની પેઠે આ પરિસ્થિતિમાં પણ જીત કયારેક જ મળે છે. આમાં પ્યાદાંને રોકવામાં રાજા ઘણો કિંમતી ભાગ ભજવે છે! અને તેથી તે પ્યાદાંના રસ્તામાંનો ઊંટ જેવા ખાનાંમાં ફરતો હોય તેથી વિરુદ્ધ રંગનાં ખાનાં ઉપર આવી શકે તેમ હોય તો રમત ડ્રોમાં જ જાય, કારણ કે તેને ત્યાંથી કોઈ ખસેડી શકે નહિ. તેની ચાલ હોય તો ત્યારે તે ઊંટ ચાલી શકે.

અહીં પણ જ્યાં પ્યાદાં વધુ હોય અને બંને તરફ વહેંચાયેલાં હોય ત્યાં જીત સહેલી બને છે. આમાં અપવાદ એ કે જો બન્ને પક્ષના ઊંટ જુદાજુદા રંગનાં ખાનાં ઉપર ફરતા હોય (આવા ઊંટને વિરુદ્ધ રંગના ઊંટ–Bishops of opposite colours કહે છે) તો, એક કે કયારેક બે પ્યાદાં વધુ હોય તો યે રમત લગભગ ડ્રોમાં જ જાય છે. જે પક્ષનાં પ્યાદાં ઓછાં હોય તે પોતાના ઊંટના રંગવાળાં ખાનાં ઉપર બધાં પ્યાદાં અને રાજાને એવી રીતે ગોઠવી દે કે તેને સામો ઊંટ કાંઈ કરી શકે નહિ.

ઊંટ વિરુદ્ધ ઘોડો


ઊંટ અને ઘોડામાં કોણ વધુ શક્તિશાળી એ વિષે હમેશા વાદવિવાદ થતો રહ્યો છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઘણાખરા ઉસ્તાદો ઘોડાને વધુ શક્તિશાળી માનતા હતા. આનાં બે કારણો હતાં. એક તો ઘોડાની અટપટી ચાલ ઘણો ભાગ ભજવી શકે અને બીજું એ કે ઘોડો બધાં જ ખાનાં ઉપર જઈ શકે જ્યારે ઊંટ ફક્ત ૩૨ ખાનાં ઉપર જઈ શકે છે.

પણ પહેલા વિશ્વવિજેતા સ્ટેઇનિટ્ઝે આ મતને ફેરવી દીધો. તેણે તો ત્યાં સુધી કહ્યું કે જેમ હાથી અને ઊંટમાં ફેર છે તેમ ભલે થોડો છતાં, ઊંટ ને ઘોડાની કિંમતમાં યે ફેર છે. પહેલા વિશ્વયુદ્ધ પછી ફરી પાછો ઘોડો વધુ શક્તિશાળી ગણાયો. ૧૯૩૦ પછી ઊંટ થોડો વધુ શક્તિશાળી ગણાય છે. હવે આ મત ફરે તેવી શકયતા જણાતી નથી, કારણ કે આજના ઉસ્તાદો બન્નેને તેના ગુણદોષસહિત પૂરેપૂરા ઓળખે છે ને કયારે કયું મહોરું વધુ ઉપયોગી છે તેના વિષે નીચેનો મત ધરાવે છે—

જ્યાં બન્ને પક્ષે બાકી બધાં મહોરાં સરખાં હોય ત્યાં રમત લગભગ ડ્રોમાં જ જાય છે, પણ જો પ્યાદાંની પરિસ્થિતિમાં એક પક્ષે નબળાઈ હોય તો તેનો લાભ ઘોડા કરતાં ઊંટ વધુ અસરકારક રીતે ઉઠાવી શકે છે. જો એક પક્ષ પાસે એકાદ પ્યાદું વધુ હોય તો તેનો લાભ પણ ઘોડા કરતાં ઊંટ વધુ સહેલાઇથી લઇ શકે છે.

આ રીતે જોતાં ઊંટ ઘણીખરી પરિસ્થિતિઓમાં ઘોડા કરતાં થોડો વધુ શક્તિશાળી ગણાય, પણ જો પ્યાદાંઓ એકબીજાને અટકાવતાં હોય, એટલે કે પરિસ્થિતિ 'Block' થઈ ગઈ હોય તો એ વખતે ઘોડો વધુ અસરકારક બને છે; કારણ કે તે મહોરાંઓને કૂદીને પણ ચાલી શકે છે.

આપણે અહીં બે સ્થિતિઓ જોઇશું. એક ઊંટને અને બીજી ઘોડાને અનુકૂળ હોય તેવી.




આમાં બન્ને પક્ષે ચાર પ્યાદાં છે. સફેદ પાસે કાળા ઘોડાના બદલામાં ઊંટ છે. આ સ્થિતિમાં પ્યાદાં છૂટાં હોવાથી ઊંટ વધુ શક્તિશાળી છે અને તેથી સફેદ લાંબે ગાળે કેવી રીતે જીતે છે તે જોઇએ—

1 K–B2, K–K3; 2 K–K3, N–B1; 3 B–N4, N–Q2; 4 K–Q4, N–N3; 5 P–N4, (અહીં 5 K–B5થી પ્યાદું જીતાતું નથી કારણ કે 5..., N–R5ch; 6 K×P, N×P; હવે પ્યાદાં એક જ તરફ રહ્યાં અને સફેદને જીતવાની શકયતા ઓછી થઇ ગઇ.) 5..., P×P; 6 P×P, P–B4; 7 P–N5, N–Q4; 8 B–Q2, K–Q3; 9 P–N3, P–N5; (અત્યારે કાળો રાજા ન ચાલે. કારણ કે તેમ કરવાથી સફેદ રાજાને આગળ વધવાની જગ્યા થાય. જો ઘોડો ચાલે તો 10 B–N4ch અને રાજાને ચાલવું પડે અને સફેદ રાજા આગળ વધી શકે, માટે તેને પ્યાદું ચાલવું પડયું પણ આમ છતાં તે એક પ્યાદું ગુમાવે જ છે. આવી પરિસ્થિતિ જેમાં ગમે તે ચાલે તો યે ગેરલાભ જ થાય તેમ હોય તેને Zugzwang કહે છે.) 10 K–B4, K–B3; 11 B–B1, કાળો ફરી Zugzwangમાં સપડાયો. 11..., N–B6; 12 B–N2, (12 K×P?, N–R7+થી કાળો ઊંટ જીતી શકે છે.) N–K7; 13 B–K5, N–B8! 14 B–N8! N–R7; 15 B–R7, N–B6; 16 B–K3, N–K5; 17 B–Q4, N–N6; 18 B–K3, N–K5; 19 K×P, K–Q4; 20 K–R5, K–B3; 21 K–R6, N–B6; 22 B–Q2, N–N4.

હવે એમ લાગે છે કે જાણે સફેદનું QNP આગળ વધી નહીં શકે અને રમત ડ્રૉમાં જશે. અહીં કાળાનાં બધા જ મહોરાં સફેદ ખાનાં પર છે એટલે થોડાવખત પૂરતો તો ઊંટ નકામો થઈ ગયો. પણ છતાં સફેદ જીતે છે. જુઓ: 23 P–N4, N–Q3; 24 B–B1, N–N4; 25 B–N2, N–B2ch; 26 K–R5, N–N4; 27 B–B6, N–B2; 28 B–K5, N–Q4; 29 P–N5ch, K–N2; 30 B–Q6, K–R2; 31 P–N6ch, K–N2; 32 K–N5, N×NP.

હવે સફેદ તેના Passed QNPનો ભોગ દઇને રાજા તરફનાં પ્યાદાં ખાવા જાય છે. 33 K–B5, N–R5ch; 34 K–Q5, N–B6ch; 35 K–K6, K–B3; 36 B–K5, N–K5; 37 K–B7, K–Q4; 38 K×P, K–K3; 39 K–R7! N×Pch; 40 P×N, Resigns. કારણ કે હવે 40..., K×B પછી સફેદનું પ્યાદું વહેલું વજીર થઇને કાળા પ્યાદાને મારી શકશે.



અહીં સફેદનાં ઘણાંખરાં પ્યાદાં કાળાં ખાનાં ઉપર છે અને તેનો ઊંટ પણ કાળા ખાના પર છે તેમ તેનાં પ્યાદાં તેને ચાલવામાં અડચણરૂપ છે. આવી સ્થિતિમાં ઘોડો વધુ અસરકારક છે. તે કેવી રીતે જીતે છે તે જોઈએ.

1..., N–K5; 2 K–K2, K–Q4; 3 K–K3, K–Q3! 4 K–K2, K–B3; 5 K–K3, K–Q4; (આ Triangulationનો દાખલો છે) 6 K–K2, N–Q3; 7 K–K3; N–N4; 8 B–Q2, N–R6; 9 B–B1, N–N8; 10 B–N2 (10 B–Q2, N×B; 11 K×B, K–K5! 12 K–K2, P–R6 અને હવે કાળા રાજાને અંદર આવવા માટે

સફેદ રાજાએ જગ્યા કરી આપવી પડશે). 10..., P–R6; 11 B–R1, K–Q3; 12 K–K2, K–B3; 13 K–Q1, K–Q4; 14 K–B2, K–K5; 15 K×N, K–B6; 16 B–N2! આ ઊંટ અત્યારે પ્યાદા કરતાં પણ ઓછા કામ લાગે તેમ હતો તેથી તેનો ભોગ આપીને QRPને Passed Pawn બનાવ્યું. 16..., P×B!! 17 P–R4, K×P; 18 P–R5, K–R7; 19 P–R6, P–N6; 20 P–R7, P–N7; 21 P–R8 (=Q), P–N8 (=Q)ch; 22 K×P, Q–N7ch; 23 Q×Qch, K×Q; 24 K–R3, K–N6; 25 K–N4, K×P; 26 K×P, K–K6; 27 P–Q5, P×Pch; 28 K×P, P–B5; 29 Resigns. કારણ કે હવે કાળાનું પ્યાદું વજીર બની સફેદ પ્યાદું મારીને એ જીતી જશે. (ચાલુ)

ટિકિટ સંગ્રહ



કેટલીક નવી મૂલ્યવાન ટિકિટો


અકસ્માત કે સરતચૂકથી રહી ગએલી ભૂલોવાળી ટપાલટિકિટો સંગ્રાહકો માટે મૂલ્યવાન બની રહે છે એ સૌ જાણે છે. 'કુમાર'ના એક વાચક ભાઈ રૂસી એ. નોગામાને ટ્રાન્સવાલમાં બાસુટોલૅન્ડની આવી ભૂલવાળી ચાર ટિકિટ હાથ ચડી ગઈ હતી. મૂળ ૩ પેન્સની એ ટિકિટ પર ૨½ સેન્ટની છાપ મારવાની (ઑવરપ્રિન્ટ કરવાની) હતી. તે છાપતી વેળા, ૬૦ ટિકિટનો એક તાવ (શીટ) સરતચૂકથી મશીનમાં ઊંધો મુકાઈ ગયો અને ૨½ સેન્ટનો આંકડો ટિકિટની જમણી બાજુ ઊંધો છપાઈ ગયો. આ ટિકિટો બાસુટોલૅન્ડમાં અતિદૂરની એક ટપાલઑફિસ મૉખૉટલૉંગમાં વેચાઈ ગઈ. મળી આવેલી એ ભૂલવાળી ટિકિટ પર ૧૯૬૨ના જુલાઇની બીજી તારીખની રદ્દીકરણની છાપ છે. ભાઈ નોગામાએ એવી ત્રણ તો ત્યાંના એક યુરોપીઅનને વેચી નાખી. ચોથી ટિકિટ માટે લંડનના એક સંગ્રાહકે ૨૦૦ પૌંડની ઑફર કરી છે.

આવી જ એક બીજી ટિકિટ પણ હમણાં જાણમાં આવી છે. 'માલ્ટા પોસ્ટલ સેન્ટીનરી' (ટપાલશતાબ્દી)ની ૩ પેન્સની એ ટિકિટ પર માલ્ટાની પ્રથમ ટપાલટિકિટનું આલેખન છે. ભૂલવાળી ટિકિટોમાં એવું જણાયું છે કે એમાં જમણી તરફના નીચલા ખૂણામાં અમુક વિગતો છપાઈ જ નથી. બન્યું એવું હતું કે ચલણ માટેની ખરી ટિકિટો છાપતાં પહેલાં એની અજમાયશ ખાતર કેટલીક છાપ લેવામાં આવેલી, જેમાં ઉપર્યુક્ત ભાગ કોરો જ હતો. પાછળથી અસલ ટિકિટો એકઠી કરતી વેળા પેલી અજમાયશી છાપ પણ અંદર ભૂલમાં મુકાઈ ગઈ એટલું જ નહિ, પોસ્ટ ઑફિસ દ્વારા એ વેચાઇને ચલણમાં પણ ચાલી ગઈ. અને રદ્દીકરણની છાપ લાગી ગયા બાદ હવે એ ભૂલવાળી ટિકિટો મૂલ્યવાન બની ગઈ.

એકવાર કેન્યા-યુગાન્ડાની ૨૦ સેન્ટની ટિકિટો સરકારી ઉપયોગમાં લેવાની હોઈ એના પર Official શબ્દ છાપવાનો હતો. અમુક ટિકિટો પર એ બે વાર છપાઇ ગયો. આ ટિકિટો પણ ચલણમાં ચાલી ગઈ ને આજે એની માત્ર ત્રણ જ નકલ હાથ ચડેલી છે જે ઘણી મૂલ્યવાન ગણાય છે.

ભારતની નવી ટિકિટો

૧૯૬૩ દરમિયાન નોંધપાત્ર બનાવોની સ્મૃતિમાં બહાર પડનારી પાંચ 'સ્મૃતિ ટિકિટો' પૈકી સ્વામી વિવેકાનંદની બહાર પડી ચૂકી; હવે ૨૧મી માર્ચે 'ભૂખમાંથી મુક્તિ'ની ઝુંબેશ વિષયક, ૮મી મેના રોજ 'રેડક્રૉસ-સ્થાપના શતાબ્દી'ની, ૧લી ઑક્ટોબરે ડૉ. એની બેસન્ટની જન્મ જયંતીની અને ૧૪મી નવેમ્બરે 'બાળદિન'ની ટિકિટો બહાર પડશે. આ તમામ ટિકિટો ૧૫ નયાપૈસાની કિમતની રહેશે. આ ઉપરાંત 'વન્ય જીવન' તથા 'સંરક્ષણ પ્રયાસો' સંબંધી ટિકિટો પણ બહાર પડનાર છે.



નેપાળની નવી ટિકિટ

ગયા માસ (જાન્યુઆરી)ની છઠ્ઠીએ નેપાળમાં 'પંચાયતી લોકશાહી' દાખલ કર્યા નિમિત્તે ત્યાં બહાર પાડેલી ટિકિટ (મોકલનાર: શ્રી કમલ દીક્ષિત, કાઠમંડુ)



આ કૈં સાચી ટિકિટો નથી, પણ અમેરિકાના વિદ્યાર્થીઓને પોતાના દેશના પ્રમુખોનું અભ્યાસાર્થે જ્ઞાન કરાવતું ટિકિટ રૂપમાં સમૂહાલેખન છે, જેમાં ચાલુ (કેનેડી) સિવાયના બધા પ્રમુખો છે.




અશ્રુકણી

સૃષ્ટિ તણે રણક્ષેત્ર લડંતાં,
જીવન રાક્ષસી યુદ્ધ કરંતાં,
ટાંર પડે નવ રક્ષક માગો,
જંગ મહીં થઈ કેસરી ગાજો.–કરીમ મહમદ

કરીમ મહમદ માસ્તર

ઈ. ૧૯૦૬માં અભ્યાસકાળ દરમિયાન રચેલી ઉપર્યુક્ત પંક્તિઓમાં રજૂ થતા આદર્શ પ્રમાણે જીવન જીવી જનાર, તેના રચયિતા કવિ કરીમ મહમદ માસ્તરનું ગયા ડિસેમ્બર



માસની ૨૧મી તારીખે ૭૮ વર્ષની વયે અમદાવાદમાં અવસાન થયું. બહુ ઓછા મુસલમાન લેખકોએ તેમના જેટલો ગુજરાતી સાહિત્યમાં ફાળો નોંધાવ્યો છે.

ગઈ સદીની આખરમાં મહમદ માસ્તરના નામથી આખા ખેડા જિલ્લામાં જાણીતા એક સુશિક્ષિત સુન્ની વહોરા ગૃહસ્થ પોતાના ભાઇચારા ને મળતાવડા સ્વભાવથી ઘણા લોકપ્રિય થએલા. ડાકોર મ્યુનિસિપાલિટીના સેક્રેટરીપદેથી નિવૃત્ત થઇ પાછળથી ત્યાંના રણછોડરાયના મંદિરના બાંધકામની દેખરેખનું કામ એ કરતા, એ પરથી હિંદુઓ સાથેના તેમના સંબંધનો ખયાલ આવશે. એમને ત્યાં ઈ. ૧૮૮૪ના જુલાઈની ૨૦મી તારીખે ઉમરેઠમાં આ તેજસ્વી પુત્રનો જન્મ થયો. ઉમરેઠ અને નડિયાદમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લઇને તેમણે કાઝી શાહબુદ્દીન સ્કૉલરશિપ મેળવી અને ૧૯૦૦માં મૅટ્રિક પાસ કરી અમદાવાદ ગુજરાત કૉલેજમાં જોડાયા, જ્યાં ઈ. ૧૯૦૪માં બી.એ. પાસ થઈ દક્ષિણા ફેલો નિમાયા. ૧૯૦૬માં સ્ટાઇપેન્ડરી સ્કૉલર તરીકે સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજમાં જોડાઈ એસ. ટી. સી. ડી. અને પછી એમ. એ. થયા.

મુંબાઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે થોડો સમય કામ કરી તે જૂનાગઢ હાઇસ્કૂલમાં હેડમાસ્તર તરીકે ગયા, ત્યાં રહીને કાયદાનો અભ્યાસ કરી એલએલ.બી. થયા, અને ત્યાંના પ્રોસીક્યૂટિંગ ઈન્સ્પેક્ટર તરીકે સાત વર્ષ સુધી કામ કર્યું. પણ એમાં અનુકૂળતા ન આવવાથી સ્વતંત્ર વકાલત શરૂ કરી. ત્યાંથી ઈ. ૧૯૨૮માં રાધનપુર રાજ્યના દીવાનના જ્યૂડીશીઅલ આસિસ્ટન્ટ તરીકે ગયા અને ત્યાંથી જૂનાગઢની સદર અદાલતના સેશન્સ જજ તરીકે નિમાયા. ઈ. ૧૯૪૮માં તેઓ નિવૃત્ત થયા ત્યારે રાધનપુરમાં હાઇકોર્ટ-જજ હતા.

૧૯૪૫માં તેમના એકના એક, વિલાયત જઈ બૅરિસ્ટર થઈ આવેલા પુત્ર ઈબ્રાહીમનું ભરયુવાવસ્થામાં અવસાન થતાં, જીવનમાં કારી ઘાનો આઘાત અનુભવ્યો. અલ્લાહની ઇચ્છા સમજી આ ઘા પણ જાણે જીરવી લીધો, અને બે પૌત્ર તથા બે પૌત્રીઓને ઉછેર્યાં. હવે તો તે બધાં સ્નાતક-અનુસ્નાતક ડિગ્રી ધરાવે છે.

જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરવા છતાં તેઓ આજીવન વિદ્યાના જ ઉપાસક હતા. જીવનનાં છેલ્લાં વર્ષોમાં આંખે જ્યારે ઝાઝું દેખાતું નહિ ત્યારે પણ એક હાથમાં એકાદ



જળગાય–ડુગૉંગ

માનવપ્રાણી પેઠે બે હાથે પોતાના બચ્ચાને છાતીએ વળગાડીને એને પયપાન કરાવવાની ડુગૉંગની આગવી ખાસિયત જોઇને જ કદાચ લોકોને 'જલપરી'ની કલ્પના સૂઝી હશે. દૂરથી એને આ રીતે ઊભેલું જોતાં ખરેખર માનવી હોવાનો ભાસ થાય.

હિંદી મહાસાગર અને ઑસ્ટ્રેલિયન સમુદ્રની છીછરી કંઠારના હૂંફાળા પાણીમાં એ જોવા મળે છે. એની ત્રણ જાત છે: હિંદી, ઑસ્ટ્રેલિયન અને લાલસમુદ્રની. મોટા પહોળા ઢીલા હોઠવાળું વિશિષ્ટ મોં, નાનકડી આંખો ને કાનને સ્થાને ઝીણાં કાણાં સાથે માછલી જેવો એનો આકાર. પૂછડી વ્હેલ માછલીની પેઠે આડી. પહોળી ને અર્ધચંદ્રાકાર. તરવામાં ને ખોરાક મોંમાં મૂકવામાં સહાયક એવા હલેસાં જેવા બે હાથ (?). ચામડી જાડી ને કરચલીવાળી. પાંચ થી સાત ફૂટની ભારે ને ઢીલી કાયા. જેવો એનો દેખાવ ઢીલોઢફ એવો જ ધીરો ને તદ્દન નિરુપદ્રવી શાંત સ્વભાવ. આત્મરક્ષણાર્થે પણ ઉશ્કેરાય નહિ. સંપૂર્ણ વનસ્પત્યાહારી. ઋજુ સ્વભાવ ને દૂધ આપી શકવા ઉપરાંત બચ્ચાં પરનો પ્રેમ પણ ગાય જેવો જ અપાર હોઈ એનું 'જળગાય' નામ સાર્થક છે.

કૉડલીવર ઑઈલ જેવું તેલ તથા એનું ચામડું મેળવવા માટે ઘણો શિકાર થતો હોઈ એની સંખ્યા એટલી ઘટી ગઈ છે કે અગાઉની પેઠે સેંકડોની સંખ્યામાં એનાં ટોળાં હવે તો ભાગ્યે જ જોવા મળે. મલાયા તરફ એને ભાલાથી વીંધીને મારે છે.

પ્રજનન વખતે માતા એક બચ્ચાને જન્મ આપે છે ને અતિશય જતનથી એને ઉછેરે છે.

આ જ કુળમાં 'મેનેટી' નામે એક બીજું પ્રાણી પણ છે. પૅસિફિકની બંને તરફની કંઠારે એ જોવા મળે છે. દેખાવે ને ખાસિયતમાં ડુગૉંગ જેવું જ પણ એનો ઉપલો હોઠ વધુ મોટો ને વચ્ચેથી ફાટેલો હોય છે. હાથના પંજામાં ત્રણ-ત્રણ નખ પણ હોય છે. કદ લગભગ દોઢું. શિકારને કારણે મેનેટી પણ હવે નામઃશેષ થતું જાય છે. એટલા સારુ પશ્ચિમના કેટલાક દેશોમાં મેનેટીના શિકાર પર પ્રતિબંધ મૂક્યો છે. ડુગૉંગ માટે આવો કોઈ પ્રબંધ થયાનું જાણમાં નથી.

પુસ્તક રાખી બીજા હાથમાં રહેલા બહુદર્શી (મૅગ્નિફાઈંગ) કાચની મદદથી તેમને વાંચતા જોવા એ એક પ્રેરક દૃશ્ય હતું. ઉમરેઠમાંનું તેમનું ઘર કોઇને લાયબ્રેરીનો જ ખયાલ આપી બેસે.

શ્રી હિંમતલાલ અંજારિયા સાથે ૧૯૦૯માં 'કવિતાપ્રવેશ'નું સંપાદન કરી ગુજરાતી કવિતાસાહિત્યનો પરિચય આપવાનું મહત્ત્વનું કાર્ય તેમણે કરેલું. 'કરીમ મહમદનાં કાવ્યો અને લેખો'માં તેમની પચીસેક કવિતાઓ તથા પ્રકીર્ણ લેખો છે. 'ઇસ્લામની ઓળખ' વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ છે. ગુજરાતી ભાષામાં ઇસ્લામ વિષે આવો અભ્યાસપૂર્ણ ગ્રંથ બીજો નથી. 'મહાગુજરાતના મુસલમાનો' નામનો એમનો ગ્રંથ વડોદરા વિશ્વવિદ્યાલયે પ્રકટ કરવાનું સ્વીકાર્યું છે. 'પંજ સૂરા' અને 'મે'રાજ શરીફ' ઇસ્લામ ધર્મની કથાઓ પર રચાએલી એમની પદ્યરચનાઓ છે. તે સિવાય કેટલીક રચનાઓ અપ્રકટ છે: 'અસ્માઉલ હુસ્ના', 'ઇસ્લામની ઓળખ'ની સંવર્ધિત આવૃત્તિ, 'હઝરત મોહમ્મદ મુસ્તફા', 'પાર એ અમ્મા' ઈત્યાદિ. (સંકલિત)

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

શિક્ષણ (અને સાહિત્ય)ને જેમણે જીવન સમર્પણ કર્યું હતું એવા, વિદ્વાન પિતાના વિદ્વાન પુત્ર અતિસુખશંકર ત્રિવેદીનું ગઇ તા. ૧૬મી જાન્યુઆરીએ ૮૨ વર્ષની વયે સૂરતમાં અવસાન થયું.


યુવાવસ્થામા

નિકટના સ્નેહીઓ અને મિત્રોમાં પોતાના બાળપણના હુલામણા નામે જાણીતા એ ગમનભાઇનો જન્મ સૂરતના વડનગરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં ગુજરાતના નામાંકિત વૈયાકરણી અને શિક્ષણકાર રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીને ત્યાં ૧૮૮૫ની ૧૫મી મી એપ્રિલે થએલો. પિતા નોકરીને અંગે ફરતા રહેતા હોવાથી જુદેજુદે સ્થળે શિક્ષણ લઈને તેઓ ૧૯૦૪માં બી.એ., ૧૯૦૬માં એમ.એ. અને ૧૯૦૭માં એલએલ. બી. થયા; પણ વિદ્યા પ્રતિ રુચિ હોવાથી વકીલ થવાને બદલે અધ્યાપક થઇને વડોદરા કૉલેજમાં તત્ત્વજ્ઞાનના સીનિયર પ્રોફેસરના પદ સુધી પહોંચ્યા, અને તે પછી, નિવૃત્ત થયા ત્યાં સુધી નવસારીની ગાર્ડા કૉલેજના આચાર્યપદે રહ્યા.

અધ્યાપન જેટલું જ બલ્કે વધુ આગળપડતું કામ તેમણે મુંબાઈ (અને પાછળથી ગુજરાત) યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના સભ્ય તરીકે યુનિવર્સિટીના વહીવટી ક્ષેત્રે કર્યું. પણ છેલ્લે દક્ષિણ ગુજરાતની આગવી યુનિવર્સિટી માટેના પોતાના સ્વપ્ન માટે ખેડેલા જેહાદ અને પુરુષાર્થનું ફળ જોવા તેઓ કમનસીબે રહ્યા નહિ.

સાહિત્યક્ષેત્રે નાનામોટા સંખ્યાબંધ લેખો ઉપરાંત તેમની આગળપડતી કૃતિઓ તે 'નિવૃત્તિવિનોદ' અને 'સાહિત્ય વિનોદ.' ઉપરાંત 'ત્રિવેદી વાચનમાળા', 'ઇન્ડક્ટિવ ને ડિડક્ટિવ લૉજિક' જેવાં પાઠ્ય પુસ્તકો, 'જાપાનની કેળવણીની પદ્ધતિ' જેવા અનુવાદો તથા 'યુરોપના સુધારાનો ઇતિહાસ' જેવા અભ્યસનીય ગ્રંથો એમણે લખ્યા છે.

સૂરણ

સૂરણથી ભાગ્યે કોઈ અજાણ હશે. શાક તરીકેના ઉપયોગ ઉપરાંત વિશેષ પ્રમાણમાં ફળાહાર તરીકે તે વપરાય છે. આપણા ખોરાક તરીકે જેટલા પ્રકારનાં કંદમૂળ ઉપયોગમાં આવે છે એમાં સહુથી ઉત્તમ ખાદ્ય તેમજ ઔષધીય ખોરાક તરીકે સૂરણની ગણના છે.

સૂરણની બે જાતો થાય છે. એક લાલ, જે સામાન્યરીતે જંગલી સૂરણ તરીકે ઓળખાય છે. તે ખાવાથી એક પ્રકારની ખરજ ઊપડે છે અને મોઢું આવી જાય એવી તીવ્રતાવાળું તે હોય છે. બીજું સૂરણ સફેદ અને સ્વાદમાં મીઠું હોય છે. જે સામાન્ય રીતે ખોરાકના ઉપયોગમાં આવે છે. ઔષધીય ઉપયોગ માટે લાલ સૂરણ જ વિશેષ ગુણપ્રદ છે.

સૂરણને હરસ ઉપર રામબાણ ઔષધ ગણવામાં આવે છે. સૂરણનો મહત્ત્વનો ગુણ દીપન અને પાચન હેઇ એનો આંતરડાંનાં દરદ ઉપર વિશેષ ઉપયોગ છે: ખાસ કરીને મંદાગ્નિ, અજીર્ણ અને આમદોષ ઉપર; કેમકે સૂરણ સાચી ભૂખ લગાડે છે, પાચન કરે છે અને ખોરાકમાંથી છૂટા પડેલા પોષણકારક રસોનું શોષણ કરીને શક્તિમાં પરિવર્તન કરે છે. ખોરાક લીધા પછી પેટ ભારે થઈ જાય, ગૅસ થાય, ખાટા ઓડકાર આવ્યા કરે, પૂરું પાચન થતું ન હોવાથી પોષણની ખામીને કારણે નબળાઇ લાગ્યા કરે, આ બધી ફરિયાદોવાળા દરદીઓએ થોડો વખત ખોરાક બંધ કરીને કેવળ સૂરણનું શાક અને ખાટાંમીઠાં ફળો ઉપર જ રહેવાથી સારો ફાયદો થાય છે.

સૂરણનો એક મહત્ત્વનો ગુણ આંતરડાંમાં પેદા થતા કૃમિઓને દૂર કરવાનો છે. કૃમિઓને પેદા થવાનું મહત્ત્વનું કારણ આમજ દોષનો સંગ્રહ અને સડો હોય છે, જે સૂરણના સેવનથી દૂર થઈ જાય છે. આમજ દોષની બીજી ફરિયાદ ઉધરસ અને શ્વાસકાસ છે. જે ચીકાશ પચ્યા વિના પડી રહે છે તે સડે છે, એમાં વાયુ આથો પેદા થાય છે, અને એ છૂટો પડતો વાયુ ઊર્ધ્વગામી બનીને આમની ચીકાશને પણ હોજરીથી ઉપર ધકેલી અન્નનળીમાં લીપી દે છે. આપણે આ ચીકાશને કફ કહીએ છીએ. આ આમજ દોષને સૂરણ દૂર કરે છે.

સૂરણને નીચે જણાવેલા પુટપાક વિધિથી અગ્નિમાં પકવી, એમાં ચોખ્ખા તલનું તેલ અને જરૂર પૂરતું મીઠું કે સિંધવ નાખીને ખાવાથી હરસ મટી જાય છે. જરૂર પ્રમાણેનો સૂરણનો ટુકડો લઈ, એને ગોળ બનાવી, એના ઉપર એક ઈંચનો જાડો માટીનો લેપ કરી, સુકાઇ ગયે દેવતાના ભઠ્ઠામાં નાખી, માટી પાકીને લાલચોળ થઇ જાય એટલે કાઢી લેવો. ધીમેધીમે માટી કાઢી નાખવી. અંદરનું સૂરણ સુંદર બફાઇને ચડી ગયું હશે. આ વિધિને પુટપાક વિધિ કહે છે. એક માસ સુધી આવા સૂરણનું શાક ખાઇને કેવળ છાશભર રહેવાથી હરસ મૂળથી જાય છે.

સૂરણ પૌષ્ટિક અને શક્તિ આપનારું છે. શિયાળામાં એને આમલીનાં પાન સાથે બાફીને ઘીમાં તળીને ખાવાથી સારી શક્તિ મળે છે. આમલીનાં પાનની સાથે બાફવાથી એનો ખરજ પેદા કરવાનો ગુણ ચાલ્યો જાય છે અને પોષણ આપનારો ગુણ ઉપયોગી બને છે.

બરોળ વધી હોય તેવાને પણ સૂરણના પ્રયોગથી ફાયદો થાય છે. પંડિત હારિત શ્રીપાદે હાથીપગા ઉપર સૂરણને ઘી-મધ સાથે લસોટી એનો લેપ કરવાની તેમજ રસોળી ઉપર સૂરણના કંદને બાળી એની રાખ ઘી-ગોળમાં વાટી લેપ કરવાની ભલામણ કરી છે.

સૂરણ આટલું ઉપયોગી હોવા છતાં કેટલાંક દરદોમાં એનો ઉપયોગ ન કરવાનો નિર્દેશ છે. ખાસ કરીને કોઇને કોઈ જગ્યાએથી લોહી પડતું હોય તેવા રક્તપિત્તના દરદમાં, ચામડીના વિકારોમાં, અને ખસ ખરજવા કે કોઢ ઉપર, તેમજ લોહીની તાકાત નબળી પડી જેમને નાનાંમોટાં ગૂમડાં નીકળતાં હોય તેવા લોકોએ સૂરણનો ઉપયોગ મર્યાદિતરીતે વિવેકપૂર્વક કરવો. હૃદય નબળું પડચું હોય, અવારનવાર હૃદયમાં ધબકારા વધી જતા હોય, હૃદયની ગતિ મંદ કે તીવ્ર-વિષમ હોય તેવા લોકોએ પણ સૂરણ વિશેષ ન ખાવું જોઇએ.

(જન્મભૂમિ) —'ચિકિત્સક'

છઠ્ઠી કતારિયા

બે દેશ વચ્ચે લડાઈ થાય ત્યારે 'પાંચમી કતારિયા' નામે ઓળખાતા દેશદ્રોહીઓ સર્વત્ર કામે લાગી જાય છે તે તો હવે જાણીતું છે. ઉપરાંત,

છઠ્ઠી કતારિયાનો એવો જ એક બીજો વર્ગ વધુ વ્યાપક ક્ષેત્રમાં પોતાની જોખમી પ્રવૃત્તિ ચલાવતો હોય છે. પાંચમી કતારિયાઓની જેમ આ લોકો દેશના સીધા દુશ્મનો નથી હોતા, પરંતુ રાષ્ટ્રના રક્ષણ-પ્રયાસોને તે ઘણું નુકસાન પહોંચાડી શકે છે. એમને પ્રજાએ બરાબર ઓળખી લેવા ઘટે. એ છઠ્ઠી કતારિયાઓની એંધાણી આ છે:

(૧) અફવા ફેલાવનારા ગુસપુસિયા: તમને એકાદ ખૂણામાં લઈ જઇને, અત્યંત ગંભીરતાપૂર્વક અને ખાનગીમાં ખાનગી રીતે, આવી કોઈક પગ-માથા વગરની ને ભાન ભુલાવનારી અફવા એ કાનમાં કહેશે: 'તેજપુર ઉપર તો ચીની વિમાનોએ બૉંબમારો કર્યો', 'પાકિસ્તાને કાશ્મીરમાં લડાઈ આદરી દીધી' વગેરે.

(૨) ખણખોદિયા: બજારમાં અમુક દુકાને કે ચાની હોટેલમાં લહેરથી બેઠાબેઠા એ સરકારનાં કાર્યોની ઠેકડી ઉડાવતા હોય છે.

(૩) કાળમુખા: દરેક બાબતમાં સદંતર નિરાશાવાદી એ લોકો ભય અને ગભરાટ ફેલાવતા ફરે છે ને લોકોના લડાયક જુસ્સાને તોડી પાડે છે.

(૪) હરામ હાડકાંવાળા: એદીપણાને કારણે કે એક જાતની લઘુતાગ્રંથિને લીધે આવા લોકો પોતાને ફાળે આવતો બોજો બીજાની કાંધે વળગાડી દેતા હોય છે. કટોકટીના કાળમાં દરેકે દરેક માણસે અમુક ચોક્કસ જવાબદારી અદા કરવાની હોય છે ત્યારે આ લોકો દગડાઈ કરીને જવાબદારીમાંથી છટકી જતા હોય છે.


(૫) સંઘરાખોરો: હાડોહાડ સ્વાર્થસાધુ આ લોકોને વૈભવ ને વિશેષાધિકારો એકલાએકલા જ માણવા હોય છે—પછી ભલેને એમના પાડોશીઓ ઘણી વસ્તુઓ વિના ચલાવી લેતા હોય. સહુની સાથે વહેંચીને ખાવાના ભારતીય સંસ્કારથી તો એ સદંતર અસ્પૃશ્ય જ રહ્યા છે. પોતાની ક્ષુદ્ર વાસનાઓ સંતોષવાને ખાતર અપ્રાપ્ય ચીજવસ્તુઓને તે સંતાડી રાખતા હોય છે. પોતે જ ફુગાવો પેદા કરી રહ્યા છે તેની આ તકવાદીઓને કશી તમા નથી હોતી.

(૬) બગાડ કરનારાઓ: દેશમાં જે ચીજોની અછત હોય તેનો બચાવ કરવાની સરકારની વિનંતીઓ છતાં ઠંડે કલેજે એને વેડફનારાઓ. દાખલા તરીકે વીજળીની બત્તીઓ વિનાકારણ બળતી રાખનારા.

આ છ પ્રકારના છઠ્ઠી કતારિયાઓ ગરીબ તેમજ તવંગર બંને વર્ગોમાં હોય છે. માઓ ત્સે તુંગને માટે તો એ લોકો એની સેનાનાં તમામ ડિવિઝનો અને બૉમ્બર વિમાનો કરતાં યે વધુ મૂલ્યવાન છે.

[સ્ટેટ્સમૅન-મિલાપ] —શિયારામશરણ

દ્વારકાની નવી દીવાદાંડી



ભારતની દીવાદાંડી-સુધારણાની યોજના અનુસાર તૈયાર થએલી આ નવી દીવાદાંડી ૧૨૦ ફૂટ ઊંચી છે. અને રચના તથા એમાંની સાધન-સામગ્રીની દૃષ્ટિએ ભારતમાં એ સૌથી વધુ અદ્યતન છે. સારા હવામાનમાં ૪૯ કીલોમીટર અને ખરાબ હવામાનમાં ૨૯ કીલોમીટર દૂર સુધી પ્રકાશ ફેંકી શકતા એના શક્તિશાળી દીવાનો સચિત્ર પરિચય ૪૩૭મા અંકમાં આવી ગયો. ભારતની પશ્ચિમકંઠાર પર આવતાં ઇરાનના અખાત તરફનાં વહાણોને એ ઘણી માર્ગદર્શક નીવડશે. ચિત્રમાં દૂર ત્યાંની ૮૦ વર્ષ જૂની દીવાદાંડી દેખાય છે જેનો દીવો હવે તો 'રાસ' કરી દેવાયો છે.

વિજ્ઞાનવાર્તા

શુક્રની સજીવ સૃષ્ટિ

પૃથ્વીથી ૪૧૦ લાખ કીલોમીટર દૂર અને વિકાસના ક્ષેત્રે પૃથ્વી કરતાં ૨૫૦૦ થી ૩૫૦૦ લાખ વર્ષ પાછળ એવા શુક્રના ગ્રહ પર ૩૧૦ સેન્ટીગ્રેડ (૫૯૦° ફેરનહાઇટ) જેટલું ઉષ્ણતામાન હોવાનું જાણવા મળે છે. કાર્બન મિશ્રિત વાયુઓ અને પ્રાણવાયુની મેળવણી પણ ત્યાં હોવાનો અંદાજ છે. ત્યાં હાઇડ્રોજન કે શુદ્ધ પ્રાણવાયુ હોવા વિષેની માહિતી નથી, છતાં એવો સંભવ છે કે શુક્ર પર વનસ્પતિ અને અન્ય સજીવ સૃષ્ટિ વિકાસ પામી હશે ખરી છીપલાંના જીવ કે માછલી જેવી જીવ-સૃષ્ટિ ત્યાં નહિ હોય, પણ વિશિષ્ટ સ્વાદ અને ગંધવાળી શાકભાજી જેવી વનસ્પતિ ત્યાં થતી હશે જ એમ જર્મનીના નક્ષત્રભૌતિકશાસ્ત્રી ડૉ. રુડૉલ્ફનું માનવું છે.

∽

અનેક રીતે ઉપયોગમાં આવતું પાણી બાષ્પીભવનને કારણે ઘટવા માંડે એ કેમ પોસાય? ઍરિઝોના (અમેરિકા)માં એ માટે એક પ્રયોગ કરવામાં આવેલો. હેક્ઝાડીકૅનૉલ અને ઑક્ટાડીકૅનૉલ નામે બે રસાયણોનો પાણીની સપાટી પર છંટકાવ કરવાથી ૧૪ થી ૨૨ ટકા જેટલું બાષ્પીભવન ઘટાડી શકાયું હતું. એક અબજે માત્ર પાંચ ભાગ જેટલી માઠી અસર પણ પકડી પાડે એવી આકરી કસોટી દ્વારા એ પાણીના ઉપયોગની સલામતીની ખાતરી પણ કરી જોવાઇ હતી.

∽

આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ (IGY ઇન્ટરનૅશનલ જીઓફિઝિકલ ઈયર)ની પેઠે સંયુક્તપણે વૈજ્ઞાનિક સંશોધનાર્થે ઈ. ૧૯૬૪–'૬૫ના માટે 'આંતરરાષ્ટ્રીય શાંત સૂર્ય વર્ષ' (ઈન્ટરનૅશનલ ઈયર ઑવ ધ ક્વાએટ સન)ની યોજના હવે વિચારાઇ છે, જેની નેમ સૂર્ય અને એની પૃથ્વી પર થતી વિવિધ અસરોનો અભ્યાસ કરવાની છે. એમાં પૃથ્વીની આસપાસનું વાતાવરણ, ભૂચુંબકત્વ, અરોરા, ઍર ગ્લો, અયનમંડળ, કૉસ્મિક કિરણો અને સૂર્યને કારણે અસર પામતી અન્ય બાબતો વગેરે વિષેનાં સંશોધનોની આશા આ કાર્યક્રમ દરમિયાન રખાઈ છે.

∽

આ ફેબ્રુઆરી-માર્ચમાં મંગળનો ગ્રહ પૃથ્વીની વધુમાં વધુ નજીક આવે છે, એ વખતે એના પરથી આવતા ઈન્ફ્રા-રેડ પ્રકાશના સ્વરૂપના અભ્યાસ પરથી ત્યાંના વાતાવરણમાં પાણીની વરાળના પ્રમાણ વિષેની વિગતો મેળવવા 'સ્ટૅટોસ્કોપ-૨' નામની યોજના તૈયાર થઇ છે.

∽

આજની વૈજ્ઞાનિક સંસ્થાઓના એક અનિવાર્ય અંગ સમા 'વિજાણુ મગજ'-ઇલેક્ટ્રૉનિક બ્રેઈનની આશ્ચર્યકારક કામગીરી હવે અજાણી નથી. માનવમગજ પણ જે કરતાં બહેર મારવા માંડે એવી અટપટી ગણતરીઓ સહજમાં કરી નાખતાં આ યંત્રમગજો અમુક નિશ્ચિત પ્રકારની કામગીરી માટે જ તૈયાર થતાં હોઈ એ દરેકની રચના આગવી હોય છે. એથી એકબીજા યંત્રની કામગીરીને સાંકળી શકાતી નથી. આમ, 'બુદ્ધિશાળી' કહેવાતાં આ યંત્રો એકબીજાની તકલીફ સમજી શકતાં નહિ. પણ આખરે જર્મનીના પ્રો. વીલે આ કૃત્રિમ મગજને માટે 'અલગોલ' નામની એક યંત્રભાષાની રચના કરી છે! આવાં સર્વ યંત્રો સમજી શકે એવી આ અલગોલ ભાષા ગણિતના નિયમાનુસાર યોજેલા ૧૧૬ સંકેતોની બનેલી છે. એક યંત્ર પર કામનો બોજો વધી જાય તો બીજું યંત્ર 'અલગોલ'માં એની મુશ્કેલી સમજી લઇને એને મદદ કરી શકે છે!

૧૮ની સંખ્યા

ભારતીય લોકમાનસમાં ૧૮નું કંઈક ખાસ મહત્ત્વ અંકિત થએલું લાગે છે. એ અંકનું વિશિષ્ટ સ્થાન એકલા મહાભારત ('કુમાર' અંક ૪૬૫-૪૬૬)માં જ નહિ પરંતુ ભારતીય સંસ્કૃતિના અંગોમાં–ઉપનિષદો, વૈદિક જૈન અને બૌદ્ધ અનુગમો, તન્ત્રમાર્ગનાં સાહિત્યોમાં તથા લોકવ્યવહારમાં પણ જણાય છે. ઇશોપનિષદના મંત્ર ૧૮ છે, તો મુંડક-ઉપનિષદમાં ૧૬ ઋત્વિક્, યજમાન ને યજમાન-પત્ની એમ ૧૮ યજ્ઞરૂપ-યજ્ઞસાધન અદઢ હોવાનો ઉલ્લેખ છે. છાંદોગ્ય ઉપનિષદમાં પ્રાણાદિ અઢાર વસ્તુઓનો ઉલ્લેખ છે; 'બ્રહ્મવિદ્યા'માં દર્શાવ્યા પ્રમાણે બૌદ્ધમત મુજબ સંસારની કાર્યકારણ પરંપરા ૧૮ છે; વાક્યમાં થતા વાણીના તથા બુદ્ધિના નવ-નવ એમ અઢાર દોષો ને અઢાર ગુણો છે. પુરાણો ૧૮ છે; 'કૂર્મપુરાણ'માં દર્શાવ્યા પ્રમાણે દ્વંદ્વયુદ્ધના ૧૮ પ્રકાર છે; ભાગવતમાં ૧૮૦૦૦ શ્લોક છે ને ૧૮ સિદ્ધિઓનો ઉલ્લેખ છે; જરાસંધે મથુરા પર ૧૮ ચઢાઇ કરી હતી; 'કુમ્મેધ-જાતક'માં ૧૮ પ્રકારની વિદ્યા ગણાવાઈ છે; મનુસ્મૃતિમાં ૧૮ વ્યસન, ૧૮ વ્યવહાર-દાવાના પ્રકાર, કાળ માપવાના કોષ્ટકમાં ૧૮ નિમેષની એક કાષ્ઠા, ૧૮ સ્મૃતિકાર વગેરે ગણાવ્યાં છે; 'સ્થાનાંગ', 'સૂત્ર કૃતાંગ', 'આચારાંગ સૂત્ર અને આચારાંગ નિર્યુક્તિ', 'યશોવિજયજીની સજ્ઝાય', 'પં. સુખલાલજીના તત્ત્વાર્થ સૂત્ર', વગેરેમાં ૧૮ પાપસ્થાન, ૧૮ દિશાઓ, ૧૮ તપોની શ્રેણી વગેરેનો ઉલ્લેખ કરાયો છે; 'વાસુદેવ હિંડી' નામના ગ્રંથમાં એક જ બાળક સાથેના ૧૮ જાતના સંબંધોનું કથાનક છે; 'જૈનધર્મ ઔર દર્શન'-ખંડ ૨ જામાં ૧૮ પ્રકારની માર્ગણાનો ઉલ્લેખ છે; દુર્ગા ને મહ લક્ષ્મી એ ૧૮ હાથવાળી દેવીઓ છે; જૈનોના 'અઢાઇ જેસુ' સૂત્રમાં ૧૮,૦૦૦ અંગવાળાં શીલ બ્રહ્મચર્ય, સમવાયાંગ સૂત્રમાં ૧૮ પ્રકારનાં બ્રહ્મચર્ય; ને ૧૮ લિપિઓ; નિશીથભાષ્ય સૂત્રમા ૧૮ પ્રકારનાં અબ્રહ્મચર્ય, પ્રવ્રજ્યાને અયોગ્ય એવા ૧૮ પુરુષો, 'આચારાંગ સૂત્ર' પ્રથમ શ્રુત સ્કન્ધમાં ૧૮ હજાર પદો, સમવાયાંગ સૂત્રમાં નિર્ગ્રંથોનાં ૧૮ અતિચાર સ્થાનો, વગેરેનો ઉલ્લેખ છે. વળી એમાં પોષ માસમાં ૧૮ મુહૂર્તોનો દિવસ, અષાઢ માસમાં ૧૮ મુહૂર્તની રાત્રિ, 'અસ્તિ-નાસ્તિ પ્રવાદપૂર્વ'માં 'વસ્તુ' નામના ૧૮ વિભાગો વર્ણવ્યા છે તથા સહસ્રાર દેવલોકના અને બીજા કાલ, સુકાલ, મહાકાલાદિ વિમાનોના દેવતાઓનું વધુમાં વધુ આયુષ્ય ૧૮ સાગરોપમ છે અને તેઓ ૧૮ પખવાડિયે શ્વાસોચ્છ્વાસ લે છે, એવો ઉલ્લેખ છે; 'મહાવ્યુત્પત્તિ'માં ૧૮ આવેણિક બુદ્ધધર્મ, ૧૮ બોધિસત્ત્વ ધર્મ તથા ૧૮ ધાતુઓ વર્ણવી છે; શાંતિદેવ કૃત 'બોધિચર્યાવતાર'માં ૧૮ પ્રકારની શૂન્યતાનો ઉલ્લેખ કરાયો છે; 'જાતક' ખંડ ૧લામાં પ્રાચીન બુદ્ધનિકાય-સંપ્રદાય ૧૮ જણાવ્યા છે; 'સમાધિમાર્ગ'માં બૌદ્ધધર્મના મત મુજબ ૧૮ પ્રકારના આવાસો વર્જ્ય ગણ્યા છે; 'દીર્ઘનિકાય'માં સૃષ્ટિનાં આદિ સંબંધી ૧૮ ધારણાઓ છે; 'શબ્દરત્ન મહોદધિ' રૂપાદિ લક્ષણવાળી ૧૮ પરિશિષ્ટ વિદ્યાઓનો ઉલ્લેખ કરે છે; આયુર્વેદની સન્નિપાતજ્વરઘ્ન ૧૮ ઔષધિઓ છે; તંત્રશાસ્ત્રોક્ત પૂજનના કે સ્વાગતના ૧૮ ઉપચાર છે; ૧૮ પ્રકારનાં ધાન્ય છે; ગણિતમાં પરાર્ધ સુધીનો સંખ્યાક્રમ ૧૮ છે; 'દ્વાદશ મંજરિકા'માં ૧૮ દેશોનો ઉલ્લેખ છે; શિલ્પશાસ્ત્રના ૧૮ આચાર્ય છે; ૧૮ દ્વીપ છે; મૂળના પ્રકાર ૧૮ છે; 'વર્ણક-સમુચ્ચય' ભા. ૧માં ચક્રવર્તીની અનેકવિધ ઋદ્ધિઓ પૈકીની શ્રેણી, પ્રશ્રેણી, નામક ઋદ્ધિઓની સંખ્યા ૧૮-૧૮ની છે; વ્યાકરણ ૧૮ છે; ૧૮નો 'સર્વ' અર્થ થાય એ રીતે લોક કહેવતોમાં ઊંટનાં અઢારે વાંકાં, અઢારે વર્ણ, અઢાર ભાર વનસ્પતિ, વગેરે પ્રયોગો પ્રચલિત છે; સોળ આનાનો રૂપિયો સોળ કળાને અનુલક્ષીને છે, પણ મેવાડના એક રાણાએ ૧૮ આનાના રૂપિયાનું ચલણ કર્યું હતું!

(તુરતમાં પ્રસિદ્ધ થનાર 'ભારતરત્ન'માંથી) –ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

આફ્રિકી પત્રમિત્રો

Mr. Olumide Adegoke, P. O. Box 37. IJEBU ODE (Nigaria Africa) Age 16, Hobbies: Stamps, View-cards, Current Affairs, General Knowledge. ઉલ્લેખ: મહમી તાંબાવાલા, ૩૭ ભાજીપાલા લેઈન, મુંબાઈ-૩.

(1) Jayantilal B. Thakrar–25, P.O. Box 290, Tororo (Uganda), East Africa, Stamps–Collecting, F. D. Covers–Collecting, Photography, Pen–friendship; (2) Karim A. Karimjee, P.O. Box 1388, Mombasa, East Africa, Stamps, Current Affairs, Pen–friendship.

પત્રમિત્ર વિભાગના નિયમો આ પ્રમાણે છે. નામ પ્રકટ કરાવવા ઈચ્છનારે પોતાના જ હસ્તાક્ષરમાં અંગ્રેજીમાં પોતાનું સંપૂર્ણ નામ, પોતાના રહેઠાણનું પૂરું સરનામું, ઉંમર, શોખ, અભ્યાસ, વગેરે જણાવવાં; આ માહિતી નીચે પોતાના વાલી અગર શાળા-શિક્ષકની સહી કરાવવી.

ગણિત સરળ બનાવો

શ્રી માધવજી નરસી દેવળિયાએ સ્વાનુભવે શોધેલી ચાવીઓવાળી ઉપર્યુક્ત લેખમાળા ગયા વર્ષના જુલાઈથી શરૂ થઈ હતી અને સારો રસ જમાવ્યો હતો. નવેમ્બર માસ સુધીના પાંચ હપતામાં તેમણે ગુણાકારની રીતો બતાવેલી, ને એ જ રીતે ભાગાકાર, સરવાળા, બાદબાકી વિષે એટલા જ વિસ્તૃત રૂપમાં એમનું લખાણ તૈયાર હતું. પરંતુ અમારી પૃષ્ઠસંખ્યાની મર્યાદાને કારણે અમારે ન છૂટકે એ લેખમાળા અટકાવવાનો નિર્ણય કરવો પડે તેમ હતું. બીજી બાજુ આ રસમય વિષય અધૂરો રહે તે ખૂંચતું હતું. એવામાં 'અવેઈક' નામના એક અંગ્રેજી સામયિકમા એ જ વિષયનો એક ટૂંકો લેખ અમારા જોવામાં આવ્યો. એટલે વાચકોના રસને પૂરો કરવા માટે અમે તે લેખની તારવણી કરીને ભાગાકાર, સરવાળા ને બાદબાકીની રીતો દર્શાવતો એક ટૂંકો લેખ ડિસેમ્બર અંકમાં આપીને ગયા વર્ષ સાથે એ લેખમાળા પૂરી કરી. વાર્ષિક અનુક્રમણિકામાં એ લેખને જુદો બતાવવાનો રહી ગયો હોવાથી કોઇ એવી ગેરસમજણ ન કરી બેસે કે શ્રી માધવજીભાઇની આખી લેખમાળા આ રીતે અવતરિત હશે; એટલે એમને ન્યાય કરવા ખાતર આ ખુલાસો આવશ્યક બન્યો છે. છેલ્લો હપ્તો તો અમે જ અંગ્રેજી ઉપરથી તારવીને તૈયાર કર્યો છે અને શ્રી માધવજીભાઈની લેખમાળાનું કર્તૃત્વ તદ્દન સ્વતંત્ર છે.—તંત્રી

રુચિ સૌન્દર્યલક્ષી સામયિક

તંત્રી
ચુનીલાલ મડિયા

એક જાણીતા સાહિત્યસર્જકના તંત્રીપદ નીચે નીકળનારા માસિક વિષે જે ઉત્કંઠા સ્વાભાવિક રહે તે આખરે શમ્યા રતા, શ્રી ચુનીલાલ મડિયાના ઉપર્યુક્ત નવા માસિકનો, જાડા આર્ટ કાર્ડના પૂઠા પર શ્રી અમય ખટાઉના ત્રિરંગી ચિત્ર સાથેનો ૧૦૬ પાનાનો પહેલો અંક બહાર પડયો છે. સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુન્દરમ્, ઉમાશંકર જોષી, સ્નેહરશ્મિ, ગગન વિહારી મહેતા, રાજેન્દ્ર શાહ, જયંતી દલાલ, બાલમુકુંદ દવે, ઉશનસ્, જયંત પાઠક, નિરંજન ભગત, મકરન્દ દવે, પ્રિયકાન્ત મણિયાર, ગીતા પરીખ, પુષ્કર ચદરવાકર, નલિન રાવળ, દુર્ગેશ શુક્લ, મીનુ દેસાઈ, લક્ષ્મીનારાયણ પંડયા ને યોસેફ મૅકવાન સુધીના કવિઓ અને કલમકશોની કૃતિઓ, 'દર્શક' સરખા યશસ્વી નવલકારની ચાલુ વાર્તા, કે. એચ. આરા જેવા કલાકારનું મુખચિત્ર, જયંત દળવી અને મનસુખલાલ મો. ઝવેરીની નવલિકાઓ, વિનાયક પુરોહિત જેવાનું કલા-વિવેચન, 'ચકોર' જેવાનું માસિક કાર્ટૂન અને વાડીલાલ ડગલી સમા નિરીક્ષકની મુંબઈ ડાયરી, તથા સપાદકીય, ગ્રંથગરિમા વગેરે જેવા નિયમિત વિભાગો સાથેના આ અંકમાં તેના સૌન્દર્યલક્ષી ધ્યેયની ઝાંખી કરાવવાનો પ્રયત્ન જરૂર લાગે છે. અને તેમાં આપેલી આવતા અંકના બીજા લબ્ધપ્રતિષ્ઠ લેખકોની યાદી દર્શાવે છે તે પરથી આગામી અંકો ઉત્તરોત્તર ચડિયાતા નીકળવાની આશા આપે છે. વાર્ષિક લવાજમ રૂ ૧૦ રુચિ પ્રકાશન, ચન્દ્રલોક, વિલ્ડરનેસ રોડ, મલબારહિલ, મુંબાઇ–૬.

અનુસંધાન] **પશ્ચિમનું મહાજનમંડળ** [પૃષ્ઠ ૬૨થી

કલાકાર, ૮૦ જીઓચીનો રોઝિની : ઈટાલીઅન સંગીતકાર, ૮૧ રિચર્ડ કૉલ્ડન : અંગ્રેજ રાજપુરુષ અને અર્થશાસ્ત્રી, ૮૨ સર વૉલ્ટર સ્કૉટ : સ્કૉટિશ લેખક, ૮૩ જ્હૉન ચર્ચિલ (ડયૂક ઑવ માર્લબરો) : અંગ્રેજ રાજદ્વારી ને લશ્કરી નેતા, ૮૪ સર રિચર્ડ આર્કરાઈટ : અંગ્રેજ શોધક, ૮૫ જેમ્સ શેરિડન નોલ્સ : અંગ્રેજ નાટયકાર, ૮૬ સર ફ્રાંસિસ ડ્રેઈક : અંગ્રેજ નૌકાશાસ્ત્રી શોધસફરી ૮૭ બેન્જામિન ફ્રાંક્લિન : અમેરિકન તત્ત્વજ્ઞ, રાજનીતિજ્ઞ ને વિજ્ઞાની, ૮૮ બેન જૉન્સન : અંગ્રેજ નાટયકાર કવિ ૮૯ એડમન્ડ સ્પેન્સર : અંગ્રેજ કવિ, ૯૦ જેરેમી ટેલર : અંગ્રેજ ધાર્મિક નેતા ને લેખક, ૯૧ નિકોલસ કૉપરનિકસ : પૉલિશ ખગોળ-શાસ્ત્રી, ૯૨ માઈકલ ઍન્જેલો : ઈટાલીઅન ચિત્રકાર ને શિલ્પી, ૯૩ વિલિયમ હૉગાર્થ : અંગ્રેજ કલાકાર ને કટાક્ષચિત્રકાર, ૯૪ ક્રિસ્ટૉફર કોલમ્બસ : વિખ્યાત શોધસફરી, ૯૫ લૂઇ નેપોલિયન : ફ્રાંસનો રાજા, ૯૬ લૉર્ડ જ્હૉન રસેલ : અંગ્રેજ રાજનીતિજ્ઞ, ૯૭ ડૅની અલ ઓ'કોનેલ : આઇરિશ રાષ્ટ્રીય નેતા ને રાજપુરુષ, ૯૮ સર બેન્જામિન બ્રૉડી : અંગ્રેજ શસ્ત્રક્રિયા વિશારદ, ૯૯ ડેવિડ ગૅરિક : અંગ્રેજ અદાકાર, ૧૦૦ ડેવિડ હ્યૂમ : સ્કૉટિશ ફિલ્સૂફ અને ઇતિહાસલેખક, ૧૦૧ લૉરેન્સ સ્ટર્ન : અંગ્રેજ નવલનવેશ, ૧૦૨ ટૉમસ વૂલ્ઝી : અંગ્રેજ રાજપુરુષ ને ધર્મગુરુ, ૧૦૩ વિલિયમ પિટ (અર્લ ઑવ ચૅથામ) : અંગ્રેજ રાજનીતિજ્ઞ, ૧૦૪ સર સૅમ્યુઅલ રોમિલી : અંગ્રેજ ધારાસુધારક, ૧૦૫ સર એડવિન હેન્રી લૅન્ડસીઅર : અંગ્રેજ પ્રાણી ચિત્રકાર, ૧૦૬ સર વિલિયમ હર્શલ : અંગ્રેજ ખગોળશાસ્ત્રી. ૧૦૭ એડમંડ બર્ક : અંગ્રેજ રાજપુરુષ લેખક અને ફિલ્સૂફ, ૧૦૮ ઍન્ટોનિયો કૅનોવા : ઈટાલિયન શિલ્પી, ૧૦૯ જ્હૉન ડ્રાઈડન : અંગ્રેજ નાટયકાર અને કવિ, ૧૧૦ જ્હૉન સ્મીટન : અંગ્રેજ ઈજનેર, ૧૧૧ આલ્ફોન્ઝ દ લામાર્તાઈન : ફ્રેંચ કવિ અને રાજ-પુરુષ, ૧૧૨ જ્હૉન વૉકર : અંગ્રેજ અદાકાર, વક્તા ને કોષકાર.

આ માસ(ફેબ્રુઆરી)ઇતિહાસમાં-વ્યક્તિ-પ્રસંગ

વ્યક્તિવિશેષ
ટૉમસ આલ્વા એડિસન

જગતના સૌથી મહાન વ્યવહારુ વિજ્ઞાની અને પશ્ચિમની યાંત્રિક સંસ્કૃતિના પિતા જેવા મનાતા, તેજસ્વી શોધક ને વિજ્ઞાની ટૉમસ આલ્વા એડિસનનો જન્મ અમેરિકાના ઓહાયો પ્રાંતના મિનાન ગામમાં, ડચ પિતા તથા સ્કૉટિશ માતાને ત્યાં ૧૮૪૭ની ૧૧મી ફેબ્રુઆરીએ થએલો. લાકડાની મિલ ને દાણાની દુકાન ચલાવતા પિતા સાથે મિશિગન પ્રાંતના પૉર્ટ હ્યુરન ગામે જઈ વસેલા આલે ત્રણ માસનાશાળાજીવનમાં 'ઢગલાનાઢ'નું બિરુદ પામી જીવનના પહેલા પાઠો શિક્ષિકા માતા પાસે ભણીને પ્રોત્સાહન મેળવેલું.



નવ વર્ષની ઉંમરે પાર્કરના 'નૅચરલ ઍન્ડ એક્સ્પેરિમેન્ટલ ફિલૉસૉફી'ના વાચને એનામાં વિજ્ઞાનનો પ્રથમ રસ જગાડચો; ને પછી તો ઘરના ભોંયરામાંની પ્રયોગશાળામાં, કે પૉર્ટ હ્યુરનથી ડેટ્રૉઇટ વચ્ચેની ટ્રેઈનમાં 'ધ ગ્રાન્ડ ટ્રન્ક હૅરલ્ડ' નામનું પોતાનું ચોપાનિયું છાપતાં છાપતાં, એણે પોતાની શોધકવૃત્તિ કામે લગાડી, તેતેના નામે ૩૦૦૦થી યે વિશેષ શોધો ચડી ત્યાં લગી અવિરતપણે જારી જ રહી.

કોઈ સ્ટેશન માસ્તરના છોકરાને અકસ્માતમાંથી બચાવેલો તેના બદલામાં તાર મોકલવાનું શીખી એણે ઈ. ૧૮૬૪માં એ પદ્ધતિને દ્વિમાર્ગી સ્વયંસંચાલિત બનાવી; પાંચ વર્ષમાં કરેલી ચાર નવી શોધોના બદલામાં ૪૦ હજાર ડૉલર કમાઈ એણે પદ્ધતિસરની પ્રયોગશાળા સ્થાપી; અને પછી તો ટાઈપરાઇટર, ફોનોગ્રાફ, વિદ્યુત્-દીવા, ચલચિત્ર કૅમેરા, રેડિયોનો રીસીવિંગ સેટ વગેરે અગણિત શોધો માટે અણનમ પુરુષાર્થ ખેડીને, દઢાગ્રહી સંશોધન તથા અપાર ધૈર્ય વડે અને પોતાની વિશિષ્ટ શક્તિપ્રતિભાનાબળે એણે વીજળીના વિજ્ઞાનને વ્યાપારી હેતુઓ સારુ સિદ્ધ કરી જગતના ઉદ્યોગ અને મૂડીને માટે નવી સમૃદ્ધિના માર્ગો ઉઘાડી આપ્યા. પોતાની 'એડિસન ઇફેક્ટ'ના સિદ્ધાંતથી એણે દુરારાધ્ય આપત્તિઓને લીલયા પહોંચી વળતી અનેક પ્રભાવપૂર્ણ શોધો કરી.

પોતાની જાતને અખંડપણે કાર્યને હવાલે કરી દેતા એડિસનના દિવસોના દિવસો કામકાજથી ભરચક વીતવા છતાં તેની રમૂજવૃત્તિ સદા ય તાજી રહેતી, ને પોતાની 'ડિસ્પૅચ કેસ' (રમૂજો)ને બધે ફેલાવી ખડખડાટ હાસ્ય દ્વારા તેનો આનંદ માણીને તે કાર્યારંભ કરતો.

'બે ટકા પ્રેરણા ને ૯૮ ટકા પરસેવો' એ સિદ્ધાંતમાં પોતાની પ્રતિભાની વ્યાખ્યા આપતા આ પુરુષાર્થના પયગમ્બરનું ઈ. ૧૯૩૧ની ૧૮મી ઑક્ટોબરે ૮૪ વર્ષની વયે અવસાન થયું ત્યાંલગી એ નવાનવા કોયડાઓમાં સક્રિય જ રહેલો. મેન્લો પાર્કખાતે તેણે શોધેલા પ્રથમ સફળ વીજળિક દીવાના પ્રાકટ્યની તિથિ પણ વિરલયોગે તેના અવસાનના દિવસે જ આવેછે.

બે વાર પરણેલા એડિસનને છ સંતાન હતાં.

પ્રસંગવિશેષ : ટીપૂ સુલતાનની અંગ્રેજો સાથે સંધિ : ૨૩ ફેબ્રુઆરી ૧૭૯૨

મ્હૈસુરના સુલતાન હૈદરઅલીના હાથે વારંવાર પરાભવ પામ્યા બાદ એના ઉત્તરાધિકારી ટીપૂ સાથે ઈ. ૧૭૮૪ની ૧૧મી માર્ચે કરવી પડેલી સંધિથી અકળાઇને, તથા અમેરિકાનાં બ્રિટિશ સંસ્થાનોએ બળવો કરી મેળવેલી સ્વતંત્રતાથી લાગેલી નામોશી ધોઈ નાખવા માટે, એક યા બીજા પ્રકારે યુદ્ધનું બહાનું શોધતા ત્યારના ગવર્નર જનરલ લૉર્ડ કૉર્નવૉલિસને ટીપૂની ત્રાવણકોર પરની કહેવાતી ચડાઇએ યુદ્ધ જાહેર કરવાની તક આપી; અને 'ન્યાયી રાજાને પદભ્રષ્ટ કરવાની ડાકૂઓની સંધિ' તરીકે ઓળખાએલી પોતાની પ્રપંચ નીતિની જાળમાં મરાઠા તથા નિઝામને ચડાવીને શ્રીરંગપટ્ટણમ્ પર ત્રિપક્ષી હલ્લો કર્યો. એકલે હાથે ઝઝૂમીને મેળવેલી વિજયશ્રીથી અભિમાને ચડેલા ટીપૂને પણ છેવટે પોતાની પરિસ્થિતિ સમજાઇ; તો આ બાજુ પેશ્વાના મંત્રી નાના ફડનવીસની દરમિયાનગીરીથી અંગ્રેજોએ પણ મરાઠાઓની ઇચ્છાને અવગણવાની પોતાની અશક્તિ સમજી લીધી, અને ઇ. ૧૭૯૨ની ૨૩મી ફેબ્રુઆરીએ ટીપૂ સાથે સંધિ થઇ. આ સંધિથી ટીપૂને પોતાનું અર્ધું રાજ્ય, તથા દંડના ત્રણ કરોડથી યે વધારે રૂપિયા ન ભરાય ત્યાં લગી પોતાના બે સુકુમાર પુત્રોને બાહેંધરીમાં આપવા પડેલા. તેના આઘાતથી હતાશ બનેલો મ્હૈસુરનો આ નિઃસહાય વાઘ તે દિવસથી મૃત્યુ લગી જમીન પર જ સૂતેલો!

અથાણું

એક દારૂડિયો દારૂના ઘેનમાં સિગારેટ સળગાવીને બીજા દારૂડિયાના મોંમાં મૂકવા ગયો ત્યારે બીજા દારૂડિયાએ તેને પૂછ્યું, 'તું આ પેન મારા મોંમાં કેમ મૂકે છે?'

પહેલો દારૂડિયો બોલ્યો, 'આ પેન નથી પણ સિગારેટ છે; પણ કોણ જાણે મારું મોં ક્યાં ગુમ થઈ ગયું છે તેની ખબર નથી પડતી.'

'કેમ? તારો નાનો ભાઈ ક્યાં?'

'પડી ગયો'તો, એટલે ઇસ્પિતાલમાં છે.'

'શાથી?'

'અમે શરત મારેલી કે બારીએથી નમીને સૌથી વધારે કોણ ઝૂકે છે, એમાં એ જીત્યો.'

બે મિત્રો ઘણે લાંબે વખતે રસ્તે ભેગા થઇ ગયા. તેમાંના એકને બગલઘોડીનો આશરો લઇ ચાલતો જોઇ, બીજાએ પૂછ્યું: 'કેમ આમ?'

'છ માસ પર ઍક્સિડેન્ટ થઇ ગયો યાર.'

'ને હજી સુધી આ બગલઘોડી વાપરે છે?'

'શું કરું યાર? દાક્તર તો બાપડો ક્યારનો ય બગલઘોડી વાપરવાની ના પાડે છે, પણ મારો વકીલ હજી માનતો નથી.'

હજામ: તમે મારે ત્યાં બેસી ગયા છો એમ? મને તો તમારો ચહેરો યાદ પણ નથી આવતો.

ઘરાક: તે ક્યાંથી આવે? કારણ કે તમે કરેલા બધા ઘા હવે રૂઝાઇને સિકલ બદલાઈ ગઈ છે.

'તમે એને ફરિયાદી પર તૂટી પડતો જોયો ત્યારે મદદ કેમ ન કરી?'

'પણ સાહેબ, ફરિયાદી કોણ બનશે એ હું પહેલેથી કેમ જાણી શકું?'



એક નાના સ્ટેશને ટ્રેન ઊભી રહી. ડબામાંથી ડોકું કાઢી ભૂરાકાકાએ ઢબુ કાઢી પ્લૅટફૉર્મ પર ઊભેલા છોકરાને આપી કહ્યું: 'લે, બે કેળાં લઈ આવ; એમાંથી એક તારી મહેનતના બદલામાં તું રાખજે.' થોડી વારે ગાડી ઊપડી, ત્યાં દોડતોદોડતો પેલો ચેલકો આવીને કાકાને એક પૈસો આપતાં બોલ્યો: 'લ્યો, આ તમારો પૈસો. એની પાસે એક જ કેળું હતું તે મેં લઈ લીધું છે!'

કરવત કાતર કુજન, એ વ્હેરી જુદાં કરંત,
સૂઈ સુહાગો સજ્જન એ ભાંગ્યાં તે સાંધંત.


સ્વામી વિવેકાનંદને પોતાને ત્યાં રાતવાસો આપનાર એક ખૂબ શ્રીમંત અમેરિકન બાનુ રાત્રે એમના ઓરડામાંથી આવતો રુદનનો અવાજ સાંભળી ત્યાં દોડી ગયાં. જુએ છે તો સ્વામીજી નીચે સાદડી પર પડ્યા પડ્યા નાના બાળકની જેમ રડતા હતા! કારણ પૂછતાં જણાયું કે પોતાને ખૂબ આદરપૂર્વક મળેલી આ મુલાયમ, કીમતી ને હૂંફાળી પથારીમાં સૂતાંવેંત એમને પોતાના એ દેશબાંધવો સાંભરી આવ્યા જેમને સૂવાને પથારી તો શું પણ માથું ટેકવવાને ઇંટ સુદ્ધાં મળતી ન હતી.

કહેવતોની કથા: 'હવેલી લેતાં ગુજરાત ખોઈ'—મરાઠા અમલમાં પેશ્વા બાજીરાવ બીજાનો આબા સેલૂકર નામે સૂબો અમદાવાદમાં હકૂમત પર હતો. તે ચોપાટ વગેરે રમતોનો રસિયો અને ખૂબ વિલાસી હોવાથી અમદાવાદમાંના ગાયકવાડના પ્રતિનિધિનો દેવાદાર થઈ ગયો. એનો કાંટો કાઢવા સૂબાએ એના મથક, ખુદ ગાયકવાડની હવેલી ઉપર જ હલ્લો કર્યો. આથી ગાયકવાડે ગુસ્સે થઈ અમદાવાદ પર લશ્કર મોકલી તે જીતી લઈ આખા ગુજરાત પર કબજો મેળવી લીધો. તે પરથી લોકોએ કહેવત જોડી કે "હાથમાં દંડો બગલમાં મોઇ, હવેલી લેતાં ગુજરાત ખોઇ." બીજાનું પડાવી લેવાનો પ્રયત્ન કરનાર અશક્ત માણસ પોતાનું પણ ગુમાવી બેસવાની મૂર્ખાઈ કરે તેને માટે ત્યારથી આ કહેવત વપરાતી થઈ.

એકાદ બરડ પણ હલકા કાગળમાંથી સાથેના ચિત્ર મુજબનો એક ક્રૉસ કાપી કાઢો અને એમાં બતાવેલાં ટપકાં પર ગડી પાડી દો. પછી એકાદ બૂચમાં સોય ખોસી, એની



અણી પર એ ક્રૉસ સમતોલ રીતે ભરાવી દઈ, અગાઉથી ગરમ કરેલો એક ગ્લાસ તેના પર ઢાંકી દો. હવે તમારા મિત્રોને કહો કે ગ્લાસ ઉપાડ્યા વિના પણ તેમનામાંના કોઈના પણ તરફ ક્રૉસનું અણીદાર પાંખિયું તમે ફેરવી શકશો. એના માટે તમારે કરવાનું એટલું જ કે જેની સામે એ પાંખિયું ફેરવવાનું હોય એ બાજુની ગ્લાસની બાજુ રેશમી રૂમાલથી થોડી ઘસી કાઢવી આથી ગ્લાસ ધન વિદ્યુન્મય બનશે અને તેના આકર્ષણથી ક્રૉસ પણ વિદ્યુન્મય બની ફરશે.



પોસ્ટકાર્ડ જેવા પાતળા પૂઠામાંથી આ આકૃતિ પ્રમાણેના ચાર જુદાજુદા ચડઊતર ગોળાકાર કાપી, એમાં દર્શાવ્યા પ્રમાણે આંકડા લખીને પછી ચારેને મધ્યબિંદુમાંથી ટાંકણી કે ફૂદડી જેવા સાધન વડે જોડી દો. હવે જોશો તો જણાશે કે એમાં સીધી લીટીએ આવતાં સાતે ખાનાંની રકમનો સરવાળો (આ સાલના આંકડા જેટલો) ૧૯૬૩ જ આવશે; એટલું જ નહિ, પરંતુ એ ચારેમાંથી ચાહો તેટલા ગોળાકારોને ચાહો તેમ ફેરવતાં પણ સીધી લીટીએ આવતાં કોઈ પણ સાતે ખાનાંનો સરવાળો પણ એ જ આવશે. આમાંના કોઈ પણ ગોળાકારની બધી રકમોમાં અમુક વધારો કે ઘટાડો કરીને સરવાળાની રકમમાં ફેરફાર કરી શકાય. (માધવજી દેવળિયા)



વીજાણુથી માહિતીની ગોઠવણી કરી આપતા એક અમેરિકી યંત્ર 'ડીલર' અટપટી ગણતરીઓ કરવા ઉપરાંત 'બ્લૅકજૅક' અથવા 'ટ્વેન્ટી-વન' નામની પાનાની રમતમાં પાનાં વહેંચી શકે છે, રમત રમી શકે છે ને જીતી પણ શકે છે.

તમારું ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઈએ: કકાટિયો, કગરસ, કચાટ, કચારો, કડાર, કરકટી, કરવાલ, કલાદ, કલોડી, કવાયું, કસડો, કળો; કંડાર, કંબા.

જવાબ: ચકમકનો પથ્થર, ધાતુને છોલતાં પડેલી ઝીણી રજ, હઠીલું, ભયાનક સ્વપ્ન, માંજરું, ઠાઠડી, તલવાર, સોની, વાછડી, પ્રતિકૂળ, કમરબંધ, આવેશ, નકસી, વાંસ ચીપ.




બે પ્રકારની મુખાકૃતિ ધરાવતા ચહેરાનાં તો તમે ઘણાં ચિત્રો જોયાં હશે, પણ એવા ત્રણ પ્રકાર ધરાવતો આવો ચહેરો જોએલો?

૦ થી ૯ સુધીની બધી સંખ્યાઓનો સરવાળો ૧૦૦ થાય તે માટેની નવી રીતો:

(૧) ૯૪ + ૧૫૭૮/૨૬૩ + ૦ = ૧૦૦
(૨) ૯૬ + ૨૧૪૮/૫૩૭ + ૦ = ૧૦૦
(૩) ૯૬ + ૧૭૫૨/૪૩૮ + ૦ = ૧૦૦
(૪) ૯૬ + ૧૪૨૮/૩૫૭ + ૦ = ૧૦૦
(૫) ૯૧ + ૭૫૨૪/૮૩૬ + ૦ = ૧૦૦
(૬) ૯૧ + ૫૮૨૩/૬૪૭ + ૦ = ૧૦૦
(૭) ૯૧ + ૫૭૪૨/૬૩૮ + ૦ = ૧૦૦
(૮) ૮૨ + ૩૫૪૬/૧૯૭ + ૦ = ૧૦૦
(૯) ૮૧ + ૭૫૨૪/૩૯૬ + ૦ = ૧૦૦
(૧૦) ૮૧ + ૫૬૪૩/૨૯૭ + ૦ = ૧૦૦
(૧૧) ૩ + ૬૯૨૫૮/૭૧૪ + ૦ = ૧૦૦



કલાકણિકા: પંદરમી સદીની શરૂઆતમાં સ્પેનમાં બનેલા એક વાડકાની અંદર ચમકદાર આસમાની રંગનું ફિરંગી જહાજનું આલેખન.



વિશિષ્ટ વરાહમૂર્તિ

(ગુજરાતનું પ્રાચીન શિલ્પ)

ઉત્તર ગુજરાતમાં વિજાપુરથી આઠ માઈલ દૂર વિહાર ગામની ઉત્તરે અરધા માઈલ પર સીમમાં વેરીઆ હનુમાન પાસેથી આ પ્રાચીન વરાહ સ્વરૂપની મૂર્તિ મળી આવી હતી. વિહાર ગામનું મૂળ નામ વરાહનગર હોવાની લોકોક્તિ છે. વિષ્ણુધર્મે કલ્પેલા દશ અવતારોનાં મંદિરો ઈ. સ. ૬૦૦થી આજ સુધી બનતાં જ રહ્યાં છે. પાંચમી શતાબ્દી પહેલાં મોટે ભાગે મૂર્તિઓ દ્વિભુજ બનતી.

આ મૂર્તિના શિલ્પવિધાનમાં એક ખાસ વિશેષતા એ છે કે આમાં વિષ્ણુના બધા જ અવતારોનો સમાવેશ કર્યો છે. મૂર્તિનું આસન કાચબા (કૂર્મ)નું છે; ને વરાહના ચાર પગ વચ્ચે મત્સ્ય મૂકવામાં આવ્યો છે, જે મત્સ્યાવતારનો સૂચક છે. ઊભો વરાહ અને તેની દાઢમાં પૃથ્વી મૂકીને તેને પૃથ્વી આગળની વિષ્ણુમૂર્તિના માથા પર ટેકવી છે. પાસે લક્ષ્મીજીની ઊભી મૂર્તિ છે. આગળ બ્રહ્મા, જમણી બાજુએ નારદની વીણાધારી બેઠી મૂર્તિ અને જમણી બાજુએ બુદ્ધની ધ્યાનસ્થ મૂર્તિ, આ બધું વિષ્ણુના અવતારોનું જ વિધાન છે. નોંધવાપાત્ર વિશેષતા એ છે કે આ બધી જ મૂર્તિઓ દ્વિભુજ છે.

વરાહના શરીર પર અને ગળા પર થઈ પાંચ પંક્તિમાં જુદાજુદા પ્રસંગો કોતરેલા છે. તેમાં ખાસ પ્રસંગો સમુદ્રમંથન (પંક્તિ ૧) દેવાસુર-સંગ્રામ (પંક્તિ ૨) અને રામવનવાસના પ્રસંગો (પંક્તિ ૩) છે. સમુદ્રમંથન કરતાં નીકળેલાં ચૌદ રત્નો પણ આ મૂર્તિના પૃષ્ઠ ભાગે કોતરેલાં છે. મોહિની રૂપે વિષ્ણુએ અસુરોને મોહ પમાડીને સુરાપાન કરાવ્યાનો પ્રસંગ પણ કોતર્યો છે. પૂંછડાના ભાગ નીચે કુંભ મૂકયો છે, જેની આજુબાજુ ચાર મૂર્તિઓ છે. કદાચ ધન્વંતરીના કુંભનો આ સૂચક હશે. દશ દિક્પાળો પણ આમાં કોતરેલા છે (ચાર પગે બબ્બે, એક નીચે ને એક ઉપર.) કાન પર અશ્વિનીકુમારો છે અને મુખના શિરોભાગ પર શેષશાયી વિષ્ણુ છે.

(ફૉર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક) —કચરાલાલ શવજીભાઈ સોની